અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ જુલાઈ ૨૦૨૫, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ વદ ૩
વર્ષ : ૧૭
અંક : ૧૪
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### કોકપીટમાં થયેલ બે પાયલોટ વચ્ચેનું રેકોર્ડિંગ સામે આવ્યું

## એર ઇન્ડિયાની B787-8 વિમાન દુર્ઘટનાની પ્રાથમિક તપાસમાં થયા ચોંકાવનારા ખુલાસા

### રિપોર્ટ્સ પ્રમાણે એન્જિનના ઈંધણ નિયંત્રણ સ્વીચ અચાનક બંધ થવાથી બંને એન્જિન બંધ થઇ ગયા, જેના કારણે વિમાન ઊંચાઇ પામ્યા વિના જ દુર્ઘટનાગ્રસ્ત થયું હતુ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

૧૨ જૂન ૨૦૨૫ના રોજ બપોરે લગભગ 13:39 એર ઈન્ડિયાના AI171 વિમાન અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથકેથી ઉડાન ભરી ત્યારબાદ થોડી જ વારમાં ક્રેશ થઈ ગયું હતો. આ વિમાન મુસાફરોને લઈને અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. દુર્ઘટનાની પ્રાથમિક તપાસ ભારતમાં સિવિલ એવિએશન મંત્રાલયના Aircraft Accident Investigation Bureau (AAIB) દ્વારા કરવામાં આવી રહી છે. અમદાવાદ પ્લેન ક્રેશના પ્રાથમિક રિપોર્ટમાં ચોંકાવનારી ખુલાસાઓ થયાં છે. વિમાનમાં કુલ ૨૪૨ લોકો હતા (૨૩૦ મુસાફરો, ૧૦ કેબિન ક્રૂ અને ૨ પાઈલટ). આ દુર્ઘટનામાં ૨૬૦ લોકોના મૃત્યુ થયા જેમાં પાઈલટ અને કોપાઈલટ સહિત વિમાનમાં બેઠેલા તમામ મુસાફરો અને નજીકની ઈમારતોમાં રહેલા ૧૯ લોકો સામેલ છે. એક વ્યક્તિ સદનસીબે બચી ગયો હતો. વિમાને ઈઉરૂ ૨૩ પરથી ઉડાન ભરી અને લગભગ ૦.૯ NM અંતરે BJ મેડિકલ કોલેજ હોસ્ટેલ પર અથડાયું હતું. તપાસ રિપોર્ટ્સ પ્રમાણે એન્જિનના ઈંધણ નિયંત્રણ સ્વીચ અચાનક બંધ થવાથી બંને એન્જિન બંધ થઈ ગયા, જેના કારણે વિમાન ઊંચાઈ પામ્યા વિના જ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.એર ઈન્ડિયાનું આ વિમાન અનેક ઝાડો અને ૫ ઈમારતો સાથે અથડાયું હતું. મકાનોમાં આગ લાગતા મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. વિમાની વિવિધ ઘટકો (એન્જિન, વિંગ, લેન્ડિંગ ગિયર, ફ્લાઈટ ડેક) તણખલા જેમ ઉડીને આસપાસ છૂટા પડ્યા હતાં. વિમાન સંપૂર્ણપણે નષ્ટ થયું હતું માત્ર કાટમાળ જ રહ્યો હતોએર ઈન્ડિયાના AI171 વિમાન જે પાઈલટ અને કોપાઈલટ ચલાવી રહ્યાં હતા તે બંને અનુભવી અને યોગ્ય લાયસન્સ ધરાવતા હતા. એટલું જ નહીં પરંતુ પાયલટોએ દુર્ઘટનાની પૂર્વે પૂરતો આરામ મેળવી લીધો હતો. દુર્ઘટનાના સમયે હવામાન અનુકૂળ હતું (વિઝિબિલિટી ૬૦૦૦ મીટર, કોઈ વાદળ પણ નહોતા). વિમાનમાં ચાર સ્ઈન ખામીઓ (ફ્લાઈટ ડેક ડોર કેમેરા, FD પ્રિન્ટર વગેરે) જણાતી હતી. તપાસ દરમિયાન throttle quadrant અને ફ્યુઅલ કન્ટ્રોલ સ્વીચ 'RUN' માંથી 'CUTOFF' થવાની ઘટના તપાસમાં સામે આવી છે.Cockpit Voice Recorder y™u Flight Data Recorderમાંથી માહિતી મળી છે જેમાં Take-Off બાદ થનારી વિમાની ગતિશીલતા અને પાઈલટ વચ્ચે થયેલી વાતચીત રેકોર્ડ થઈ છે. રેકોર્ડિંગ પ્રમાણે બંને એન્જિન ટેકઓફ પછી અચાનક બંધ થયા અને થોડીક જ સેકન્ડ બાદ ફરીથી ચાલુ કરવાનો પ્રયાસ થયો પણ અપર્યાપ્ત ઊંચાઈને કારણે વિમાનથી ક્રેશ થયું હતું. કોકપીટ રેકોર્ડિંગમાં એક પાઈલટ બીજાને પૂછે છે, 'તમે એન્જિન કેમ બંધ કર્યું?' તો સામે જવાબ મળ્યો કે, 'મેં નથી કર્યું'. જેથી એવું પણ સંભવ છે કે, ઈંધણ નિયંત્રણ સ્વીચનું અજાણતા કટ-ઓફ અથવા તકનીકી ખામી હોઈ શકે છે. એન્જિન ૧ રિકવર થવા લાગ્યું પણ એન્જિન ૨ સંપૂર્ણપણે રિકવર થઈ શક્યું નહીં. જેથી વિમાન ઝડપથી ઊંચાઈ ગુમાવી બેઠું અને અમદાવાદ નજીક બીજે મેડિકલ કોલેજ હોસ્ટેલમાં અથડાયું હતું.એન્જિન અને વિમાની ભાગોનું વિશ્લેષણ હજી પણ ચાલી રહ્યું છે. ઈંધણના નમૂનાની ચકાસણી DGCA લેબમાં કરવામાં આવી છે. બચેલા એક મુસાફર અને સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા છે. ફ્લાઈટ રેકોર્ડર (EAFR) ડેટા સફળતાપૂર્વક મેળવવામાં આવ્યો છે

### ત્રણ ન્યાયાધીશોની બેન્ચ આ અરજી પર સુનાવણી કરશે

## ત્રિરંગાના રાજકીય-ધાર્મિક ઉપયોગ પર રોક માટે સુપ્રીમ કોર્ટમાં અરજી

### સુપ્રીમાં થયેલી અરજીમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે કોઈપણ રાજકીય પક્ષ ત્રિરંગા પર પોતાના પક્ષનું પ્રતીક કે ધાર્મિક પ્રતીક લગાવી શકે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

રાજકીય અને ધાર્મિક હેતુઓ માટે રાષ્ટ્રધ્વજ ત્રિરંગાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરતી એક મહત્વપૂર્ણ અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને નિર્દેશ આપવા માટે કહેવામાં આવ્યું છે કે કોઈપણ રાજકીય પક્ષ અથવા ધાર્મિક જૂથને પક્ષપાતી અથવા ધાર્મિક હેતુ માટે રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કરવાથી અટકાવવામાં આવે. આ અરજીમાં રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧ અને ભારતીય ધ્વજ સંહિતા, ૨૦૦૨ની જોગવાઈઓનો કડક અમલ કરવા માટે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપવા વિનંતી પણ કરવામાં આવી હતી જેથી રાષ્ટ્રધ્વજનું સંપૂર્ણ સન્માન થાય. મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ, ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન અને ન્યાયાધીશ એન.વી. અંજારિયાની બેન્ચ આ અરજી પર સુનાવણી કરશે. આ અરજી ૧૪ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટની બેંચ સમક્ષ સુનાવણી માટે રજૂ કરવામાં આવશે. અરજદારે કોર્ટને અપીલ કરી છે કે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને સ્પષ્ટ સૂચના આપવામાં આવે કે રાષ્ટ્રધ્વજ પર પક્ષનો લોગો, ધાર્મિક પ્રતીક અથવા કોઈપણ પ્રકારનો લખાણ ઉમેરવામાં આવે તેવા કોઈપણ પ્રયાસને રોકવામાં આવે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે રાજકીય કે ધાર્મિક પ્રતીક તરીકે ત્રિરંગાનો ઉપયોગ માત્ર બંધારણની ભાવનાની વિરુદ્ધ નથી, પરંતુ તે રાષ્ટ્રીય સન્માન અધિનિયમ, ૧૯૭૧ અને ભારતીય ધ્વજ સંહિતા, ૨૦૦૨નું પણ ઉલ્લંઘન છે. અરજદારે માંગ કરી છે કે આ કાયદાઓનું કડક પાલન કરવામાં આવે જેથી ત્રિરંગાનું સન્માન હંમેશા જળવાઈ રહે. અરજીમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે કોઈપણ રાજકીય પક્ષ ત્રિરંગા પર પોતાના પક્ષનું પ્રતીક કે ધાર્મિક પ્રતીક લગાવી શકે નહીં. આ અપીલ ત્યારે સામે આવી છે જ્યારે ઘણી વખત ચૂંટણી રેલીઓ, ધાર્મિક કાર્યક્રમો કે વિરોધ પ્રદર્શનોમાં ત્રિરંગાને પક્ષના પ્રતીક સાથે જોડવામાં આવ્યો છે, જે તેની ગરિમાને ઠેસ પહોંચાડી શકે છે.

અરજીકર્તાએ સુપ્રીમ કોર્ટને અપીલ કરી છે કે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને આવા કિસ્સાઓમાં કડક કાર્યવાહી કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવાનો નિર્દેશ આપે. અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સંબંધિત સંસ્થાઓએ ખાતરી કરવી જોઈએ કે રાષ્ટ્રધ્વજનો ઉપયોગ કોઈપણ રાજકીય લાભ કે ધાર્મિક એજન્ડા માટે ન થાય.

### ફાઈનલ રિપોર્ટ ન આવે ત્યાં સુધી નિષ્કર્ષ ઉપર ન પહોંચી શકાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

૧૨ જૂન ૨૦૨૫ના રોજ અમદાવાદમાં સર્જાયેલી વિમાન દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી મૂક્યો હતો. આ ભયાનક અકસ્માતમાં ૨૪૧ મુસાફરો અને ક્રૂ મેમ્બરની સાથે અન્ય ૧૯ લોકોના મૃત્યુ થયા હતા. આવી સ્થિતિમાં હવે આ અકસ્માતના એક મહિના પછી શનિવારે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) એ પ્રાથમિક રિપોર્ટ જાહેર કર્યો છે. બીજી તરફ હવે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ આ રિપોર્ટ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, આ એક પ્રારંભિક તપાસ રિપોર્ટ છે અને AAIBનો ફાઈનલ રિપોર્ટ ન આવે ત્યાં સુધી કોઈ પણ સત્તાવાર નિષ્કર્ષ પર ન પહોંચી શકાય. નાયડુએ કહ્યું કે, આ રિપોર્ટ હાલમાં પ્રારંભિક તબક્કામાં છે અને મંત્રાલય તેમાં સામે આવેલી બાબતોનું વિશ્લેષણ કરી રહ્યું છે. મંત્રાલય દ્વારા અમે તેનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરી રહ્યા છીએ. AAIB એક સ્વતંત્ર સંસ્થા છે અને અમે તેમને શક્ય તમામ સહયોગ આપી રહ્યા છીએ. અમને આશા છે કે, અંતિમ રિપોર્ટ ટૂંક સમયમાં આવશે જેથી અમે કોઈ મજબૂત નિષ્કર્ષ પર પહોંચી શકીએ.

### આગામી ત્રણ દિવસને લઈને IMDનું એલર્ટ

## આગામી ત્રણ દિવસમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની આગાહી કરાઈ

**મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતના વિસ્તારોમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિ ભારે વરસાદ પડશે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

આગામી ત્રણ દિવસને લઈને હવામાન વિભાગે ભારેથી અતિ ભારે વરસાદ થવાની આગાહી કરી છે. હવામાન વિભાગે શનિવારે આ ચેતવણી જારી કરી છે અને દેશના ત્રણ રાજ્યોમાં એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૪થી૧૬ જુલાઈ દરમિયાન જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ૧૩થી ૧૮ જુલાઈ દરમિયાન હિમાચલ પ્રદેશ, ૧૩-૧૮ જુલાઈ દરમિયાન ઉત્તરાખંડ, ૧૬મીએ પંજાબ, ૧૬મીએ હરિયાણા, ચંદીગઢ, ૧૪મીએ દિલ્હી, ૧૩મી જુલાઈએ પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને ૧૭મી જુલાઈએ પૂર્વ પ્રદેશમાં ભારે વરસાદની શક્યતા છે. ૧૪-૧૭ અને રાજસ્થાન ૧૩-૧૬ જુલાઈ દરમિયાન. આ ઉપરાંત ૧૩મીએ ઉત્તરાખંડમાં, ૧૩મીએ ઉત્તર પ્રદેશમાં, ૧૩-૧૫મી જુલાઈ દરમિયાન પશ્ચિમ રાજસ્થાનમાં, ૧૩-૧૪મી જુલાઈ દરમિયાન પૂર્વી રાજસ્થાનમાં ભારે વરસાદની સંભાવના છે. ૧૩-૧૮ જુલાઈ દરમિયાન મધ્ય પ્રદેશમાં પૂર્વ અને મધ્ય ભારતમાં, ૧૩ અને ૧૬ જુલાઈ દરમિયાન છત્તીસગઢમાં, ૧૩-૧૫ જુલાઈ દરમિયાન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં, ૧૫-૧૭ જુલાઈ દરમિયાન બિહારમાં, ૧૩-૧૫ જુલાઈ દરમિયાન ઝારખંડ, ઓડિશામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે.

## વડાપ્રધાન મોદીએ ૫૧ હજાર યુવાનોને આપ્યા નિમણૂક પત્રો

### ૧૬મા રોજગાર મેળા દરમિયાન મોદીએ યુવાનોને સરકારી નોકરીઓ માટે નિમણૂક પત્રો સોંપ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

શનિવારે ૧૬મા રોજગાર મેળા દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં ૫૧ હજારથી વધુ યુવાનોને સરકારી નોકરીઓ માટે નિમણૂક પત્રો સોંપ્યા હતા. પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યુવાનોને નિમણૂક પત્રો આપ્યા હતા. આ બાદ, પીએમ મોદીએ યુવાનોને પણ સંબોધન કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, કેન્દ્ર સરકારમાં યુવાનોને કાયમી નોકરીઓ આપવાનું અમારું અભિયાન ચાલી રહ્યું છે. પીએમ મોદીએ રોજગાર મેળા દરમિયાન યુવાનોને સંબોધન કરતા કહ્યું કે, આજે ૫૧ હજારથી વધુ યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે. આવા રોજગાર મેળાઓ દ્વારા લાખો યુવાનોને ભારત સરકારમાં કાયમી નોકરીઓ મળી છે. પીએમ મોદીએ કહ્યું કે, હવે આ યુવાનો રાષ્ટ્ર નિર્માણમાં મોટી ભૂમિકા ભજવી રહ્યા છે. આજે પણ, તમારામાંથી ઘણા લોકો ભારતીય રેલવેમાં ફરજો શરૂ કરી ચૂક્યા છે. ઘણા સાથીઓ હવે દેશની સેવાના રક્ષક બનશે. ટપાલ વિભાગમાં નિયુક્ત સાથીઓ હવે સરકારની સુવિધાઓ દરેક ગામ સુધી પહોંચાડશે. ઘણા સાથીઓ હેલ્પ ફોર ઓલ મિશનના સૈનિકો હશે, ઘણા યુવા ફાઈનાન્સર્સ સમાવેશ એન્જિનને વધુ વેગ આપશે. પીએમ મોદીએ કહ્યું કે, તમારા વિભાગો અલગ છે, પરંતુ ઉદ્દેશ્ય એક છે રાષ્ટ્ર સેવા, સૂત્ર એક નાગરિક પ્રથમ. પીએમ મોદીએ કહ્યું કે, તમને દેશના લોકોની સેવા કરવા માટે ખૂબ મોટું પ્લેટફોર્મ મળ્યું છે. આ સાથે, પીએમ મોદીએ તમામ યુવાનોને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી. પીએમ મોદીએ કહ્યું કે, દુનિયા માને છે કે ભારતમાં બે અમર્યાદિત શક્તિઓ છે. એક છે ડેમોગ્રાફી અને બીજું છે લોકશાહી, એટલે કે સૌથી મોટી વસ્તી અને સૌથી મોટી લોકશાહી. યુવાનોની આ શક્તિ સૌથી મોટી મૂડી છે અને આપણા ભારતના ઉજ્જવળ ભવિષ્યની સૌથી મોટી ગેરંટી છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, અમારી સરકાર આ મૂડીને સમૃદ્ધિનો સ્રોત બનાવવા માટે દિવસ-રાત કામ કરી રહી છે. પાંચ દેશોની તેમની મુલાકાતનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે, ભારતની યુવા શક્તિનો પડઘો દરેક દેશમાં સંભળાયો છે. આ સમયગાળા દરમિયાન થયેલા તમામ કરારોથી દેશ અને વિદેશમાં ભારતના યુવાનોને ફાયદો થશે. સંરક્ષણ, ફાર્મા, ડિજિટલ ટેકનોલોજી, ઉર્જા, ખનિજો જેવા ઘણા ક્ષેત્રોમાં થયેલા કરારોથી આગામી દિવસોમાં ભારતને ઘણો ફાયદો થશે.

### ૨૮ વર્ષીય મહિલાએ તેના સસરા પર બળાત્કારનો આરોપ લગાવ્યો

। અલવર, તા.૧૨ ।

રાજસ્થાનના અલવરના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૮ વર્ષીય મહિલાએ તેના સસરા પર બળાત્કારનો આરોપ લગાવ્યો છે. મહિલાનો પતિ ટ્રક ડ્રાઈવર છે અને મોટાભાગે બહાર રહે છે. પોલીસને આપેલી FIRમાં મહિલાએ જણાવ્યું છે કે તે ૩ જુલાઈની રાત્રે રૂમમાં સૂતી હતી. રાત્રે ૧૨ વાગ્યે, તેના સસરા ખરાબ ઈરાદાથી રૂમમાં પ્રવેશ્યા. મહિલાએ વિરોધ કરવાનો અને ચીસો પાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ સસરાએ તેનું મોં દબાવી દીધું. આ પછી તેણે મહિલા પર બળાત્કાર કર્યો.

## વિશ્વમાં મુસ્લિમોની વસ્તી સૌથી ઝડપથી વધી રહી છે : પ્યુ રિસર્ચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

વર્ષ ૨૦૧૦-૨૦૨૦ દરમિયાન એટલે કે એક દાયકામાં મુસ્લિમો વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા રિલિજિયસ ગ્રુપ એટલે કે ધાર્મિક જૂથ તરીકે ઉભરી આવ્યા છે. જ્યારે વિશ્વના સૌથી મોટા રિલિજિયસ ગ્રુપ એવા ખ્રિસ્તિઓનો હિસ્સો ૧.૮ ટકા ઘટીને ૨૮.૮ ટકા થયો હતો. આ વાત પ્યુ રિસર્ચ સેન્ટરના એનાલિસિસમાં સામે આવી છે, જેનું ટાઈટલ હાઉ ધ ગ્લોબલ રિલિજિયસ લેન્ડસ્કેપ ચેન્જડ ફ્રોમ ૨૦૧૦ ટુ ૨૦૨૦ છે. હદુઓની વસ્તી પ્રમાણમાં સ્થિર રહી અને વિશ્વમાં તેમની સંખ્યા ૧.૨ અબજ સુધી પહોંચી ગઈ છે, જેમાંથી ૯૫ ટકા હિંદુઓ ભારતમાં છે. ૨૦૨૦ સુધીમાં ભારતમાં હિંદુઓની વસ્તી ૭૯ ટકા હતી જ્યારે ૨૦૧૦માં તે ૮૦ ટકા હતી. જ્યારે મુસ્લિમોની વસ્તી ૨૦૧૦માં ૧૪.૩ ટકા હતી જે વધીને ૨૦૨૦માં ૧૫.૨ ટકા થઈ હતી.

વૈશ્વિક સ્તરે મુસ્લિમ સિવાય કોઈ ધર્મ સાથે ન જોડાયેલા હોય તેવા લોકોની સંખ્યા વધી છે. આવા લોકોને ઘણી વખત નન્સ (nones) કહેવામાં આવે છે. નન્સની સંખ્યા ૨૭૦ મિલિયનથી વધીને ૧.૯ અબજ સુધી પહોંચી હતી, અને ટકાવારી પ્રમાણે જોવામાં આવે તો તેમાં ૨૪.૨ ટકાનો વધારો થયો છે.

## પાક.ને સમર્થન માત્રથી દેશદ્રોહનો ગુનો બનતો નથી : અલ્હાબાદ હાઇકોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

અલ્હાબાદ હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે કોઈપણ ઘટનાનો ઉલ્લેખ કર્યા વગર અથવા ભારતનું નામ લીધા વગર ફક્ત પાકિસ્તાનને સમર્થન આપવાથી ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૧૫૨ હેઠળ પ્રથમ દૃષ્ટિએ કોઈ દંડનીય ગુનો બનતો નથી. ન્યાયાધીશ અરુણ કુમાર સિંહ દેશવાલની ખંડપીઠ ૧૮ વર્ષના રિયાઝે દાખલ કરેલી જામીન અરજી પર સુનાવણી કરી હતી. રિયાઝે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પોસ્ટમાં લખ્યું હતું કે ચાહે જો હો જાય સપોર્ટ તો બસ...પાકિસ્તાન કા કરેંગે. તેથી તેની સામે બીએનએસની કલમ ૧૫૨ (ભારતની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકતા કૃત્યો) હેઠળ કેસ દાખલ કરાયો હતો. ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં ભારત પ્રત્યે અનાદર દર્શાવતી કોઈ પણ વાતનો ઉલ્લેખ ન હોવાનું નોંધતા ખંડપીઠે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે કોઈપણ ઘટનાનો ઉલ્લેખ કર્યા વિના અથવા ભારતનું નામ લીધા વિના ફક્ત પાકિસ્તાનને સમર્થન આપવું તે પ્રથમ દૃષ્ટિએ કલમ ૧૫૨ હેઠળ ગુનો ગણાશે નહીં. સશસ્ત્ર બળવો, વિધ્વંસક પ્રવૃત્તિઓને ઉશ્કેરણી અથવા અલગતાવાદી પ્રવૃત્તિઓની લાગણીની ઉશ્કેરણી અથવા ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકવાના ઈરાદા સાથેના બોલાયેલા અથવા લખાયેલા શબ્દો, સંકેતો, ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર જેવા કૃત્યો હોય તો જ કલમ ૧૫૨ હેઠળ ગુનો દાખલ કરી શકાય છે.




## ન્યુઝ બોક્ષ

### ST નિગમના કંડક્ટર અને પાણી વિભાગના ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા

। (એજન્સી) આણંદ, તા.૧૨ ।

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સરકારી વિભાગોના નવ નિયુક્ત કર્મચારીઓને નિયુક્તિ પત્રો એનાયત કરવામાં આવ્યા હતાં. જેમાં જી નિગમના કંડક્ટર અને પાણી વિભાગના ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા હાજર રહ્યા હતાં. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતુ કે, પસંદગી પામેલા ઉમેદવારોને અભિનંદન. આજનો કાર્યક્રમ રાજ્યના વિકાસને ગતિ આપશે. વિકસિત ભારતમાં યુવાનોની ભૂમિકા મહત્વની છે. ગંભીરા બ્રિજ દુર્ઘટના અંગે મુખ્યમંત્રીએ દુ:ખ વ્યક્ત કર્યું હતું. ઘાયલ થયેલા લોકો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી હતી. તેમણે કહ્યું હતું કે, કોરોના જેવી મહામારીમાં એસટી વિભાગ સક્રિય રહ્યો હતો. એસટીમાં હવે ઓનલાઈન ટિકીટની સુવિધા શરૂ કરાઈ છે.

### વડોદરા કોર્પોરેશનની મુખ્ય કચેરી સંકુલમાંથી દારૂની ખાલી બોટલો મળી

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

ગુજરાતમાં જ્યારે દારૂબંધી છે ત્યારે પાલિકાના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, મેયર મ્યુ. કમીશનરની ઓફિસો નીચેના માર્કેટ સંકુલમાંથી દારૂની ખાલી બોટલો મળી આવી છે. જે ખંડેરાવ માર્કેટમાં દારૂની મહેફિલો જામતી હોવાનો પુરાવો હોવાનું નકારી શકાતું નથી. ઉલ્લેખનીય છે કે ખંડેરાવ માર્કેટ સ્થિત પાલિકાની કચેરીમાં શહેરના પ્રથમ નાગરિક મેયર, સ્થાયી અધ્યક્ષ, મ્યુ. કમિશનર સહિતના અનેક ઉચ્ચ પદાધિકારીઓ-અધિકારીઓ પોતપોતાની ફરજ અંગે દિવસ દરમિયાન બિરાજિત થતા હોય છે. જ્યારે બીજી બાજુ ખંડેરાવ માર્કેટ સંકુલમાં બનાવવામાં આવેલ બગીચામાંથી દારૂની અસંખ્ય ખાલી બોટલો મળી આવી છે. આમ પાલિકા સંકુલમાં શરાબની મહેફીલો જામતી હોવાની શક્યતા નકારી શકાતી નથી. જો આ બાબતે ખાનગી રહે તપાસ કરવામાં આવે શક્યતા નકારી શકાતી નથી.

### ઝેરોક્ષવાળાએ માતા પાસે રૂ.૨૨૦૦ લઈ પુત્રી માટે સર્ટીફીકેટ કાઢી આપ્યું

। (એજન્સી) વડોદરા,તા.૧૨ ।

વડોદરા શહેરમાં જન્મના બોગસ દાખલા કાઢી આપવાનું વ્યવસ્થિત કૌભાંડ ચાલી રહ્યું છે. ઝેરોક્ષવાળા ગ્રાહક સાથે ઠગાઈ કરે છે અગાઉ આવા ત્રણ કિસ્સા વોર્ડ નં. ૪માં ઝડપ ાયા બાદ વધુ એક કિસ્સો નોંધાતા પોલીસે પુત્રીની માતાને અટકાયતમાં લઈ પૂછપરછ શરૂ કરી છે. આ બાબતે અગાઉના કિસ્સાઓમાં ક્રાઈમ બ્રાન્ચને તપાસ સોંપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ન્યુ વીઆઈપી રોડના ખોડીયાર નગર ખાતે રહેતા રેખાબેન વાઘેલા તેમની પુત્રીના આધારકાર્ડ બાબતે વોર્ડ નં. ૪માં જન્મના દાખલા સાથે આવ્યા હતા પરંતુ તપાસ દરમિયાન જન્મનો દાખલો બોગસ હોવાનો ભાંડો ફૂટ્યો હતો. શાકભાજી અને ભંગારનો વેપાર ધંધો કરતા જૂનેશભાઈની પુત્રીના જન્મના દાખલા અંગે ખોડીયારનગર તળાવ સામેના ઝેરોક્ષના દુકાનદારે રૂપિયા ૨૨૦૦ લઈને જન્મનો દાખલો કાઢી આપ્યો હતો.

# ગુજરાત સરકાર વિદેશમાં અભ્યાસ માટે વાર્ષિક ૪ ટકાના વ્યાજે રૂ. ૧૫ લાખની લોન આપશે

### રાજ્ય સરકારની 'વિદેશ અભ્યાસ લોન યોજના' હેઠળ અત્યાર સુધીમાં બિન અનામત વર્ગના ૧૪,૯૯૩ વિદ્યાર્થીઓને રૂ. ૨૧૮૨.૪૩ કરોડથી વધુની લોન મંજૂર કરાઈ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

ભારતમાં ઉજ્જવળ કારકિર્દી ધરાવતા અનેક વિદ્યાર્થીઓએ વિવિધ શિક્ષણલક્ષી યોજનાઓ થકી વિદેશમાં અભ્યાસ પૂર્ણ કરીને પોતાની કારકિર્દીને પાંખો આપી છે. ત્યારે રાજ્ય સરકારની 'વિદેશ અભ્યાસ લોન યોજના' હેઠળ અત્યાર સુધીમાં બિન અનામત વર્ગના ૧૪,૯૯૩ વિદ્યાર્થીઓને રૂ. ૨૧૮૨.૪૩ કરોડથી વધુની લોન મંજૂર કરાઈ છે.

બિન અનામત વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછી વિદેશ અભ્યાસ કરી શકે તથા પોતાની ઉચ્ચ કારકિર્દી બનાવી શકે તે માટે 'વિદેશ અભ્યાસ લોન યોજના' અમલી બનાવાઈ છે.

વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છુક બિન અનામત વિદ્યાર્થીઓને આર્થિક રીતે મદદરૂપ થવા માટે સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ગુજરાત બિન અનામત વિકાસ નિગમ દ્વારા વિદેશ અભ્યાસ લોન યોજના અમલી બનાવાઈ છે.

વર્ષ ૨૦૧૮થી કાર્યરત આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૪,૯૯૩ વિદ્યાર્થીઓને રૂ. ૧૫ લાખ લેખે કુલ રૂ. ૨૧૮૨.૪૩ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે.

વિદેશી અભ્યાસ લોન યોજના હેઠળ, બિન-અનામત શ્રેણીના વિદ્યાર્થીઓને એક વર્ષ કે તેથી વધુ અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટર માટે વિદેશમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમો કરવા માટે વાર્ષિક ૪ ટકાના સરળ વ્યાજ દરે ૧૫ લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે વ્યક્તિગત અને કૌટુંબિક આવક મર્યાદા રૂ. ૬ લાખ રાખવામાં આવી છે.

'વિદેશ અભ્યાસ લોન યોજના' હેઠળ લોન ધોરણ-૧૨ કે માન્યતા પ્રાપ્ત સમકક્ષ અભ્યાસક્રમમાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ ધરાવતા હોવા જોઈએ. ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા, પી.એચ.ડી તેમજ તમામ ક્ષેત્રના અન્ય એકથી વધુ વર્ષના અથવા ઓછામાં ઓછા બે સેમિસ્ટરના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક જ પરિવારના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

આ યોજના હેઠળ આપવામાં આવેલી લોનમાં રૂ. પાંચ લાખ સુધીની કિસ્સામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ૧ વર્ષ છૂટ બાદ પાંચ વર્ષના સરખા માસિક હપ્તામાં ભરવાની રહેશે. જ્યારે રૂ. પાંચ લાખથી વધુની લોનના કિસ્સામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ એક વર્ષ છૂટ બાદ છ વર્ષના સરખા માસિક હપ્તામાં ભરવાની રહેશે.

#### શોર્ટકટમાં રૂપિયા કમાવવા માટે મોબાઈલની ચોરી કરતા

## સુરતમાં મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો, બે આરોપી ઝડપાયા

### પોલીસે ગુનેગારો પાસેથી ૩૦ મોબાઈલ જપ્ત કર્યા છે મોબાઈલોની સાથે રૂ. ૩.૩૬ લાખનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

સુરતમાં મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો છે. સુરતના લસકાણામાં ૩૦ મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો છે. ક્રાઈમ બ્રાન્ચે બે આરોપીઓને ઝડપીને ભેદ ઉકેલ્યો છે. પોલીસે ગુનેગારો પાસેથી ૩૦ મોબાઈલ જપ્ત કર્યા છે. મોબાઈલોની સાથે રૂ. ૩.૩૬ લાખનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. આ બંને આરોપીઓ પાછા કૌટુંબિક ભાઈઓ પણ હોવાનું પોલીસ તપાસમાં જણાઈ આવ્યું છે. બંને ભાઈઓ પાછા ગુજરાતી નથી અને ગુજરાતના વતની નથી. તે પરપ્રાંતીય છે. તે મજૂરી અર્થે બીજા રાજ્યમાંથી ગુજરાત આવ્યા હતા, પણ મજૂરીકામમાં રૂપિયા ન મળતાં તેમણે ચોરીનું કામ પણ શરૂ કર્યુ હતું.તેઓ શોર્ટકટમાં રૂપિયા કમાવવા માટે મોબાઈલની ચોરી કરતા હતા. સુરત પોલીસે આ ઉપરાંત મોબાઈલ સ્નેચિંગ કરતો ગુનેગાર પણ ઝડપ્યો હતો. આ ગુનેગાર પાંડેસરા તથા ભેસ્તાનમાંથી મોબાઈલ સ્નેચિંગ કરતો હતો. ક્રાઈમ બ્રાન્ચ પોલીસે મોબાઈલ ચોરને ઝડપ્યો હતો. પોલીસે આરોપી શાહરૂખ ફારૂક ખાનને ઝડપ્યો હતો. આરોપીને રાંદેર શીતલ ટોકીઝની નજીકથી ઝડપવામાં આવ્યો હતો. આરોપી પાસેથી કુલ છ મોબાઈલ મળી આવ્યા હતા. આરોપી મોજશોખ પૂરા કરવા મોબાઈલ સ્નેચિંગ કરતો હતો. તે તેના બીજા મિત્રો સાથે મળીને મોબાઈલ સ્નેચિંગ કરતો હતો. આરોપી અગાઉ ખૂન, ઘરફોડ સહિતના કેસમાં પકડાયો છે. વર્ષ ૨૦૨૪માં આરોપી સામે પાસાનો ગુનો પણ દાખલ કરાયો હતો. આમ આરોપી રીઢો ગુનેગાર છે. તેણે ગુનામાં પણ વેલ્યુ એડિશન કરતાં બીજા ગુનાની સાથે મોબાઈલ ચોરી કરવાનું શરૂ કર્યુ હતુ, જેથી રોકડી ઝડપથી થાય. આરોપીને રાંદેર શીતલ ટોકીઝની નજીકથી ઝડપવામાં આવ્યો હતો. આરોપી પાસેથી કુલ છ મોબાઈલ મળી આવ્યા હતા. આરોપી મોજશોખ પૂરા કરવા મોબાઈલ સ્નેચિંગ કરતો હતો. તે તેના બીજા મિત્રો સાથે મળીને મોબાઈલ સ્નેચિંગ કરતો હતો. આરોપી અગાઉ ખૂન, ઘરફોડ સહિતના કેસમાં પકડાયો છે. વર્ષ ૨૦૨૪માં આરોપી સામે પાસાનો ગુનો પણ દાખલ કરાયો હતો. આમ આરોપી રીઢો ગુનેગાર છે. તેણે ગુનામાં પણ વેલ્યુ એડિશન કરતાં બીજા ગુનાની સાથે મોબાઈલ ચોરી કરવાનું શરૂ કર્યુ હતુ, જેથી રોકડી ઝડપ થી થાય.

#### બાજુમાં ચાલી રહેલા કન્સ્ટ્રકશન સાઈટ તરફ ધરાશાયી થઈ

## શેલામાં કૃપાલ બચપન નામની બિલ્ડિંગની સેફ્ટી વોલ ધરાશાયી

। (એજન્સી) અમદાવાદ,તા.૧૨ ।

વડોદરાના પાદરાના ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં હજી શોધખોળ ચાલી રહી છે. ૧૭ લોકોના મોત થઈ ચૂક્યા છે. ત્યારે સાબરકાંઠાના પોશીનામાં વધુ એક દુર્ઘટનાનો બનાવ સામે આવ્યો છે. પોશિનામાં ૫૦ વર્ષ જૂનો વોટર વર્ક્સ તૂટી પડતા ૯ વર્ષના એક બાળકનું દટાઈ જતાં મોત નિપજ્યું છે. વરસાદ પડતાં આ બાળક વોટર વર્ક્સની નીચે ઉભો હતો. આ દરમિયાન અચાનક વોટર વર્કસ ધરાશાયી થતાં તે દબાઈ ગયો હતો. જ્યાં તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. પ્રાપ્ત વિગતો પ્રમાણે સાબરકાંઠાના પોશીનામાં આંબામહુડા ગામમાં દુ:ખદ ઘટના ઘટી છે. ગામમાં તળાવના કિનારે એક ૫૦ વર્ષનો વોટર વર્ક્સ જોખમી સ્થિતિમાં હતો. વરસાદ શરૂ થતાં જ એક ૯ વર્ષનો બાળક વોટર વર્ક્સની નીચે ઉભો હતો. કલ્પેશ પરમાર નામનો આ બાળક સવારે ભેંસ અને ઘેટા બકરા ચરાવવા તાળવની આસપાસ ગયો હતો. વરસાદનું ઝાપટું આવતાં બાળક પાણીફેરી ઓરડી તરફ ગયો હતો. વરસાદના કારણે વોટર વર્ક્સની ઓરડી અચાનક ધસી પડતાં આ બાળક દટાઈ ગયો હતો અને ત્યાં જ તેનું મોત નિપજ્યું હતું. ૫૦ વર્ષ જૂના આ વોટર વર્કસની હાલત જોખમી હોવા છતાં તેની નોંધ નથી લેવાઈ. આ ઘટના બની ત્યારે અન્ય ચાર બાળકો પણ ત્યાં હાજર હતાં. જેમનો આબાદ બચાવ થયો હતો. આ સમગ્ર ઘટનાને લઈને ગામમાં અને બાળકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

## આંબામહુડા ગામમાં વોટર વર્ક્સ તૂટતા દુર્ઘટના ઘટી

। (એજન્સી) વડોદરા, તા.૧૨ ।

વડોદરાના પાદરાના ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં હજી શોધખોળ ચાલી રહી છે. ૧૭ લોકોના મોત થઈ ચૂક્યા છે. ત્યારે સાબરકાંઠાના પોશીનામાં વધુ એક દુર્ઘટનાનો બનાવ સામે આવ્યો છે. પોશિનામાં ૫૦ વર્ષ જૂનો વોટર વર્ક્સ તૂટી પડતા ૯ વર્ષના એક બાળકનું દટાઈ જતાં મોત નિપજ્યું છે. વરસાદ પડતાં આ બાળક વોટર વર્ક્સની નીચે ઉભો હતો. આ દરમિયાન અચાનક વોટર વર્કસ ધરાશાયી થતાં તે દબાઈ ગયો હતો. જ્યાં તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. પ્રાપ્ત વિગતો પ્રમાણે સાબરકાંઠાના પોશીનામાં આંબામહુડા ગામમાં દુ:ખદ ઘટના ઘટી છે.

#### અનુરાગ બાસુએ આમિર સાથે કિશોરની ફિલ્મ પર આપી મોટી અપડેટ

## આશા છે કે, આ વખતે ધારી હતી એવી ફિલ્મ બની જાય

### શરૂઆતમાં કિશોર કુમારના પરિવારે કોપી રાઈટના મુદ્દે વિરોધ કર્યો હોવાથી આ ફિલ્મ હોલ્ડ પર મુકાઈ હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અનુરાગ બાસુ મ્યુઝિકલ ફિલ્મ્સ જોનરની ફિલ્મ બનાવવા માટે જાણીતા ડિરેક્ટર છે, જેણે અત્યાર સુધીમાં 'બર્ફી', 'જગ્ગા જાસુસ', 'લાઈફ ઈન એ મેટ્રો' અને તાજેતરતમાં 'મેટ્રો ઈન દિનો' જેવી ફિલ્મ બનાવી છે. સાથે જ છેલ્લાં ઘણા સમયથી તે જાણીતા ગાયક કિશોર કુમારની બાયોપિક માટે કામ કરી રહ્યા હોવાની પણ ચર્ચા છે. સાથે જ આ રોલ તેણે આમિરને ઓફર કર્યો હોવાની પણ ચર્ચા છે. ત્યારે હવે અનુરાગ બાસુએ અંગે તે આતુર હોવાની વાત કરી છે.તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં અનુરાગ બાસુએ કિશોર કુમારની ફિલ્મ અંગે વાત કરી હતી, તેણે કહ્યું કે આ ફિલ્મને ઘણા ચડાવ-ઉતારનો સામનો કરવો પડ્યો છે. અનુરાગ બાસુએ કહ્યું, "હું પણ ઉત્સુક છું કે આ વખતે આ ફિલ્મ બની જાય અને હું છેલ્લા એક દાયકાથી જે વાર્તા કહેવાની કોશિશ કરી રહ્યો છું, તેની સાથે સેટ પર પહોંચી જાય." અનુરાગ કહે છે, કે તે હવે આ ફિલ્મ વિશે વાત કરીને તેને નજર લગાવવા માગતો નથી. આમિર ખાન આ ફિલ્મ કરે છે કે નહીં તે અંગે અનુરાગે કહ્યું, "જયાં સુધી કંઈ ફાઈનલ ન થાય અને કોન્ટ્રાક્ટ સાઈન ન થાય ત્યાં સુધી" આ ફિલ્મ વિશે કશું જ કહી શકાય નહીં.શરૂઆતમાં કિશોર કુમારના પરિવારે કોપી રાઈટના મુદ્દે વિરોધ કર્યો હોવાથી આ ફિલ્મ હોલ્ડ પર મુકાઈ હતી. ૨૦૧૨માં આ અનુરાગ બાસુની ફિલ્મ બર્ફી પછી તેણે આ ફિલ્મની જાહેરાત કરી હતી. જોકે, ફિલ્મની ટીમ તરફથી હજુ સુધી કોઈ જાહેરાત થઈ નથી.

#### રાજકીય અટકળો શરુ

## કોંગ્રેસ MLAના સૂર બદલાયા, PM મોદી-ભાજપના વખાણ કર્યા

### સરદાર પટેલની પ્રતિમા બનાવવા બદલ નરેન્દ્ર મોદીને અભિનંદન પણ પાઠવ્યા હતા

। (એજન્સી) કેવડીયા,તા.૧૨ ।

ગુજરાત વિધાનસભાની ખાતરી સમિતિના સભ્યોએ ગુરુવારે સ્ટેચ્યુ ઑફ યુનિટી અને સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી હતી. આ સમિતિના સભ્યોમાં કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલ પણ સાથે હતા. ત્યારે આ મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી અને સ્ટેચ્યુ ઑફ યુનિટી વખાણ કરતાં લોકોમાં ભારે આશ્ચર્ય થયું છે. અવાર-નવાર વિવિધ કાર્યક્રમોમાં ભાજપ સરકાર અને વિકાસની નીતિ પર સવાલો ઉઠાવતાં કિરીટ પટેલના સૂર બદલાતા ભાજપની પીપૂડી વગાડતા જોવા મળ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત વિધાનસભાની ખાતરી સમિતિના સભ્યોએ સ્ટેચ્યુ ઑફ યુનિટી એકતાનગર અને સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી હતી. આ સમિતિમાં કિરીટસિંહ રાણા, હાર્દિક પટેલ, કિરીટસિંહ ડાભી, સુખાજી ઠાકોર, કિરીટ પટેલ અને ભગાભાઈ બારડનો સમાવેશ થાય છે. આ મુલાકાતમાં કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલના સૂર બદલાયેલા જોવા મળ્યા હતા. કિરીટ પટેલ ભાજપ સરકાર પર પ્રહાર કરવાનો મોકો ચૂકતા હોતા નથી. પરંતુ એકાએક ભાજપની પીપૂડી વગાડતા હોય એવા વેણ તેમના મોંઢામાંથી નીકળ્યા હતા. વિવિધ કાર્યક્રમોમાં પીએમ નરેન્દ્ર મોદી, ભાજપ સરકાર અને ભાજપની નીતિનો વિરોધ કરતાં હોય છે,ત્યારે આજે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કરતાં કહ્યું હતું કે સ્ટેચ્યુ ઑફ યુનિટી બનાવવાનો વિચાર નરેન્દ્ર મોદીને આવ્યો એ સારી બાબત છે, ખૂબ સરસ પ્રતિમા બનાવી છે. સરદાર પટેલની પ્રતિમા બનાવવા બદલ નરેન્દ્ર મોદીને અભિનંદન પણ પાઠવ્યા હતા. આ ઉપરાંત તેમણે ઈજનેરો અને અધિકારીઓના પણ વખાણ કર્યા હતા.

**વિશેષ** — જોરાવર લાઈટ ટેન્કનું પરિક્ષણ લદ્દાખની કડકડતી ઠંડીથી લઈને રાજસ્થાનની કાળઝાળ ગરમી સુધીના વાતાવરણમાં કરાશે

# યુદ્ધભૂમિમાં જોવા મળશે જોરાવરનુ જોર, ભારતની સ્વદેશી જોરાવર લાઈટ ટેન્કનું પરીક્ષણ કરવામાં આવશે

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતની સ્વદેશી જોરાવર લાઈટ ટેન્ક હવે વાસ્તવિકતા બનવા તરફ ઝડપથી આગળ વધી રહી છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ટેન્કના પ્રથમ પ્રોટોટાઈપના યુઝર ટ્રાયલ ઓગસ્ટ ૨૦૨૫ થી શરૂ થશે. આ ટ્રાયલ ૧૨ થી ૧૮ મહિના સુધી ચાલશે, જેમાં લદ્દાખની કડકડતી ઠંડી અને રાજસ્થાનની કાળઝાળ ગરમીમાં ટેન્કનું પરીક્ષણ કરવામાં આવશે. ઉપરાંત, તેનો બીજો પ્રોટોટાઈપ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં તૈયાર થઈ જશે.

જોરાવર ટેન્ક સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) અને લાર્સન એન્ડ ટુબ્રો (L&T) દ્વારા સંયુક્ત રીતે બનાવવામાં આવી રહી છે. તેનો પહેલો પ્રોટોટાઈપ ડિસેમ્બર ૨૦૨૪ માં પરીક્ષણ કરવામાં આવ્યો છે. હવે સેના વાસ્તવિક યુદ્ધભૂમિમાં તેનો પ્રયાસ કરશે. આ દરમિયાન, ટેન્કની 105mm તોપ, મશીનગન અને એન્ટી-ટેન્ક મિસાઈલ (ATGM) ની ફાયરિંગ ક્ષમતાનું પણ પરીક્ષણ કરવામાં આવશે. L&T ને હાલમાં ૫૯ ટેન્કનો ઓર્ડર મળ્યો છે, જ્યારે કુલ ૩૫૪ ટેન્ક ખરીદવામાં આવશે. તમને જણાવી દઈએ કે બાકીના ટેન્ક માટે અન્ય કંપનીઓ વચ્ચે સ્પર્ધા થશે.

જોરાવર ટેન્ક ખાસ કરીને લદ્દાખ જેવા ઊંચા અને દુર્ગમ પર્વતીય વિસ્તારો માટે ડિઝાઈન કરવામાં આવી છે. તેમાં શક્તિશાળી ૧૦૫દ્દદ્દ તોપ, મશીનગન અને એન્ટી-ટેન્ક મિસાઈલ છે. તે ડ્રોન સાથે પણ કનેક્ટ થઈ શકે છે, જે દુશ્મનની દરેક પ્રવૃત્તિ પર નજર રાખશે. આ ટેન્કમાં ૭૬૦ હોર્સપાવર કમિન્સ એન્જિન છે, કારણ કે અગાઉ પ્રસ્તાવિત રોલ્સ-રોયસ એન્જિનમાં વિલંબ થઈ રહ્યો હતો. ભવિષ્યમાં, તેને ૧,૦૦૦ હોર્સપાવર કમિન્સ એડવાન્સ્ડ કોમ્બેટ એન્જિન દ્વારા બદલવામાં આવશે. વિદેશી નિર્ભરતા ઘટાડવા માટે DRDO સ્વદેશી એન્જિન પર પણ કામ કરી રહ્યું છે. બીજા પ્રોટોટાઈપમાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે. તેની સસ્પેન્શન સિસ્ટમમાં સુધારો કરવામાં આવ્યો છે જેથી તે ઉબડખાબડ રસ્તાઓ અને ઊંચા પર્વતો પર સરળતાથી ચલાવી શકાય. એન્જિનને ઊંચાઈ પર ઓછી ઓક્સિજન સ્થિતિમાં સારી કામગીરી માટે પણ ડિઝાઈન કરવામાં આવ્યું છે. ઉપરાંત, નવા સેન્સર ઉમેરવામાં આવ્યા છે, જે સૈનિકોને વધુ માહિતી આપશે. જેથી તેઓ યુદ્ધમાં દુશ્મનથી એક ડગલું આગળ રહેશે.

લદ્દાખમાં ચીન સાથેના તણાવ દરમિયાન, ભારતના ભારે ટેન્ક T-72 અને T-90 ના પરિવહનમાં સમસ્યાઓ આવી હતી. જોરાવર ટેન્ક આ ખાલી જગ્યા ભરશે. તે હલકું હોવા છતાં શક્તિશાળી છે અને ચીનના ટાઈપ-૧૫ ટેન્ક સાથે સ્પર્ધા કરી શકે છે. ડિસેમ્બર ૨૦૨૪ માં, ભારતીય વાયુસેનાએ બતાવ્યું કે જોરાવરને વિમાન દ્વારા દૂરના વિસ્તારોમાં ઝડપથી લઈ જઈ શકાય છે. આ ટેન્ક ઊંચાઈ, નદીઓ અને તળાવો જેવા મુશ્કેલ વિસ્તારોમાં પણ કાર્ય કરી શકે છે. જો જોરાવર ટેન્ક તેના પરીક્ષણો પાસ કરે છે, તો તે ૨૦૨૭ સુધીમાં ભારતીય સેનાનો ભાગ બની જશે. આ ટેન્ક ફક્ત સરહદની સુરક્ષાને મજબૂત બનાવશે નહીં પરંતુ ભારતની સ્વદેશી સંરક્ષણ ટેકનોલોજીને નવી ઊંચાઈઓ પર પણ લઈ જશે. વિદેશી નિર્ભરતા ઘટાડવા માટે DRDO સ્વદેશી એન્જિન પર પણ કામ કરી રહ્યું છે. બીજા પ્રોટોટાઈપમાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે. તેની સસ્પેન્શન સિસ્ટમમાં સુધારો કરવામાં આવ્યો છે જેથી તે ઉબડખાબડ રસ્તાઓ અને ઊંચા પર્વતો પર સરળતાથી ચલાવી શકાય. એન્જિનને ઊંચાઈ પર ઓછી ઓક્સિજન સ્થિતિમાં સારી કામગીરી માટે પણ ડિઝાઈન કરવામાં આવ્યું છે. ઉપરાંત, નવા સેન્સર ઉમેરવામાં આવ્યા છે, જે સૈનિકોને વધુ માહિતી આપશે. જેથી તેઓ યુદ્ધમાં દુશ્મનથી એક ડગલું આગળ રહેશે.

લદ્દાખમાં ચીન સાથેના તણાવ દરમિયાન, ભારતના ભારે ટેન્ક T-72 અને T-90 ના પરિવહનમાં સમસ્યાઓ આવી હતી. જોરાવર ટેન્ક આ ખાલી જગ્યા ભરશે. તે હલકું હોવા છતાં શક્તિશાળી છે અને ચીનના ટાઈપ-૧૫ ટેન્ક સાથે સ્પર્ધા કરી શકે છે. ડિસેમ્બર ૨૦૨૪ માં, ભારતીય વાયુસેનાએ બતાવ્યું કે જોરાવરને વિમાન દ્વારા દૂરના વિસ્તારોમાં ઝડપથી લઈ જઈ શકાય છે. આ ટેન્ક ઊંચાઈ, નદીઓ અને તળાવો જેવા મુશ્કેલ વિસ્તારોમાં પણ કાર્ય કરી શકે છે. જો જોરાવર ટેન્ક તેના પરીક્ષણો પાસ કરે છે, તો તે ૨૦૨૭ સુધીમાં ભારતીય સેનાનો ભાગ બની જશે. આ ટેન્ક ફક્ત સરહદની સુરક્ષાને મજબૂત બનાવશે નહીં પરંતુ ભારતની સ્વદેશી સંરક્ષણ ટેકનોલોજીને નવી ઊંચાઈઓ પર પણ લઈ જશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## પરિણીત મહિલા સાથે ભાજપ નેતા રંગરેલિયા મનાવતા પકડાઈ ગયા

| (એજન્સી) બુલંદશહેર, તા.૧૨ |

ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં, સ્મશાનમાં એક પરિણીત મહિલા સાથે ભાજપ નેતા રંગરેલિયા મનાવતા પકડાયા હતા. આ મામલો શિકારપુર કોતવાલી વિસ્તારના કૈલાવન ગામના સ્મશાનગૃહનો છે. સ્મશાનગૃહમાં કાર પાર્ક કર્યા પછી ભાજપ નેતા રાહુલ એક પરિણીત મહિલા સાથે કારમાં અર્ધનગ્ન હાલતમાં જોવા મળ્યા હતા. ત્યારબાદ કેટલાક લોકો ત્યાં પહોંચ્યા અને તેમને રંગે હાથે પકડી લીધા હતા. મળતી માહિતી મુજબ, સ્થાનિક લોકોએ સ્મશાનગૃહમાં એક શંકાસ્પદ કાર પાર્ક કરેલી જોઈ હતી, તેથી તેમને શંકા ગઈ હતી. સ્થાનિક લોકો કાર નજીક પહોંચતા જ તેમણે રાહુલને અર્ધ નગ્ન અવસ્થામાં જોયો હતો. લોકોને શંકા ગઈ અને રાહુલને કારનો દરવાજો ખોલવા કહ્યું હતું. આ ઘટના સાથે જોડાયેલો એક વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં રાહુલ બાલ્મીકી લોકોના પગ પકડીને પકડાયા બાદ માફી માંગતો જોવા મળ્યો હતો. જ્યારે તેની સાથે હાજર મહિલા દુપટ્ટાથી પોતાનો ચહેરો છુપાવતી જોવા મળી હતી. આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. વીડિયો વાયરલ થયા બાદ રાહુલ બાલ્મીકી ફરાર હોવાનું કહેવાય છે.ણાવી દઈએ કે, ભાજપે રાહુલ બાલ્મીકીને જિલ્લા મંત્રી પદની જવાબદારી સોંપી છે. વીડિયો સામે આવ્યા પછી પણ શિકારપુર પોલીસે હજુ સુધી કોઈ કાર્યવાહી કરી નથી.

## રશિયાએ પાકિસ્તાન સાથે કરી અબજો રૂપિયાની ડીલ

| (એજન્સી) મોસ્કો, તા.૧૨ |

રશિયાએ આખરે પાકિસ્તાન સાથે એક મહત્ત્વપૂર્ણ વેપાર કરાર કરી લીધો છે. ઘણા મહિનાઓથી આ અંગે અટકળો લગાવવામાં આવી રહી હતી. હવે શુક્રવારે પાકિસ્તાન અને રશિયાએ સંયુક્ત રીતે આ કરારની જાહેરાત કરી છે, જે હેઠળ કરાચીમાં એક અત્યાધુનિક સ્ટીલ મિલની સ્થાપના કરવામાં આવશે. આ પ્રોજેક્ટને બંને દેશો વચ્ચે આર્થિક અને ઔદ્યોગિક સહયોગના એક નવા યુગની શરૂઆત તરીકે જોવામાં આવી રહ્યો છે. આ ડીલથી પાકિસ્તાનના અર્થતંત્રને અબજો રૂપિયાનો ફાયદો થવાની અપેક્ષા છે, આ સાથે જ આ ડીલ ઔદ્યોગિક વિકાસ અને રોજગાર સર્જનમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે. આ ડીલ શુક્રવારે મોસ્કોમાં પાકિસ્તાન દૂતાવાસમાં આયોજિત એક સમારોહમાં કરવામાં આવી હતી. પાકિસ્તાનના ઉદ્યોગ અને ઉત્પાદન મંત્રાલયના સચિવ સૈફ અંજુમ અને રશિયાના ઔદ્યોગિક એન્જિનિયરિંગ એલએલસીના ડિરેક્ટર જનરલ વાદિમ વેલિચકોએ તેના પર હસ્તાક્ષર કર્યા હતા. આ અવસર પર પાકિસ્તાનના પીએમના ખાસ સહાયક હારૂન અખ્તર ખાન અને રશિયામાં પાકિસ્તાનના રાજદૂત મુહમ્મદ ખાલિદ જમાલી પણ હાજર હતા. એક અહેવાલ પ્રમાણે રશિયાએ પહેલીવાર સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે તેણે કરાચીમાં નવી સ્ટીલ મિલ સ્થાપવા માટે પાકિસ્તાન સાથે કરારને અંતિમ સ્વરૂપ આપી દીધું છે.

### ઈરાને કતારમાં હુમલો કરી કોમ્યુનિકેશન સેન્ટર નષ્ટ કર્યું

# ઈરાને અમેરિકાની વાયુ સેનાનું કોમ્યુનિકેશન સેન્ટર નષ્ટ કર્યું

### ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ગતમહિને થયેલા યુદ્ધમાં કતારમાં સ્થિત યુએસ કોમ્યુનિકેશન ફેસિલિટી નષ્ટ થઈ હતી

| (એજન્સી) કતાર, તા.૧૨ |

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ગત મહિને સર્જાયેલા ભીષણ યુદ્ધમાં થયેલા નુકસાનનો ખુલાસો ધીમે ધીમે થઈ રહ્યો છે. ઈરાને આજે એક વીડિયો રજૂ કરી દાવો કર્યો હતો કે, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ગતમહિને થયેલા યુદ્ધમાં કતારમાં સ્થિત યુએસ કોમ્યુનિકેશન ફેસિલિટીને નષ્ટ થઈ હતી. ભારતમાં ઈરાનની એમ્બેસીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વીડિયો રજૂ કરી જણાવ્યું હતું કે, સેટેલાઈટ ઈમેજ દર્શાવે છે કે, ઈરાને ગતમહિને થયેલા યુદ્ધમાં કતારમાં સ્થિત અમેરિકાની સેનાના પ્રાઈમરી કોમ્યુનિકેશન્સ રેડોમને નષ્ટ કર્યું હતું. તેનું બીજુ રેડોમ કુવૈત આવેલું છે. ઉલ્લેખનીય છે, ઈરાનના દાવા પર કતાર કે અમેરિકાએ કોઈ નિવેદન આપ્યું નથી. અમેરિકાએ ગતમહિને બંકર બસ્ટર બોમ્બ વડે હુમલો કરી ઈરાનના ત્રણ પરમાણુ મથકોને ટાર્ગેટ બનાવ્યા હતાં. જેના જવાબમાં ઈરાને કતાર સ્થિત અમેરિકાના એરબેઝ પર હુમલો કર્યો હતો. ઈરાન ઈન્ટરનેશનલ અનુસાર, ખાનગી સેટેલાઈટ કંપની સેટેલોજિક દ્વારા ૨૪ જૂનના રોજ રજૂ કરવામાં આવેલી તસવીરોમાં રેડોમને નુકસાન થયુ હોવાનું સ્પષ્ટપણે દેખાય છે. અલ ઉદૈદ એરબેઝમાં સ્થિત આ રેડોમ એડવાન્સ્ડ જિયોડેસિક સ્ટ્રક્ચરમાં સ્થાપિત સંવેદનશીલ કોમ્યુનિકેશન્સ ઈક્વિપમેન્ટ છે. જે મધ્ય-પૂર્વમાં અમેરિકન સૈન્યની સૌથી મોટી સુવિધા છે. જેનો ઉપયોગ યુએસ સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)ના હેડક્વાર્ટરને ગુપ્ત અને સુરક્ષિત સંદેશાઓ પહોંચાડવા માટે થાય છે. CENTCOMએ ૨૩ જુનના નિવેદન જાહેર કરી હુમલાની પુષ્ટિ કરી હતી કે, અમેરિકાની સેનાએ કતારના પાર્ટનર્સ સાથે મળી ઈરાન દ્વારા અલ-ઉદૈદ એરબેઝ પર કરવામાં આવેલા હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો. ઈરાને કતારના દોહા નજીક સ્થિત આ એરબેઝ પર બેલેસ્ટિક મિસાઈલ વડે હુમલો કર્યો હતો. ઈરાનના હુમલામાં અમેરિકાના એરબેઝને નજીવુ નુકસાન થયુ હતું.

### આ ફિલ્મનું ઉંચું સ્તર જાળવી રાખવા માટે આ ફિલ્મમાં હોલિવૂડ સ્ટુડિયો દ્વારા વીએફએક્સનું કામ કરવામાં આવશે

# અલ્લુ અને દીપિકાની સાઇ-ફાઈ ફિલ્મમાં વિલ સ્મિથ જોડાઈ શકે

| મુંબઈ, તા.૧૨ |

સાઉથ ઈન્ડિયન સુપરસ્ટાર અલ્લુ અર્જૂન હવે એક મહાકાય સાઈ-ફાઈ ફિલ્મ બનાવવાની તૈયારી કરી રહ્યો છે, હાલ આ ફિલ્મનું નામ નક્કી થયું નથી. આ મોટા પ્રોજેક્ટમાં પહેલી વખત અલ્લુ અર્જૂન અટલી સાથે કામ કરી રહ્યો છે, જેણે આ પહેલાં ‘જવાન’ જેવી બ્લોકબસ્ટર ફિલ્મ પણ બનાવી છે. હવે તે ૮૦૦ કરોડના ખર્ચે એક મોટી સાઈ-ફાઈ ફિલ્મ બનાવી રહ્યો છે. આ ફિલ્મ સન પિક્ચર્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહી છે.આ ફિલ્મમાં અલ્લુ અર્જૂન અને દીપિકા પાદુકોણ કામ કરવાના હોવાનું તો જાહેર છે, પરંતુ હવે એમાં નવા અહેવાલો છે, જેના મુજબ આ ફિલ્મમાં વિલ સ્મિથ વિલનના રોલમાં જોવા મળશે. જે ‘મેન ઈન બ્લેક’, ‘આઈ એમ લિજેન્ડ’ અને ‘ધ પર્સ્વેટ ઓફ હેપ્પિનેસ’ જેવી ફિલ્મોનો એક જાણીતો કલાકાર છે. જો આ અહેવાલો સાચા માનવામાં આવે તો વિલ સ્મિથ પહેલી વખત કોઈ ભારતીય ફિલ્મમાં મહત્વના રોલમાં જોવા મળશે, એ પણ એક વિલનના રોલમાં. તેનાથી ઈન્ડિયન ફિલ્મનું મહત્વ વિશ્વ સ્તરે વધી જશે.આ ફિલ્મનું ઉંચું સ્તર જાળવી રાખવા માટે આ ફિલ્મમાં હોલિવૂડ સ્ટુડિયો દ્વારા વીએફએક્સનું કામ કરવામાં આવશે. જેમણે ‘સ્પાયડર મેન’, ‘એવેન્જર્સ’ અને ‘વન્ડર વુમન’ જેવી ફિલ્મના વીએફએક્સ કર્યા હતાં. આંતરરાષ્ટ્રિય દર્શકોને ધ્યનમાં રાખીને આ ફિલ્મની સ્ટોરી અને વિઝ્યુઅલ્સ તૈયાર કરવામાં આવ્યા છે. આ સાથે એક વધુ મજાની વાત એ પણ છે કે, તાજેતરમાં અલ્લુ અર્જૂને જાહેર કર્યું છે કે તે આ ફિલ્મમાં ડબલ રોલમાં જોવા મળશે. તેનાથી અલ્લુ અર્જૂનના ફૅન્સનો ઉત્સાહ માતો નથી. ત્યારે હવે દર્શકો અલ્લુ અર્જૂન અને વિલ સ્મિથ વચ્ચેની ટક્કર જોવા માટે ખુબ ઉત્સુક છે. એવી પણ ચર્ચા છે કે, આ ફિલ્મમાં બે હિરોની સ્ટોરી હશે. બીજો હિરો કોણ હશે એ હજુ સુધી જાહેર થયું નથી. જે કાસ્ટ જાહેર થઈ ગઈ છે, તેમાં દીપિકા પાદુકોણ, મૃણાલ ઠાકુરના નામ સામેલ છે. આ ફિલ્મ અંગે અલ્લુ અર્જૂને કહ્યું હતું, “આ મારી ૨૨મી ફિલ્મ છે, જે હું અટલી ગારુ સાથે કરી રહ્યો છું, જેણે જવાન ફિલ્મ બનાવી હતી, એણે મને સ્ટોરી કહી.

### પૃથ્વી પર આવ્યા બાદ ગ્રેવિટી સાથે સુસંગત થવા માટે અંતરિક્ષ યાત્રીઓએ રિહેબ પ્રોગ્રામ કરવો પડે છે

# પૃથ્વી પર આવ્યા બાદ સાત દિવસના રિહેબ પ્રોગ્રામ કરશે શુભાંશુ શુક્લા

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ |

શુભાંશુ શુક્લા ૧૫ જુલાઈએ પૃથ્વી પર આવવાનો છે અને ત્યાર બાદ તે સાત દિવસ માટેના રિહેબ પ્રોગ્રામમાં જોડાશે. એક્સિઓમ-૪ મિશન હેઠળ શુભાંશુ શુક્લા ૧૮ દિવસ માટે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ગયો હતો. પૃથ્વી પર આવ્યા બાદ ગ્રેવિટી સાથે સુસંગત થવા માટે અંતરિક્ષ યાત્રીઓએ રિહેબ પ્રોગ્રામ કરવો પડે છે. શુભાંશુ માટેનો આ પ્રોગ્રામ સાત દિવસ માટેનો છે. આ માહિતી ઈસરો દ્વારા આપવામાં આવી છે.

શુભાંશુ શુક્લા અને તેમના સાથી કમાન્ડર પેગી વ્હિટ્સન, મિશન સ્પેશ્યાલિસ્ટ સ્લાવોસ ઉઝ્નાંસ્કી-વિસ્નિએવ્સ્કી અને હંગેરીના અંતરિક્ષ યાત્રી ટિબોર કપુ સાથે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ગયા હતા. તેમણે ૨૬ જૂને ડોકિંગ કર્યુ હતું. તેઓ હવે ૧૪ જુલાઈએ સવારે ૭:૦૫ વાગ્યે એટલે કે ભારતમાં સાંજે ૪:૩૫ વાગ્યે અનડોકિંગ કરશે. ઓરબિટમાં ફર્યા બાદ તેઓ ૧૫ જુલાઈએ બપોરે ત્રણ વાગ્યે કેલિફોર્નિયાના દરિયામાં લેન્ડ કરશે.

શુભાંશુ શુક્લાના ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના મિશન માટે ઈસરો દ્વારા રૂ.૫૫૦ કરોડ ચૂકવવામાં આવ્યા છે. ભારત દ્વારા ૨૦૨૭માં ગગનયાન મિશન કરવામાં આવી રહ્યું છે. આ મિશનમાં મનુષ્ય જઈ રહ્યા હોવાથી સ્પેસ વિશે માહિતી ભેગી કરવી ઈસરો અને ભારત માટે ખૂબ જ જરૂરી હતી.

આથી શુભાંશુ શુક્લાના મિશન પાછળ આટલા પૈસા ખર્ચ કરવામાં આવ્યા છે. આ વિશે ઈસરોએ કહ્યું, ‘ઈસરોના ફ્લાઈટ સર્જન દ્વારા ગગનયાન મિશનમાં જનારા અંતરિક્ષ યાત્રીની હેલ્થ અને ફિટનેસને સતત મોનિટર કરવામાં આવી રહી છે.’

તેઓ પાછા રિટર્ન થવાનું એટલે કે અનડોકિંગની પ્રક્રિયા શરૂ કરે એ પહેલાં ચારેય અંતરિક્ષ યાત્રી ૧૪ જુલાઈના રોજ બપોરે ૨:૨૫ વાગ્યે સ્પેસક્રાફ્ટમાં બેસી જશે. આ સમય ભારતના ટાઈમનો છે. ત્યાર બાદ તેમના જરૂરી ટેસ્ટ કરવામાં આવશે. એ ટેસ્ટ પૂરા થયા બાદ તેમની ડોકિંગ પ્રોસેસ શરૂ થશે. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન અંતરિક્ષમાં ૨૮૦૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ઓરબિટ કરે છે. ત્યાર બાદ ડ્રેગન સ્પેસક્રાફ્ટની અનડોકિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. અનડોકિંગ થઈ ગયા બાદ સ્પેસક્રાફ્ટ તેની સ્પીડ ધીમી કરશે અને ફરી પૃથ્વીના વાતાવરણમાં આવવાનું શરૂ કરશે. શુભાંશુ શુક્લા જેટલા સમય માટે અંતરિક્ષમાં રોકાયા છે, એ દરમ્યાન તેમણે ઘણાં મિશન કર્યાં છે. તેમણે આ સમય દરમિયાન માઈક્રોઅલ્ગી પર એક એક્સપેરિમેન્ટમાં કામ કર્યું હતું. એવા નમૂનાઓ મુક્યા અને સંગ્રહ્યા જે ભવિષ્યમાં અંતરિક્ષ યાત્રાઓ માટે ખોરાક, ઓક્સિજન અને બાયોફ્યુઅલ આપી શકે.

### ભારતે કર્યો જોરદાર વિરોધ

# બ્રિક્સ દેશોના AI ગઠબંધનમાં પાકિસ્તાનને સામેલ કરવાની ચર્ચા




| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ |

ડિજિટલ ઈન્ડિયા ફાઉન્ડેશન (DIF) એ શુક્રવારે પાકિસ્તાનના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી સેન્ટરને AI એલાયન્સ નેટવર્કના સભ્ય બનાવવા સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. ડિજિટલ ઈન્ડિયા ફાઉન્ડેશન એક અગ્રણી ભારતીય થિંક ટેન્ક છે અને AIAnetનું સ્થાપક સભ્ય પણ છે. આ નેટવર્ક ૧૭ આંતરરાષ્ટ્રીય સંગઠનોનું જૂથ છે, જેમાં ચીનની ત્રણ સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે.

DIF એ AIAneને એક પત્ર દ્વારા જણાવ્યું હતું કે પાકિસ્તાનને સભ્ય બનાવવાથી ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો થઈ શકે છે.

AIAnetને એક પત્ર દ્વારા જણાવ્યું હતું કે પાકિસ્તાનને સભ્ય બનાવવાથી ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો થઈ શકે છે. ને લખેલા પત્રમાં, DIF એ કહ્યું છે કે પાકિસ્તાન સતત આતંકવાદને ટેકો આપી રહ્યું છે, તેની સામે ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) ની તપાસ ચાલી રહી છે અને AITEC ની ખાસ પ્રયોગશાળાઓ લશ્કરી હેતુઓ માટે AI નો ઉપયોગ કરવાની ક્ષમતા ધરાવે છે. ઉપરાંત, પાકિસ્તાનની AI સિસ્ટમમાં પારદર્શિતા, જવાબદારી અને નૈતિકતાનો અભાવ છે. આ ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ખતરો છે. થિંક ટેક્કે એમ પણ કહ્યું કે, પાકિસ્તાનની સ્વાયત્ત AI લેબ, કમ્પ્યુટર વિઝન લેબ અને એજ કમ્પ્યુટિંગ લેબમાં એવી ટેકનોલોજી છે જેનો ઉપયોગ સાયબર હુમલા, સરહદ પાર હુમલા અને સ્વચાલિત શસ્ત્ર પ્રણાલીઓ માટે સરળતાથી થઈ શકે છે.

આતંકવાદ પરના ૨૦૨૫ ના યુએસ કન્ટ્રી રિપોર્ટ્સનો ઉલ્લેખ કરીને, DIF એ જણાવ્યું હતું કે, લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો AI ટૂલ્સનો દુરુપયોગ કરી શકે છે. આતંકવાદી ભંડોળ અને મની લોન્ડરિંગને અસરકારક રીતે નિયંત્રિત કરવામાં નિષ્ફળ રહેવા બદલ પાકિસ્તાન હજુ પણ FATF (ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ) ની ગ્રે લિસ્ટમાં છે.

DIF એ ચેતવણી પણ આપી હતી કે આ વાતાવરણમાં AI લેબ્સનો ઉપયોગ ગેરકાયદેસર નાણાકીય ચેનલોને સ્વચાલિત કરવા માટે થઈ શકે છે, જેમાં ક્રિપ્ટોકરન્સી દ્વારા આતંકવાદી નેટવર્ક માટે ભંડોળ એકત્ર કરવાનો સમાવેશ થઈ શકે છે.

### દેખાવડી દુલ્હને તો ધજાગરા ઉડાવ્યા

# લગ્નને હજુ મહિનો પણ નહોતો થયો ને બનેવીને લઈ ભાગી ગઈ

### ઉત્તર પ્રદેશમાંથી એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો : અહીં એક સુંદર સાળી પોતાની બનેવી પર ફિદા થઈ ગઈ હતી

| (એજન્સી) લલિતપુર, તા.૧૨ |

ઉત્તર પ્રદેશમાંથી એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. અહીં એક સુંદર સાળી પોતાની બનેવી પર ફિદા થઈ ગઈ. પછી તો પ્રેમ એટલો આગળ નીકળી ગયો કે, તે ભૂલી ગઈ કે તેના લગ્નને હજુ એક મહિનો પણ નથી થયો. આ મહિલાને જેની સાથે પ્રેમ થયો તે બીજું કોઈ નહીં પણ તેની બહેનનો જ પતિ હતો. બંનેએ હદ તો ત્યારે પાર કરી જ્યારે એક સાથે રહેવા માટે બંને ઘરેથી રફુચક્કર થઈ ગયા. મામલો હવે પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો તો પોલીસ પણ ચોંકી ગઈ. આવો જાણીએ શું છે સમગ્ર મામલો. લલિતપુર તાલુકાના તાલબેહટ વિસ્તારમાં આવતા સફરયાના ગામમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સાળી બનેવીનો સંબંધ આમ તો મજાકનો હોય છે. પણ ઘણી વાર આ મજાક મર્યાદા તોડી આગળ નીકળી જતી હોય છે. આવું જ કંઈક આ કિસ્સા પણ થયું છે. લગ્નનો હજુ મહિનો પણ નથી થયો અને એક દુલ્હન પોતાના બનેવી સાથે ભાગી ગઈ. કહેવાય છે કે, ભાગતા પહેલા તેણે ઘરમાં રાખેલો કિંમતી સામાન જેમ કે દાગીના અને રોકડ રૂપિયા પણ સાથે લેતી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પીડિત પરિવારે પોતાની દીકરીના લગ્ન ધૂમધામથી એક મહિના પહેલા કર્યા હતા. બધું જ બરાબર ચાલી રહ્યું છે, પણ અચાનક યુવતી ઘરમાંથી ભાગી જતાં સૌ કોઈને ચોંકાવી દીધા હતા. જ્યારે પરિવારે શોધખોળ કરી, તો જાણવા મળ્યું કે, તે સંબંધમાં પોતાના બનેવી થતાં યુવક સાથે ભાગી ગઈ છે. આ ઘટના ૧૦ જુલાઈની રાતે બની હોવાનું કહેવાય છે. જ્યારે ઘરમાં બધા સભ્યો સૂઈ રહ્યા હતા. સવારે ઊઠીને જોયું તો દુલ્હન ઘરમાં નહોતી, આ જોઈ પરિવારમાં હડકંપ મચી ગયો. પરિવારે પહેલા તો જાતે શોધખોળ કરી, પણ જ્યારે ક્યાંય પત્તો લાગ્યો નહીં તો તેમણે તાલબેહટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી. સંબંધિત યુવકના ઘરે પણ તપાસ કરી, ત્યાં પણ મહિલા મળી નહીં. ત્યાંથી બંને ગાયબ હતા. ગામ લોકોના જણાવ્યા અનુસાર, બંને વચ્ચે પહેલાથી જ લફરું હતું. પણ કોઈને આટલે હદે જશે તેવી આશા નહોતી. હાલમાં પોલીસ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે અને બંનેની શોધ ચાલુ છે. આ મામલો ન ફક્ત સામાજિક પણ પારિવારિક સંબંધોની મર્યાદા પર પણ સવાલો ઊભા કરે છે.

### ભગવંત માને પીએમ મોદી પર કર્યો કટાક્ષ

# વડાપ્રધાન મોદી આમંત્રણ વગર પાક.માં બિરિયાની ખાઈને આવ્યા

### વડાપ્રધાન બે દેશો વચ્ચેનું યુદ્ધ રોકી શકે છે, તો પછી પંજાબ અને હરિયાણા વચ્ચેના મુદ્દાઓને કેમ ઉકેલતા નથી : માન

| (એજન્સી) ચંદીગઢ, તા.૧૨ |

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રાલય પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કેન્દ્ર સરકારને સવાલ કર્યો છે કે, શું ભારતની વિદેશ નીતિનો ઉદ્દેશ માત્ર પ્રચાર કરવાનો છે? વડાપ્રધાન એવા દેશોની મુલાકાત કરી રહ્યા છે, જેનું નામ પણ લોકો જાણતા નથી. માને કટાક્ષ કરતાં કહ્યું કે, વડાપ્રધાન બે દેશો વચ્ચેનું યુદ્ધ રોકી શકે છે, તો પછી પંજાબ અને હરિયાણા વચ્ચેના મુદ્દાઓને કેમ ઉકેલતા નથી?

આજે શુક્રવારે પંજાબ વિધાનસભામાં હાસ્ય કલાકારમાંથી નેતા બનેલા માને કહ્યું કે, એવું લાગે છે કે, જ્યારે વડાપ્રધાન પોતાના વિમાનમાં ઉડાન ભરી રહ્યા હોય છે, ત્યારે નીચે જુએ છે અને પૂછે છે કે, આ કયો દેશ છે? તેમને જવાબ મળે છે કે, આ ફલાણો દેશ છે. તો તેઓ કહે કંઈ વાંધો નહીં, આપણે જ્યાં જઈ રહ્યા છીએ, ત્યાં એક કલાક મોડા પહોંચીશું, ચલો અત્યારે હાલ આપણે આ દેશમાં ઉતરીએ. આવી જ રીતે તેઓ પાકિસ્તાનમાં પણ ઉતર્યા હતા. તેઓ ૧૪૦ કરોડની વસ્તી ધરાવતા દેશમાં રહેતા નથી, અને એવા દેશોનો પ્રવાસ કરી રહ્યા છે, જેના નામ પણ ઘણા લોકોને ખબર નથી.

ભગવંત માને ૨૦૧૫માં પીએમ મોદીની પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ સાથેની મુલાકાતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, વડાપ્રધાન અમસ્તા જ પાકિસ્તાન ગયા હતા. આમંત્રણ વિના તેઓ ત્યાં ગયા અને બિરયાની જમીને પરત આવ્યા. આપણે પાકિસ્તાન જઈ શકતા નથી. પરંતુ તેઓ ત્યાં ઉતરાણ કરી મુલાકાત લઈ શકે છે. નોંધનીય છે, ૨૦૧૫માં વડાપ્રધાન મોદી રશિયાના પ્રવાસેથી અને અફઘાનિસ્તાનમાં થોડો સમય રોકાણ કર્યા બાદ ભારત પરત ફરી રહ્યા હતા, ત્યારે અચાનક પાકિસ્તાનમાં ઉતરાણ કર્યું હતું. વિદેશ મંત્રાલયે ભગવંત માનના નિવેદનને બેજવાબદાર અને ખેદજનક ગણાવ્યું છે. આ નિવેદન માત્ર ભારતના રાજદ્વારી અભિગમને પડકારતું જ નથી, પરંતુ એક નવો રાજકીય મુદ્દો ઊભો કરે છે. જેની ચારેકોર ચર્ચા શરુ થઈ છે. તદુપરાંત ભગવંત માને દિલજીત દોસાંજની અપકમિંગ ફિલ્મમાં એક પાકિસ્તાની અભિનેતાની ભૂમિકા પર ચાલી રહેલા વિવાદ પર પણ ટિપ્પણી કરી કે, આ ફિલ્મનું શુટિંગ પહેલાંથી જ થઈ ગયું હતું. હવે તેને ગદ્દાર સાથે જોડવી અયોગ્ય છે. ક્યારેક દિલજીતને લોકો ગદ્દાર કહે છે, તો ક્યારેક સરદાર.

### બંગાળમાં વધુ એક દુષ્કર્મની ઘટના

# IIM કલકત્તાની બોયઝ હોસ્ટેલમાં એક વિદ્યાર્થિની સાથે હેવાનિયત

### આ મામલે પોલીસે આરોપી વિદ્યાર્થીની ધરપકડ કરી છે

| (એજન્સી) કોલકાતા, તા.૧૨ |

કોલકાતામાં તાજેતરમાં જ લૉ કોલેજમાં દુષ્કર્મનો મામલો સામે આવ્યો હતો. એવામાં હવે ફરી શુક્રવારે રાત્રે કોલકાતામાં સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) કેમ્પસની બોયઝ હોસ્ટેલમાં તેના સહાધ્યાયી દ્વારા પીડિતા સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું હતું. તેણે મોડી સાંજે હરિદેવપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસે આરોપી વિદ્યાર્થીની ધરપકડ કરી છે અને સમગ્ર કેસની તપાસ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, બેંગલુરુના રહેવાસી આરોપી પરમાનંદ ટોપ્પનવર સંસ્થાના બીજા વર્ષનો વિદ્યાર્થી છે. આરોપી અને પીડિતા એકબીજાને પહેલાથી ઓળખતા હતા. બંનેની પહેલી મુલાકાત ઓનલાઈન થઈ હતી, જે બાદમાં અભ્યાસ અને કારકિર્દીના કારણે બંને વચ્ચે વાતચીત શરુ થતી હતી. શુક્રવારે આરોપીએ મહિલાને કેમ્પસમાં બોલાવી અને કાઉન્સલિંગ સેશનમાં મદદ કરવાનું કહ્યું હતું. પીડિતાએ પોલીસને જણાવ્યું કે, જ્યારે હું સંસ્થા પહોંચી ત્યારે આરોપીએ મને વિઝિટર રજિસ્ટરમાં મારું નામ નોંધાવવા માટે ના પાડી હતી. આમ છતાં, તેની પર વિશ્વાસ કરીને હું કેમ્પસની અંદર ગઈ. પોલીસના જણાવ્યા અનુસાર પીડિતાએ કહ્યું હતું કે, આરોપી મને કોઈ બહાને બોયઝ હોસ્ટેલમાં લઈ ગયો, જ્યાં તેણે મને પીઝા અને કોલ્ડ્રીંક આપ્યું. કોલ્ડ્રીંક પીધા પછી મને ચક્કર આવવા લાગ્યા અને હું અસ્થિર થઈ ગઈ. ત્યારબાદ મેં વોશરૂમ જવા માટે કહ્યું ત્યારે આરોપીએ મારી સાથે દુષ્કર્મ કરવાનો પ્રયાસ કર્યો જેનો વિરોધ કરતા મેં તેને થપ્પડ મારી જેથી આરોપી હિંસક બની ગયો અને મને માર માર્યો અને મારી સાથે દુષ્કર્મ કર્યું. પીડિતાએ પોલીસને જણાવ્યું કે, હું થોડા સમય માટે અર્ધબેભાન અવસ્થામાં હતી અને પછી બેભાન થઈ ગઈ. સાંજે જ્યારે મને ભાન આવ્યું, ત્યારે હું હોસ્ટેલરૂમમાં એકલી હતી. ત્યારબાદ મેં એક મિત્રનો સંપર્ક કર્યો અને કોઈક રીતે સંસ્થામાંથી બહાર નીકળીને પોલીસ સ્ટેશન પહોંચી. પીડિતાએ પહેલા ઠાકુરપુકુર પોલીસ સ્ટેશન અને પછી હરિદેવપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પોલીસે ભારતીય દંડ સંહિતા (BNS) ની કલમ ૬૪ (બળાત્કાર) અને ૧૨૩ (ઈરાદાપૂર્વક ઝેર અથવા અન્ય હાનિકારક પદાર્થ દ્વારા ઈજા પહોંચાડવી) હેઠળ કેસ નોંધ્યો છે.

### સમાજ માટે ચિંતાની ઘંટી કે સંસ્કૃતિમાં પરિવર્તન?

# ભારતીય સ્ત્રીઓની ‘એડલ્ટ કન્ટેન્ટ’ તરફ વધતો ઝુકાવ

|(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨|

જ્યાં સુધી ભારતની વાત છે, ત્યાં સુધી સ્ત્રી શીલ, સંસ્કાર અને નમ્રતાનું પ્રતિક માનવામાં આવે છે. પણ હવે ડિજિટલ યુગમાં ભારતીય મહિલાઓનું એક નવું પાસું સામે આવી રહ્યું છે – એડલ્ટ કન્ટેન્ટ સામેનો તેમનો વધતો ઝુકાવ. આંતરરાષ્ટ્રીય પોર્ન સાઈટ પોર્નહબ (PornHub) દ્વારા બહાર પાડવામાં આવેલા તથ્યાંક ચોંકાવનારા છે – અને સૌથી ચોંકાવનારી વાત એ છે કે ભારતની મહિલાઓ હવે આ વિસ્તારમાં વૈશ્વિક સરેરાશ કરતા પણ આગળ છે.

વિશ્વ સરેરાશના મુકાબલે વધારે : વિશ્વભરમાં મહિલાઓ પોર્ન જોવાના વિષયમાં સરેરાશ 24% છે, જ્યારે ભારતમાં આ આંકડો 30% છે. આનો અર્થ એ થયો કે દરેક ત્રણમાંથી એક ભારતીય સ્ત્રી એડલ્ટ કન્ટેન્ટ જોતી હોવાનું પ્રમાણ છે.

કેરળમાં ખાસ સંખ્યાબંધ સ્ત્રીઓ : પોર્નહબના આંકડાઓ અનુસાર કેરળ રાજ્યમાંથી સાઈટ પર આવતા તમામ યૂઝર્સમાંથી લગભગ 29% સ્ત્રીઓ છે – જે નોંધપાત્ર છે અને રાજ્યના શિક્ષણદર અને ડિજિટલ એક્સેસને ધ્યાનમાં લેતાં વિશ્લેષણ બાબત છે.

ભારત દુનિયામાં ટોચના ત્રણ પોર્ન જોનારા દેશોમાં : આંકડા દર્શાવે છે કે ભારત, અમેરિકાના પછી, પોર્ન કન્ટેન્ટ જોનાર દેશોમાં ટોચની ગિનતીમાં આવે છે. દરેક વર્ષે દર્શકોની સંખ્યા અને જોવામાં આવતા મિનિટો વધી રહી છે.

સ્ત્રીઓ પુરુષોની સરખામણીએ વધુ સમય વિતાવે છે : મહત્વપૂર્ણ બાબત એ છે કે પુરુષો કરતાં મહિલાઓ પ્રત્યેક સેશનમાં થોડો વધુ સમય એડલ્ટ સાઈટ્સ પર વિતાવે છે. આથી એ સ્પષ્ટ થાય છે કે આ તેમને માટે માત્ર કૌતુક નહિ પરંતુ એક જુસ્સાદાર જરૂરિયાત બની રહી છે.

સ્ત્રીઓમાં લોકપ્રિય કેટેગરીઝ : ભારતીય સ્ત્રીઓ ખાસ કરીને ‘લેસ્બિયન’, ‘બિગ ડિક’, ‘થ્રીસમ’ અને ‘જાપાનીઝ’ કેટેગરીને વધુ પસંદ કરે છે – જે કેવળ શારીરિક લાલસાથી નહીં પણ માનસિક અનુભૂતિના પડછાયાં દેખાડે છે. ઓફિસમાં પણ NSFW કન્ટેન્ટ શોધવામાં આવે છે : વિશ્લેષણ દર્શાવે છે કે 20% પુરુષો અને 12% સ્ત્રીઓએ પોતાના ઓફિસના ઈન્ટરનેટથી પણ કમ સે કમ એકવાર અશ્લીલ કન્ટેન્ટ જોવા માટે તેનો ઉપયોગ કર્યો છે – જે વ્યવસાયિક જગતમાં એક ગંભીર સમસ્યા ઉભી કરે છે.

# તંત્રી લેખ...

## ચીનને પાક.થી દૂર કરવું જરૂરી

ઓપરેશન સિંદૂરમાં મળેલી સફળતાને આપણે એ ઉપમહાદ્વીપના શક્તિ-સંતુલનમાં થઈ રહેલા બદલાવના સંદર્ભે જોવું જોઈએ. એ હવે અનિવાર્ય થઈ ગયું છે કે આપણા નીતિ-નિર્માતા મોટી તસવીર પર ધ્યાન આપે અને એને જ અનુરૂપ યોગ્ય રસ્તો અપનાવે. જ્યારે આંતરરાષ્ટ્રીય અને ક્ષેત્રીય સમીકરણ તેજીથી બદલાઈ રહ્યા હોય ત્યારે ભારતીય રણનીતિને એક નવી દિશા આપવા માટે કેટલીક વાતોનું ચોક્કસ ધ્યાન રાખવું જોઈએ. અસલમાં ચીન અને પાકિસ્તાનની દોસ્તી એક એવી હકીકત બની ચૂકી છે, જેને નજરઅંદાજ ન કરી શકાય અને જેનો મુકાબલો કરવો બહુ આસાન પણ નથી. મોટાભાગના વિશ્લેષકો માને છે કે સીમિત સંઘર્ષોમાં પાકિસ્તાન પર ભારતે ભલે સરસાઈ મેળવી હોય, પરંતુ હવે એનો કોઈ મતલબ નથી, ખાસ કરીને ત્યારે, જ્યારે એવા સંઘર્ષ પર પરમાણુ તણાવની છાયા હોય. સાચું એ જ છે કે પાકિસ્તાન આપણી બરાબરીનું સૈન્ય પ્રતિદ્વંદ્વી છે. ચીનના સૈન્ય ઔદ્યોગિક માળખાને ત્યાં આવવાથી સ્થિતિ વધુ જટિલ થઈ ગઈ છે. ચીન કોઈપણ સંઘર્ષને તેના પક્ષમાં ઝૂકી શકે છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)એ ગત એક દાયકામાં પોતાની સેનાઓને ઘણું આધુનિક બનાવ્યું છે. જોકે તેનો મૂળ મકસદ તાઈવાન જલડમરુમધ્યમાં અમેરિકી પહોંચને રોકવું અને તેને હરાવવાનું છે.

## વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ ભારતે ભારે ગરમીના જોખમ વ્યવસ્થાપન માટે સક્રિય-દૂરંદેશી અભિગમ અપનાવ્યો છેઃ ડો. પી.કે. મિશ્રા

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી.કે. મિશ્રાએ યુએન સેક્રેટરી જનરલના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો છે અને વૈશ્વિક કટોકટી તરીકે ભારે ગરમીનો સામનો કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ગઈકાલે જીનીવામાં એક્સ્ટ્રીમ હીટ રિસ્ક ગવર્નન્સ પરના ખાસ સત્ર દરમિયાન મુખ્ય સંબોધન કરતા, તેમણે ભાર મૂક્યો હતો કે વધતું તાપમાન જાહેર આરોગ્ય, આર્થિક સ્થિરતા અને પર્યાવરણીય સ્થિતિસ્થાપકતા માટે પ્રણાલીગત ખતરો છે અને ભારત એક્સ્ટ્રીમ હીટ રિસ્ક ગવર્નન્સ માટે કોમન ફ્રેમવર્કને વહેંચાયેલ શિક્ષણ, માર્ગદર્શન અને સહયોગ માટે એક પ્લેટફોર્મ તરીકે આગળ વધારવા માટે UNDRRની પહેલનું સ્વાગત કરે છે.

ડૉ. મિશ્રાએ ભાર મૂક્યો હતો કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતે ભારે ગરમીના જોખમ વ્યવસ્થાપન માટે સક્રિય અને દૂરંદેશી અભિગમ અપનાવ્યો છે. તેમણે માહિતી આપી હતી કે ભારત આપત્તિ પ્રતિભાવથી આગળ વધીને સંકલિત તૈયારી અને શમન વ્યૂહરચના તરફ આગળ વધ્યું છે. ૨૦૧૬ થી રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA)એ ગરમીના મોજા વ્યવસ્થાપન પર વ્યાપક રાષ્ટ્રીય માર્ગદર્શિકા વિકસાવી છે, જે ૨૦૧૯માં સુધારેલ હતી. વિકેન્દ્રિત ગરમી કાર્ય યોજના (HAP) માટે પાયો નાખ્યો હતો. તેમણે અમદાવાદ હીટ એક્શન પ્લાનની પ્રશંસા કરી હતી, જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે કેવી રીતે વહેલી ચેતવણી આંતર-એજન્સી સંકલન અને સમુદાય સંપર્ક જીવન બચાવી શકે છે. મુખ્ય સચિવે ભાર મૂક્યો કે, "ગરમીથી પ્રભાવિત ૨૩ રાજ્યોના ૨૫૦થી વધુ શહેરો અને જિલ્લાઓમાં ગરમી કાર્ય યોજનાઓ કાર્યરત છે, જેનu NDMAના સલાહકાર, તકનીકી અને સંસ્થાકીય પદ્ધતિઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે." તેમણે ભાર મૂક્યો કે મજબૂત દેખરેખ, હોસ્પિટલની તૈયારી અને જાગૃતિ અભિયાનોને કારણે ગરમીના મોજા સંબંધિત મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે ભારતનો અભિગમ સમગ્ર સરકાર અને સમગ્ર સમાજનો છે, જેમાં આરોગ્ય, કૃષિ, શહેરી વિકાસ, શ્રમ, વીજળી, પાણી, શિક્ષણ અને માળખાગત સુવિધાઓ મંત્રાલયોનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું કે જાહેર આરોગ્ય સંસ્થાઓ, સંશોધન જૂથો, નાગરિક સમાજ સંગઠનો અને યુનિવર્સિટીઓ સ્થાનિક સરકારોને ગરમી કાર્ય યોજનાઓને સુધારવામાં મદદ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

ડૉ. મિશ્રાએ ભાર મૂક્યો કે, "અતિશય ગરમી સમુદાયોને ખૂબ અસર કરે છે, અને ભારતે તેના પ્રતિભાવમાં પરંપરાગત જ્ઞાન અને સ્થાનિક અનુભવોને સક્રિયપણે સામેલ કર્યા છે." તેમણે ઉમેર્યું કે શાળાઓ વ્યવહાર પરિવર્તન માટે ઉત્પ્રેરક બની છે, બાળકોને આબોહવા સ્થિતિસ્થાપકતા વિશે શિક્ષિત કરે છે. તેમણે એ પણ ભાર મૂક્યો કે હોસ્પિટલો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ઝડપી અને અસરકારક કટોકટી પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે મજબૂત બનાવવા જોઈએ.


ભારતના ફક્ત તૈયારી-આધારિત અભિગમથી લાંબા ગાળાના ગરમીના પવન ઘટાડવાના અભિગમ, જેમાં કૂલ રૂફ ટેકનોલોજી, પેસિવ કૂલિંગ સેન્ટર, શહેરી હરિયાળી અને પરંપરાગત જળ સંસ્થાઓના પુનરુત્થાનનો સમાવેશ થાય છે, તેની રૂપરેખા આપતા શ્રી મિશ્રાએ પુષ્ટિ આપી કે ભારત શહેરી ગરમી ટાપુ (UHI) મૂલ્યાંકનને શહેર આયોજનમાં એકીકૃત કરી રહ્યું છે.

એક મોટા નીતિગત પરિવર્તનની જાહેરાત કરતા, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય અને રાજ્ય આપત્તિ શમન ભંડોળ (SDM-F)નો ઉપયોગ હવે ગરમીના મોજા ઘટાડવા માટે થઈ શકે છે, જેનાથી સ્થાનિક સરકારો, ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ, NGO અને વ્યક્તિઓ નિવારણ અને શમન પ્રોજેક્ટ્સને સહ-ધિરાણ આપી શકે છે, જેનાથી સહિયારી જવાબદારીને પ્રોત્સાહન મળે છે. ડૉ. મિશ્રાએ બાકી રહેલા મુખ્ય પડકારોને સ્વીકાર્યા અને પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓને વધારવા, એડવાન્સ બિલ્ડિંગ ટેકનોલોજી અને પેસિવ કૂલિંગ નવીનતાઓ જે સસ્તી અને સાંસ્કૃતિક રીતે યોગ્ય છે અને સમાનતાની ચિંતાઓને સંબોધવા માટે વાસ્તવિક સમયના ડેટા પર આધારિત સ્થાનિક ગરમી-ભેજ સૂચકાંક વિકસાવવા પર વૈશ્વિક ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી, કારણ કે ભારે ગરમી મહિલાઓ, બહાર કામ કરતા કામદારો, વૃદ્ધો અને બાળકોને અપ્રમાણસર અસર કરે છે. ડૉ. મિશ્રાએ "ભાર આપીને કહ્યું કે હીટવેવ સીમાપાર અને પ્રણાલીગત જોખમ, ખાસ કરીને ગીચ વસ્તીવાળા શહેરી ક્ષેત્રો માટે છે." તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને ગરમી પ્રત્યે સ્થિતિસ્થાપકતા પર તકનીકી સહયોગ, ડેટા શેરિંગ અને સંયુક્ત સંશોધન વધારવનો આગ્રહ કર્યો હતો. તેમણે સંસ્થાકીય અને નાણાકીય સહાય પદ્ધતિઓ સાથે સુલભ જ્ઞાન, સંશોધન અને વ્યવહારુ ઉકેલો પ્રદાન કરવા માટે સામાન્ય માળખા માટે હાકલ કરી છે.

ડૉ. મિશ્રાએ ભારે ગરમી પ્રત્યે સ્થિતિસ્થાપક, સંકલિત અને સક્રિય વૈશ્વિક પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે વૈશ્વિક ભાગીદારો સાથે તેની કુશળતા, તકનીકી ક્ષમતાઓ અને સંસ્થાકીય શક્તિઓ શેર કરવાની ભારતની સંપૂર્ણ પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી છે.

**પ્રકૃતિમાં દરેક વ્યવસાયને અંતર્ગત ભ્રષ્ટાચાર થવાથી પ્રદૂષણ ફેલાય છે, અને અત્યારે તો એવી પરિસ્થિતિ છે**

# આજનું પ્રદૂષિત પર્યાવરણ એ વિજ્ઞાનની ભેટ છે! અને આપણી ભૂલ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આજની વિશ્વની પરિસ્થિતિ કદાચ ફક્ત વધુ પડતાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાથી જ આવી છે! એવું તો નથી ને? અને લગભગ બધાનો જવાબ હાં હશે એવું ચોક્કસ પણે કહી શકાય, કારણકે વિજ્ઞાનિક વિકાસને નામે આજે સમાજમાં પ્રકૃતિમાં જે રીતે પ્રદૂષણ છોડવામાં આવે છે, એ અંતે તો આપણું જીવન જ જોખમમાં મૂકી રહ્યું છે, એ વિશે હવે સચેત થવું પડશે, વિસ્તૃત રીતે આ પ્રક્રિયા જોઈએ તો, પૃથ્વી પર વસ્તી વધારો ખૂબ વધી રહ્યો છે.**

હાલમાં ૫ જૂન એ પર્યાવરણ દિવસ ગયો,! પર્યાવરણ એટલે આપણી આસપાસની પ્રકૃતિ! અને તેનું સંરક્ષણ કરવું એ દરેકની ફરજ છે! કંઈ રીતે કરવું એ પણ આપણે પ્રાથમિક શાળામા ભણી ગયાં પણ ભણવા પુરતું ભણી લીધું! પછી ભૂલી ગયાં એટલે આ પરિસ્થિતિ ઉભી થઈ છે. પણ છતાં દેખાડો કરવાનું આપણે ચૂકતા નથી! પર્યાવરણ દિવસ નિમિત્તે દેશભરમાં કઈ કેટલાય કાર્યક્રમનું આયોજન થયું હશે, નેતાઓએ ભાષણો આપ્યા હશે, જંગલો બચાવવા વિશે યોજનાઓ ઘડી હશે, વૃક્ષારોપણના કાર્યક્રમો પણ કર્યા હશે, પરંતુ શું એટલું પર્યાપ્ત છે? વારંવાર આવતાં વાવાઝોડામાં કુદરતી સૌંદર્યને બહું મોટી નકશાની થાય, અને અસંખ્ય વૃક્ષો ધરાશયી થાય, અને રીતે જોઈએ તો અત્યાર સુધીમાં જેટલા વૃક્ષો ધરાશયી થયાં, એટલા ઉગે નહીં ત્યાં સુધી ઓક્સિજનની કમી યથાવત રહેશે. તો શું વાતાવરણમાં ઓક્સિજનનું પ્રમાણ બરકરાર રહે અને ઝેરી વાયુઓ વધે નહીં, એ જોવાની જવાબદારી માત્ર સરકારની જ છે? ઓક્સિજન તો આપણે પણ જોઈએ છીએ, તેને માટે સમાજનાં એકોએક વ્યક્તિએ જાગવું પડશે, અને પર્યાવરણની રક્ષા કરવી પડશે! વૃક્ષારોપણ કરવું, એ ખરેખર બહુ જ સારી વાત છે, પણ સાથે સાથે પર્યાવરણની શુદ્ધતા બચાવવા શું ન કરવું જોઈએ, એનો વિચાર પણ હવે દરેક વ્યક્તિએ કરવો પડશે. જ્યાં ત્યાં ફેંકાતા કચરા અને એમાં પણ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળવો પડશે, કચરાઓ કોહવાય જતા કાર્બન મોનોક્સાઈડ વાયુ ઉત્પન્ન થાય છે, જે અત્યંત ઝેરી વાયુ છે, અને ઓક્સિજનની કમી તેને કારણે થાય છે. સમાજનો દરેક વ્યકતિ કચરો



કહોવાય નહીં તેનું ધ્યાન રાખી શકે, એવી જ રીતે પ્રાકૃતિક ઘટકોનો બગાડ ના થાય એવી જીવન વ્યવસ્થા વિચારવી પડશે. દિવસે દિવસે વસ્તીમાં વધારો થઈ રહ્યો છે, એટલે આપણી પાસે જંગલો અને વૃક્ષો માટે જમીન વધવાની નથી, આ ઉપરાંત ખેતી માટેની જમીનો બિનખેતી કરી ત્યાં પણ શોપિંગ મોલ અને ઉદ્યોગોનો વિકાસ થાય છે, એટલે એકંદરે ક્યાંક વિકાસ આપણને નડે છે. ફરી પાછો કોરોના વાયરસ આવ્યો છે, પણ કોરોનાથી પણ મોટું કોઈ સંકટ હોય તો એ અત્યારે પ્રદૂષણનું છે, અને એ પ્રદૂષણનો યોગ્ય ઉપાય કરી પર્યાવરણને બચાવવા દરેક વ્યક્તિ સંકલ્પિત હોવી જોઈએ, તો જ પરિસ્થિતિ સુધરી શકે. વિશ્વ સામે અત્યારે સૌથી મોટું સંકટ હોય તો એ પ્રદૂષણનું છે. જેમ દરેકે દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર છે, એ જ રીતે પ્રકૃતિમાં દરેક વ્યવસાયને અંતર્ગત ભ્રષ્ટાચાર થવાથી પ્રદૂષણ ફેલાય છે, અને અત્યારે તો એવી પરિસ્થિતિ છે, કે પ્રકૃતિમાં પ્રદૂષણ નહીં, પરંતુ પ્રદૂષણમાં પ્રકૃતિ એટલે કે પૃથ્વી ફરતી હોય એવું લાગે છે. આપ કહેશો આ તો અતિશયોક્તિ છે, પણ એવું બિલકુલ નથી. જરાક શાંતિથી વિચારો તો શ્વાસમાં આપણે જે ઓક્સિજન લઈ રહ્યાં છીએ તે શું શુદ્ધ છે? અને એની તપાસ કરવામાં આવે, તો તરત જ ખ્યાલ આવી જશે, કે પરિસ્થિતિ બહુ જ ગંભીર છે, અને એટલે જ દુનિયામાં અસ્થમાનાં રોગીની સંખ્યા નિરંતર વધતી રહે છે. માનવી જે શ્વાસમાં લે છે, એ ઓક્સિજન પણ અહીં શુદ્ધ નથી! તો બાકીની તેની જે પ્રાથમિક જરૂરિયાત છે, તેમાં શુદ્ધતાની ક્યાંથી આશા રાખી શકાય. એટલે કે પાણી પણ પ્રદુષિત, ખોરાક પણ પ્રદૂષિત, અને ઉપરથી માનવીએ જરૂરિયાતોને નામે જે આદતો પાડી છે એ પણ પ્રદૂષિત. બાહ્ય પ્રકૃતિમાં તો આવા કેટલાય પ્રદૂષણ છે, એ બધાં આ રીતે શરીરની અંદર પ્રવેશતાં, આંતરિક પ્રકૃતિ પણ અસંતુલિત અને પ્રદૂષિત થાય છે, અને આજકાલ નાની ઉંમરમાં અસ્થમા બી.પી ડાયાબિટીસ અને હાર્ટ ટર્બલ જેવા ભયંકર રોગ થાય છે, તે બધું આને પ્રતાપે છે. પરંતુ આ કપરી પરિસ્થિતિનો સામનો કરવો હોય અથવા તો તેમાં સુધારો કરવો હોય તો આપણે શું કરી શકીએ? મને લાગે છે કે આપણે આપણો જીવવાનો અભિગમ બદલવો પડશે,તો જ આ ગંભીર સમસ્યામાંથી છુટકારો મળશે. આજની વિશ્વની પરિસ્થિતિ કદાચ ફક્ત વધુ પડતાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાથી જ આવી છે! એવું તો નથી ને? અને લગભગ બધાનો જવાબ હાં હશે એવું ચોક્કસ પણે કહી શકાય. કારણકે વિજ્ઞાનિક વિકાસને નામે આજે સમાજમાં પ્રકૃતિમાં જે રીતે પ્રદૂષણ છોડવામાં આવે છે, એ અંતે તો આપણું જીવન જ જોખમમાં મૂકી રહ્યું છે, એ વિશે હવે સચેત થવું પડશે. વિસ્તૃત રીતે આ પ્રક્રિયા જોઈએ તો, પૃથ્વી પર વસ્તી વધારો ખૂબ વધી રહ્યો છે, અને એટલા પરિવારની પ્રાથમિક જરૂરિયાત વિશે પણ સરકારે કે વિજ્ઞાન એ વિચારવું રહ્યું, એટલે પ્રકૃતિ સાથે ચેડાં કરવાનું શરૂ થયું. પહેલાં જંગલો કપાયાં, રોજગાર માટે ખેતીની જમીન બિન ખેતી સાબિત કરી ઉદ્યોગો સ્થાપ્યાં, એટલે અનાજ ઓછું પડ્યું, એટલે મબલખ પાક લેવા ખેતીની જમીનમાં ખાતર રૂપે રસાયણો નાખ્યા,જમીન પ્રદૂષિત થતાં અનાજનાં છોડમાં રોગ આવ્યાં, એટલે જંતુનાશક દવાઓ છાંટી,એવો ખોરાક માનવ ખાય એટલે કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, જેવા રોગ આવ્યાં. ઉપરાંત પોલિયો જેવાં જન્મ જાત રોગ પણ આવ્યાં,ને આજે તો ફુગાવો અને મોંઘવારી વધતા ભૂખમરો વધી જતાં કુપોષણની સમસ્યા એ અજગર જેમ ભરડો લીધો છે.

તો જરાક વિચારીએ કે એકવીસમી સદીનો જે નારો લગાવી રહ્યા છીએ,જે રીતે વિકાસનું મુલ્યાંકન થઈ રહ્યું છે, અને આ બધું તો ફક્ત ઉપર છલ્લું આપણે જોયું, હજી તો સંક્રમિત વનસ્પતિના ફાયદા ગેરફાયદા, મિલ્ક પાવડર અને એસિડ વે પાવડર અથવા ડિટર્ઝંટ પાવડર નાખી ને બનતા નકલી પેસ્ચ્યુરાઈડઝ દૂધ, નકલી દવાઓ એની આડઅસર અને જમીનમાં ખાતર નાખી જે રીતે પાક લેવામાં આવે છે, એને આરોગવાથી કેટલા માનસિક વિકાર એટલે કે વિકૃતિ વધે છે, એ વિશે તો કોઈ વિચારતું જ નથી? પણ અંતે તો આ બધું આપણી અસંતુલિત પ્રકૃતિનું પરિણામ છે! અને સમાજમાં સંબોધોનું જે રીતે ધોવાણ થઈ રહ્યું છે,એ જોતાં આવતા દસ વર્ષમાં અનાથ આશ્રમ, વૃદ્ધાશ્રમ, અને એ ઉપરાંત ત્યકતા, તથા કુંવારી માતાની સંખ્યા આજ કરતા દસ ગણી હશે.આ કલ્પના પણ બિહામણી છે, તો વાસ્તવિકતા કેમ જોઈ જશે!! એવું નથી લાગતું કે હવે જરાક તો આંખો ખોલીને જોવું પડશે? આ વિકટ પરિસ્થિતિ માંથી બહાર આવવાં સૌ એ એક મત પર સંમત થઈ, આગળ વધવું પડશે, નહીં તો આ પ્રદૂષણ આપણને નહીં છોડે. ક્યાંક એવું ન થાય કે આગળ જતાં પગ પાછાં પડે!

ઈશ્વરે બનાવેલી આ સૃષ્ટિમાં જો સૌથી બુદ્ધિશાળી કોઈ હોય, તો એ માનવ છે! અને એણે દુનિયાની અદ્યતન માં અદ્યતન શોધ કરીને સાબિત પણ કરી દીધું છે! પણ મને લાગે છે કે, એની વધુ પડતી બૌદ્ધિકતા જ એનાં અસ્તિત્વ માટે જોખમી પૂરવાર થશે! કારણકે માત્ર વૈજ્ઞાનિક વિકાસનો અભિગમ સમાજના સર્વાંગી વિકાસને સાધતો નથી, અને એટલે અન્ય દેશની સરખામણીમાં એક બે મોલ ઓછા હશે તો ચાલશે, એકાદ-બે રોગની દવા નહીં મળી હોય તો પણ ચાલશે, ઉદ્યોગો પણ પ્રમાણમાં ઓછાં હશે તો ચાલશે, અદ્યતન શાળાઓ નહીં હોય તો પણ ચાલશે, અને અત્યારની જનરેશન મુજબ આધુનિકતાની વિચારસરણી નહીં હોય તો પણ ચાલશે. પરંતુ સૌથી મહત્ત્વનું પૃથ્વી અને આપણું અસ્તિત્વ હોવું બહુ જરૂરી છે, અને જેટલું આયુષ્ય હોય એટલું સ્વસ્થ અને પ્રસન્ન હોય એ જરૂરી છે. તો પ્રકૃતિને સુરક્ષિત રાખવી એ આપણી દરેકની ફરજ છે. પરંતુ માત્ર પ્રકૃતિ બચાવોનાં નારા લગાવવાથી કંઈ પુરું થાય એવું નથી,એની માટે નક્કર પગલાં ભરવા પડશે. તો વિજ્ઞાને ઘણો વિકાસ કરી લીધો,અને બુદ્ધિજીવી માત્ર કહેવડાવવાનું નથી, થવાનું પણ છે, કે આ સારું કે ખરાબ!, એનું મુલ્યાંકન કરી, શોધને અપનાવવી કે અનાદર કરવો, એ દરેકે દરેક વ્યક્તિ પર નિર્ભર કરે છે. પરંતુ એક ભારતીય હોવાને કારણે સૌના ઉજ્જ્વળ ભવિષ્યની પ્રાર્થના જરુર કરી શકાય.જય હિન્દ.

**જેઓ વર્તમાનનો સારો ઉપયોગ કરે છે તે અસાધારણ લોકો છે, તેથી જ દરેક વ્યક્તિએ વર્તમાન નો સારો ઉપયોગ કરવો જોઈએ**

# કોઈ એટલો ધનવાન નથી કે પોતાનો ભૂતકાળ ખરીદી શકે અને એટલો ગરીબ નથી કે પોતાનું ભવિષ્ય બદલી ન શકે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આપણે ભૂતકાળ પર કોઈ ભાર નથી અને ભવિષ્ય વાસ્તવમાં, જે થયું તેને ભૂલી જાઓ હવે પછીનું સુધારી લો એ માત્ર એક કહેવત નથી, પણ સમગ્ર મનુષ્ય માટે જીવન જીવવાનો એક ખૂબ જ ઊંડો, અર્થપૂર્ણ અને મૂલ્યવાન સંદેશ છે, જેનાથી ભૂતકાળને ભૂલીને ભવિષ્ય જીવવાની પ્રેરણા મળે છે.**

આજકાલ ચારેબાજુ કાળઝાળ મોંઘવારી બેરોજગારી ભ્રષ્ટાચાર થી પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈછે શિક્ષિત બેરોજગાર યુવાધન એન કેન પ્રકારે સમય વેડફી રહયા છે. ગૃહસ્થો સન્યાસીઓ ભૂતકાળ ની ઘટનાઓને વાગોળી ભવિષ્ય માં શું થશે તે બાબતે ચિંતીત છે. ગૃહિણીઓ ખાદ્યચીજ વસ્તુના વધતાં ભાવથી વિહવળ છે કેમ ખરું ને?? આવા નાના કારણે વર્ત માન સમયને સારી રીતે જાણી કે માણી શકતા નથી ત્યારે આચાર્ય ચાણક્યજીએ બહુ સરસ કહ્યું છે કે કોઈએ ભૂતકાળનો શોક ન કરવો જોઈએ,ન તો ભવિષ્યમાં શું થશે તેની ચિંતા કરવી જોઈએ. જેઓ વર્તમાનનો સારો ઉપયોગ કરે છે તે અસાધારણ લોકો છે. તેથી જ દરેક વ્યક્તિએ વર્તમાન નો સારો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે આપણે ભૂતકાળ પર કોઈ ભાર નથી અને ભવિષ્ય વાસ્તવમાં,જે થયું તેને ભૂલી જાઓ હવે પછીનું સુધારી લો એ માત્ર એક કહેવત નથી,પણ સમગ્ર મનુષ્ય માટે જીવન જીવવાનો એક ખૂબ જ ઊંડો, અર્થપૂર્ણ અને મૂલ્યવાન સંદેશ છે,જેનાથી ભૂતકાળને ભૂલીને ભવિષ્ય જીવવાની પ્રેરણા મળે છે.આ કરવા માટે વર્તમાનની જમીન પર પાયો નાખવાથી, ભવિષ્યનું નિર્માણ પણ શક્ય છે. તેથી, ભવિષ્યનું નિર્માણ કરવા માટે, માણસે ભૂતકાળમાંથી શીખવું જોઈએ. વાસ્તવિકતાના આધારે સંપૂર્ણ પ્રયાસ કરવો જોઈએ. સત્ય એ છે કે ભૂતકાળ મરી ગયો છે, વાસ્તવિકતા સજીવ



જીવંત છે,જ્યારે કલ્પનાની દુનિયા પ્રાર્થના સહાયક તરીકે કામ કરે છે, કોઈ એટલો ધનવાન નથી કે પોતાનો ભૂતકાળ ખરીદી શકે અને એટલો ગરીબ નથી કે પોતાનું ભવિષ્ય બદલી ન શકે. આજના સમયમાં લોકો કાળઝાળ મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારથી પરેશાન છે. શિક્ષિત યુવાધન સમયનો યોગ્ય ઉપયોગ કરતો ન દેખાય. ઘણા લોકો ભૂતકાળમાં થયેલી ઘટનાઓને લઈને વ્યથિત છે, અને ભવિષ્યમાં શું થશે તે અંગે ચિંતિત છે. આવા સંજોગોમાં આચાર્ય ચાણક્યનું સૂચન ખૂબ જ સારું છે - "ભૂતકાળનો શોક ન કરો, ભવિષ્યની ચિંતા ન કરો, પણ વર્તમાનનો સારો ઉપયોગ કરો." જે લોકો વર્તમાનને યોગ્ય રીતે જીવે છે, એ જ ખરેખર અસાધારણ છે. ભવિષ્યને સુધારવા માટે વર્તમાન જ એકમાત્ર પાયો છે. બીતી તાહી બિસાર દે, આગીન સુધિ લાયા ચોક્કસપણે અજોડ શક્તિના રોના રૂપમાં ત્રણેય ભૂત કાળ, વર્તમાન અને ભવિષ્યના વ્યવસ્થિત સંચાલન તરફ નિર્દેશ કરે છે. અર્થ બહુ સ્પષ્ટ છે કે ભૂતકાળને ભૂલી જાવ, એ બધા વિદ્વાનોનું સત્ય જણાય છે કે સ્મૃતિ દાન છે,તેથી વિસ્મૃતિએ એક પ્રકારનો પ્રસાદ છે. 'આગે કી સુધિ લે'શબ્દ ભવિષ્યની સુખા કારીનો સંકેત આપે છે.યુગોમાં પણ આપણા આરાધ્ય દેવતાઓ એ શક્ય હોય ત્યાં સુધી અપ્રિય અથવા અત્યંત અપ્રિયપરિસ્થિતિ ઓને ભૂલી જવાનો સંદેશો ફેલાવ્યો છે, પછી તે સમય હોય કે ગુજરી રહેલી વ્યક્તિ. તેણે કર્યું છે અને ગયું છે, તે ફરી પાછો નથી આવતો, આ દષ્ટિકોણ થી સૂઈ જાઓ અને જુઓ, પછી ભૂતકાળ માટે પસ્તાવોજ નુકસાન કરે છે. કેટલાક વિદ્વાનોએ સાચું જ કહ્યું છે - ગતમ્ ના શોચામિ કૃતમ ના મન્યે.દિલગીર થવું રડવું, ધોવા વગેરે આવા કામ નકામા છે. કવિ તુલસીદાસજીએ સ્પષ્ટ લખ્યું છે-કા વરા જબ ખેતી સુકાઈને સમયથી પુની કા પચીતને. ભૂતકાળમાં જે થયું તેને ભૂલી જાઓ એ માત્ર કહેવત નથી, પણ એ માનવજીવન માટે ઊંડો સંદેશ છે. ભૂતકાળથી શિક્ષા લઈ વર્તમાનમાં સઘન પ્રયત્ન કરવો જોઈએ. ખરેખર, ભૂતકાળ મરી ગયો છે અને કલ્પના માત્ર વિચાર છે. "બીતી તાહી બિસાર દે, આગળ સુધી લેજે" - આ કહેવતનો અર્થ છે કે ભૂતકાળ ભૂલી જાઓ અને આવનારી ક્ષણ માટે તૈયાર રહો. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનું યોગ્ય રીતે સંચાલન કરવું એજ જીવનસફળતાનો રસ્તો છે. વિદ્વાનો કહે છે કે સ્મૃતિ દાન છે, અને વિસ્મૃતિ પ્રસાદ છે. એક વાર સમય ચૂકી ગયા પછી ગમે તેટલો પસ્તાવો કરો તો પણ કોઈ ફાયદો નથી થઈ શકતો. સમયની ગતિને ઓળખીતે પ્રમાણે વર્તવું અને આગળ વધવું એ જ સફળતાનો સાચો માર્ગ છે. પસ્તાવો એટલે એક ભૂલ બીજી ભૂલ કરવી. ભૂતકાળના અનુભવો માંથી,ભગવાન કૃષ્ણ ચોક્કસપણે આપણને આવતી કાલનો માર્ગ બતાવે છે, આ ત્રણ, સત-રજ- તમ થી ઉપર ઊઠીને, રાજ્ય મુજબ સ્થિર અથવા કાયમી બુદ્ધિ સુધી પહોંચવા માટે. સંદેશ જણાવે છે. 'ભૂલી જવું એ નકારાત્મક ઘટના ઓ અને આવા અન્ય દશ્યોના અંધકારમાંથી બહાર આવીને નવા પ્રકાશ સાથે ગંતવ્ય શોધવાનું એક સ્વરૂપ છે. આ માટે,ફક્ત ઉચ્ચ વિચાર, યોગ પ્રાણાયામ અને સક્રિયતાના જીવન માટે એક નવું પરિમાણ શરૂ કરવું પડશે.તુલસીદાસજી લખે છે - "કા વરા જબ ખેતી સુકાઈ", એટલે કે સમય પસાર થઈ ગયો પછી પસ્તાવાથી કશુ મળતું નથી. એટલે જીવનમાં દરેક ક્ષણનો સદુપયોગ કરવો જોઈએ. સમય એક દિશા છે, જેને ઓળખીને આગળ વધવું એ સફળતાનો સાચો માર્ગ છે.

આ સંદર્ભમાં એક વિદ્વાને સાચું જ કહ્યું છે કે ભૂતકાળએ ભવિષ્ય ની પ્રયોગશાળા છે. વર્તમાનએ તમારી ભૂલો અને ભૂતકાળમાં થયેલી ભૂલોમાંથી બોધપાઠ લેવાનું અને ભવિષ્યમાં તેનું પુનરાવર્તન ન કરવાનું પ્લેટ ફોર્મછે આ વાત પર નિશાન સાધતા 'ખલીલ જિબ્રાને' ખૂબ જ સચોટ રીતે કહ્યું છે, 'ગઈકાલ આજની સ્મૃતિ છે અને આવતીકાલ આજનું સ્વપ્ન છે.. તેથી અમારી પાસે વર્તમાન છે. તેથી જ આ સમયની એક-એક ક્ષણ ખૂબ જ આનંદથી પસાર કરવી જોઈએ.ખરેખર, ચિંતા કરવામાં જે સમય વિતાવ્યો તે ડસ્ટબીનમાં ગયો અને વિચારવા માં વિતાવેલો સમય ખૂબ જ સુંદર તિજોરીમાં જમા થયો. આપણા હાથમાં માત્ર વર્તમાન છે. આજે જે આપણે વિચારીએ અને કરીએ છીએ, એ જ આપણા આવતીકાલને ઘડે છે. તેથી, આ સમય અપાર સંપત્તિનો શોભાના અજોડ મોતીનો અનેઅમૃતસમાન જીવનનો જીવન દાતા ઉત્સવ છે, જેના દ્વારા આપણે માનવ જીવન ને ઘણા અંશે ઉન્નત કરી શકીએ છીએ. ભગવાન શ્રીકૃષ્ણ પણ ગીતા માં કહી ગયા કે કર્મ કરો, પસ્તાવા કે અપશબ્દોથી કંઈ લાભ નથી. જીવનમાં ભૂતકાળમાંથી શીખો, પણ તેમાં ફસાઈ ન જાવ. નકારાત્મકતાથી બહાર આવી, ઉર્જાવાન જીવન જીવવું એ મુખ્ય મંત્ર છે.

માર્ક ટ્વેઈને કહ્યું છે કે 'આપણી પાસે સૌથી મૂલ્યવાન વસ્તુ સમય છે. તેથી, તેનો ખર્ચ સમજીને અને આર્થિક રીતે કરવો જોઈએ. તે જ સમયે શ્રેષ્ઠ જીવન જીવવાની કળા જાણી લો ભૂતકાળ શું થયું, તેને સતત વાગોળવાની કોઈ જરૂર નથી ભવિષ્યમાં શું થશે તેની ચિંતા કરી જીવન વ્યતીત કરશો તો રોગનો ભોગ બનશો માટે વર્તમાન સમયને શ્રેષ્ઠ સમજી આનંદથી જીવો ગઈકાલે અગિયારસ સાથે ઈદ ઉલ અઝા બકરી ઈદ મનાવી.. અસ્તુ.

# બોલિવુડની બદનસીબ અભિનેત્રી, પ્રેમના બદલે મળી મોત

## ફિલ્મફેરને આપેલા એક ઇન્ટરવ્યુમાં મહારાણી સંયુક્ત કુમારે પ્રિયાનું અવસાન થયું તે સાંજ વિશે વાત કરી હતી

મનોરંજન જગતના તમામ સ્ટાર્સ રાતોરાત ચાહકોની નજરમાંથી ગાયબ થઈ ગયા હતા, કોઈની ફિલ્મ કરિયર ખતમ થઈ જાય તો કોઈનો જીવ જતો રહે છે. એમાંની એક પ્રિયા રાજવંશ પણ હતી, જેણે દેવ આનંદ સાથે 'સાહેબ બહાદુર' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું, પરંતુ દેવ આનંદના ભાઈ સાથે પ્રેમ થયો. આ પ્રેમ જે તેના જીવનનો દુશ્મન બની ગયો. પ્રિયાનો ચેતન આનંદ પ્રત્યેનો પ્રેમ જબરજસ્ત હતો, પ્રેમના બદલામાં તેને સજા એ મોત મળી હતી. આજે અમે તમને બોલિવૂડ સ્કેન્ડલમાં પ્રિયા રાજવંશના દર્દનાક મોતની કહાની કહેવા જઈ રહ્યા છીએ. દેવ આનંદના ભાઈનું નામ ચેતન આનંદ છે, જે ફિલ્મ ડિરેક્ટર હતા અને પરિણીત હોવા છતાં પ્રિયા રાજવંશના પ્રેમમાં પડી ગયા હતા. રિપોર્ટ્સ અનુસાર, ચેતન આનંદના પત્ની સાથેના સંબંધો



સારા નહોતા અને પ્રિયાના જીવમાં આવ્યા બાદ તે તેનાથી અલગ થઈ ગયો હતો. ચેતન પ્રિયાના પ્રેમમાં એટલી હદે પાગલ હતા કે તેણે પોતાની પ્રોપર્ટી તેના નામે કરી દીધી હતી અને આ જ તેના મોતનું કારણ બની ગયું હતું.પ્રિયા રાજવંશ લગ્ન વગર ચેતન આનંદ સાથે રહેતી હતી. ચેતને પોતાની પ્રોપર્ટીને ત્રણ ભાગમાં વહેંચી દીધી હતી, જેમાંથી બે ભાગ પોતાની પ્રથમ પત્નીના બંને પુત્રોને આપ્યો હતો અને એક ભાગ અભિનેત્રી પ્રિયા રાજવંશને આપ્યો હતો. ચેતન આનંદનું વર્ષ ૧૯૯૭માં અવસાન થયું હતું અને ૩ વર્ષ બાદ પ્રિયાની હત્યા થઈ હતી.આ હત્યા બીજા કોઈએ નહીં પરંતુ ચેતન આનંદના બે પુત્રોએ કરી હતી. વર્ષ ૨૦૦૦માં પ્રિયાની લાશ ચેતન આનંદના બંગલામાંથી મળી આવી હતી. શરૂઆતની તપાસમાં તેને આત્મહત્યા કહેવામાં આવી હતી, પરંતુ સત્ય પાછળથી સામે આવ્યું હતું. જેમાં અભિનેત્રીનું ગળુ દબાવીને હત્યા કરવામાં આવી હોવાનો ખુલાસો થયો હતો. પૂછપરછ દરમિયાન ખુલાસો થયો હતો કે પ્રિયાના મોતના થોડા કલાકો પહેલા જ તેણે નોકરાણી સાથે બોલાચાલી કરી હતી. પોલીસે કડકાઈ બતાવી તો નોકરાણીએ સ્વીકાર્યું કે તેણે ચેતનના પુત્રોના કહેવાથી પ્રિયા રાજવંશનું ગળું દબાવીને હત્યા કરી હતી અને આ માટે તેને ૪૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા.ત્યારે દોષિત પુત્રોને જામીન મળી ગયા હતા અને વર્ષો બાદ ૨૦૧૧માં ફરી એક વખત આ કેસની ફાઈલ ખુલી હતી, પરંતુ જો બંને સામે કોઇ નક્કર પુરાવા ન મળ્યા તો તેમને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા હતા.ફિલ્મફેરને આપેલા એક ઈન્ટરવ્યુમાં મહારાણી સંયુક્ત કુમારે પ્રિયાનું અવસાન થયું તે સાંજ વિશે વાત કરી હતી. "જે સાંજે તે મૃત્યુ પામી, તે સાંજે તેણે અમારી સાથે ડ્રિન્ક લેવાનું હતું.

'આ હુમલો દુઃખદ છે, પણ અમે હાર માનીશું નહીં'

# કેફે પરના હુમલા બાદ કપિલ શર્માની ભાવુક પ્રતિક્રિયા





કોમેડિયન કપિલ શર્મા વિશે મોટા સમાચાર આવ્યા છે. બુધવારે રાત્રે તેના કેનેડા સ્થિત રેસ્ટોરન્ટ 'કેપ્સ કેફે' પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આશ્ચર્યજનક વાત એ છે કે આ રેસ્ટોરન્ટ ૪ જુલાઈએ જ ખોલવામાં આવ્યું હતું અને આતંકવાદીઓએ કોમેડિયનનું સ્વપ્ન ચકનાચૂર કરી નાખ્યું છે. ખાલિસ્તાની આતંકવાદીઓએ આ સમગ્ર હુમલાની જવાબદારી લીધી છે. હવે એક દિવસ પછી આ ગોળીબાર પર કપિલ શર્માના કેપ્સ કેફેની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. કપિલ શર્માના કેપ્સ કેફેએ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક પોસ્ટ શેર કરી છે જેમાં તેણે લખ્યું છે, 'દિલથી એક મેસેજ, અમે સ્વાદિષ્ટ કોફી અને મૈત્રીપૂર્ણ વાતચીતને કારણે હૂંફ, સમુદાય અને ખુશી માટે કેપ્સ કેફે ખોલ્યું હતું. તે સપના પરની હિંસા દુઃખદ છે. અમે આ આઘાતમાંથી સ્વસ્થ થઈ રહ્યા છીએ પણ હાર માનીશું નહીં. તમારા સમર્થન બદલ આભાર. તમાર શબ્દો, પ્રાર્થનાઓ અને ઢસ માટે અમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.'પોસ્ટમાં આગળ લખ્યું છે, 'કેપ્સ કેફે તમારા એ વિશ્વાસના કારણે અસ્તિત્વમાં છે, જેને અમે સાથે મળીને બનાવી રહ્યા છીએ. ચાલો આપણે આ હિંસા સામે ઉભા રહીએ અને કેપ્સ કેફેને હૂંફ અને સમુદાયનું સ્થળ બનાવવાનો પ્રયત્ન કરીએ. કેપ્સ કેફે તરફથી બધાનો આભાર. અમે તમને જલ્દી મળીશું.'મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હુમલાની તપાસ કરી રહેલા અધિકારીઓએ કહ્યું છે કે ખાલિસ્તાની આતંકવાદી હરજીત સિંહ લાડીએ ગોળીબારની જવાબદારી લીધી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે કોમેડિયન કપિલ શર્મા દ્વારા તેમના કોમેડી શો દરમિયાન કરવામાં આવેલી ટિપ્પણીથી ખુશ નહોતો. આ કારણે તેણે આ ઘટનાને અંજામ આપ્યો.

આદિત્યની નવી ગર્લફ્રેન્ડ એક મોડલ છે

# આદિત્ય રોય કપૂર જ્યોર્જિના ડી સિલ્વા સાથે રિલેશનશિપમાં

અનન્યા પાંડેના એક્સ બોયફ્રેન્ડ આદિત્ય રોય કપૂરને નવી ગર્લફ્રેન્ડ મળી ગઈ છે. આદિત્ય હાલ જ્યોર્જિના ડી સિલ્વા નામની મોડલ સાથે રિલેશનમાં હોવાનું કહેવાય છે. આદિત્ય રોય કપૂરે તાજેતરમાં સોશિયલ મીડિયા પર કેટલીક તસવીરો શેર કરી હતી. આ તસવીરો પરથી લોકો આદિત્ય અને જ્યોર્જિયાના સંબંધો વિશે અટકળો લગાવી રહ્યા છે. ચાહકોએ તે પછી એ પણ નોંધ્યું હતું કે આદિત્ય અને જ્યોર્જિના એકબીજાને સોશિયલ મીડિયા પર ફોલો કરી રહ્યાં છે અને એકબીજાની પોસ્ટ પર પ્રતિભાવ પણ આપી રહ્યાં છે. જ્યોર્જિના ખુદ એક મોડલ હોવાની સાથે સાથે ફેશન ફોટોગ્રાફર પણ છે. ઉલ્લેખનીય છે કે આદિત્ય અને અનન્યા પાંડે લાંબા સમય સુધી રિલેશનશિપમાં રહ્યાં હતાં. જોકે, બાદમાં તેમનું બ્રેક અપ થઈ



ગયું હતું. અનન્યા પાંડે હાલ વોલ્ક બ્લેન્કો સાથે રિલેશનમાં છે. ચાહકોએ તે પછી એ પણ નોંધ્યું હતું કે આદિત્ય અને જ્યોર્જિના એકબીજાને સોશિયલ મીડિયા પર ફોલો કરી રહ્યાં છે અને એકબીજાની પોસ્ટ પર પ્રતિભાવ પણ આપી રહ્યાં છે. જ્યોર્જિના ખુદ એક મોડલ હોવાની સાથે સાથે ફેશન ફોટોગ્રાફર પણ છે. ઉલ્લેખનીય છે કે આદિત્ય અને અનન્યા પાંડે લાંબા સમય સુધી રિલેશનશિપ માં રહ્યાં હતાં. જોકે, બાદમાં તેમનું બ્રેક અપ થઈ ગયું હતું. અનન્યા પાંડે હાલ વોલ્ક બ્લેન્કો સાથે રિલેશનમાં છે. ઉલ્લેખનીય છે કે આદિત્ય અને અનન્યા પાંડે લાંબા સમય સુધી રિલેશનશિપમાં રહ્યાં હતાં. જોકે, બાદમાં તેમનું બ્રેક અપ થઈ ગયું હતું. અનન્યા પાંડે હાલ વોલ્ક બ્લેન્કો સાથે રિલેશનમાં છે.

# અજય દેવગણની ફિલ્મ 'સન ઓફ સરદાર ૨'નું ધમાકેદાર ટ્રેલર આઉટ




ફિલ્મનું ટ્રેલર 'સન ઓફ સરદાર'ની રોલરકોસ્ટર રાઈડની યાદ અપાવે છે. સાથે સ્ટાર્સની મસ્તીથી ભરેલુ જીવન પણ દર્શાવાયુ છે

અજય દેવગણની વર્ષ ૨૦૨૫ની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'સન ઓફ સરદાર ૨' ૨૫ જૂનના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં મૃણાલ ઠાકુર, રવિ કિશન, સંજય મિશ્રા, દીપક ડોબરિયાલ, ચંકી પાંડે, કુબ્રા સૈત, વિંદુ દારાસિંહ, મુકુલ દવે, શરત સક્સેના, અશ્વિની કાલસેકર, રોશની વાલિયા અને સાહિલ મેહતા જેવા કલાકારોની ટીમ છે. આ કોમેડી ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. તેમાં અનલિમિટેડ મનોરંજનની સાથે ખૂબ જ ડ્રામા જોવા મફી રહ્યો છે.ફિલ્મનું ટ્રેલર 'સન ઓફ સરદાર'ની રોલરકોસ્ટર રાઈડની યાદ અપાવે છે. સાથે સ્ટાર્સની મસ્તીથી ભરેલુ જીવન પણ દર્શાવાયુ છે. એક સીનમાં તો અજય સની દેઓલની બોર્ડર ફિલ્મની વાર્તા પણ સંભળાવતા જોવા મળી રહ્યો છે. જસ્સીની ભૂમિકામાં અજય ખૂબજ રોમાંચક દેખાઈ રહ્યો છે. તેના ડાઈલોગ્સથી ઓડિયન્સના જરૂર ખુશખુશાલ થઈ જશે.ત્રૈ સ્ટૂડિયોઝ અને દેવગન ફિલ્મ્સ દ્વારા પ્રસ્તુત અને દેવગન ફિલ્મ્સ અને 'જીજી ૨' લિમિટેડ દ્વારા નિર્મિત 'સન ઓફ સરદાર ૨' ૨૫ જુલાઈ ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. ટ્રેલર જોઈને ચાહકો સુપરએક્સાઈટેડ થઈ ગયા છે. એક યુઝરે લખ્યું, "અજય દેવગન ફરી એકવાર બ્લોકબસ્ટર માટે તૈયાર થઈ રહ્યો છે." બીજા યુઝરે લખ્યું, "કેવી વાત છે, ધમાકેદાર ટ્રેલર જોઈને મજા આવી... ઝડપથી ફિલ્મ જોવા ઈચ્છે છે." એક અન્ય યુઝરે લખ્યું, "ટ્રેલર એટલું જબરદસ્ત છે, તો ફિલ્મ કેટલી ધાંસૂ હશે... મજા જ આવશે... બ્લોકબસ્ટર પણ થશે ખાતરી છે." બીજા યુઝરે લખ્યું, "કેવી વાત છે, ધમાકેદાર ટ્રેલર જોઈને મજા આવી... ઝડપથી ફિલ્મ જોવા ઈચ્છે છે." એક અન્ય યુઝરે લખ્યું, "ટ્રેલર એટલું જબરદસ્ત છે, તો ફિલ્મ કેટલી ધાંસૂ હશે... મજા જ આવશે... બ્લોકબસ્ટર પણ થશે ખાતરી છે."

# ઈમોશન્સ, ઈન્ટીમ્સીથી ભરપુર ફિલ્મ 'ધડક ૨'એ ફેન્સના ધબકારા વધાર્યા

## ૧ ઓગસ્ટના રોજ રિલીઝ થનારી આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ માટે પહેલાથી જ ઘણી ચર્ચા હતી છે

બોલીવુડના મોહક હાર્ટથ્રોબ સિદ્ધાંત ચતુર્વેદી અને રાષ્ટ્રીય ક્રશ તૃપ્તિ ડિમરીની આગામી ફિલ્મ 'ધડક ૨'નું નવું પોસ્ટર રિલીઝ થયું છે. આ જોઈને એવું કહેવું ખોટું નહીં હોય કે આ પોસ્ટર સંપૂર્ણપણે સિનેમેટિક ફાયર છે. ૧ ઓગસ્ટના રોજ રિલીઝ થનારી આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મ માટે પહેલાથી જ ઘણી ચર્ચા હતી, પરંતુ હવે આ નવા પોસ્ટરે ચાહકોનો ઉત્સાહ વધુ ઉંચાઈએ લઈ ગયો છે.

પોસ્ટરમાં, સિદ્ધાંત ચતુર્વેદી અને તૃપ્તિ ડિમરીની જોડી મજબૂત દેખાય છે. સિદ્ધાંતની આંખોમાં જુસ્સો છે, પરંતુ તેના હાવભાવ પણ ઊંડી સંવેદનશીલતા દર્શાવે છે. તે જ સમયે, તૃપ્તિની હાજરીમાં એક શાંત શક્તિ છે. બંને વચ્ચેની કેમેસ્ટ્રી એક એવી પ્રેમકથા તરફ ઈશારો કરી રહી છે




જે કાચી, સાચી અને ખૂબ જ ભાવનાત્મક હશે. પોસ્ટરની સાથે, એવું પણ કહેવામાં આવ્યું છે કે 'ધડક ૨'નું ટ્રેલર આ શુક્રવારે, ૧૧ જુલાઈના રોજ રિલીઝ થશે.સિદ્ધાંત ચતુર્વેદીએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં ફિલ્મના સંગીત સાથે જોડાયેલ એક રહસ્યમય અને ખૂબ જ રસપ્રદ સંકેત પણ શેર કર્યો છે. આ વાંચીને એવું લાગે છે કે જાણે કોઈ કલાથી ભરેલું સ્વપ્ન જોયું હોય. તેમાં લખ્યું છે - શૈલેન્દ્રની કવિતા. ભગત સિંહનો શેર. કિશોર કુમારનો અવાજ. થોમસ જેફરસનના શબ્દો. થોડો શાહરુખ. અને બુડાપેસ્ટમાં સંગીત ઓર્કેસ્ટ્રેશન. આ પંક્તિઓ સ્પષ્ટ કરે છે કે 'ધડક ૨'નું સંગીત ભાવનાત્મક તોફાન બનવાનું છે. અભિનેતાની વાર્તામાં વપરાયેલું ગીત ખૂબ જ સુંદર છે અને ફિલ્મમાં તેના પાત્રની સ્થિતિનું પણ વર્ણન કરે છે.ફિલ્મ 'ધડક ૨' ફક્ત એક પ્રેમકથા નથી. તે ઓળખ, શક્તિ અને પ્રેમની કિંમત જેવા ઊંડા વિષયોને સ્પર્શે છે. સિદ્ધાંત ચતુર્વેદીની ધમાકેદાર સ્ક્રીન હાજરી, તૃપ્તિ ડિમરીનો કિલર લુક અને એક અનોખા સાઉન્ડટ્રેક સાથે, આ ફિલ્મ આ વર્ષની સૌથી મોટી અને સૌથી મહત્વાકાંક્ષી રોમેન્ટિક ડ્રામા બની શકે છે.

ફિલ્મ 'એક દિન' ૭ નવેમ્બરે રિલીઝ થશે

# આમિર અને મનસૂર ખાન ૧૭ વર્ષ પછી સાથે ફિલ્મ કરશે

આમિર ખાન આખરે દિકરા જુનૈદ માટે એક ફિલ્મ પ્રોડ્યુસ કરી રહ્યો છે, 'એક દિન' ગુપ ચુપ બનાવીને ૭ નવેમ્બરે રિલીઝ કરી દેવાશે. આ ફિલ્મ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત થઈ નથી.'એક દિન' સુનિલ પાંડે દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, જે જુનૈદ ખાન અને સાઈ પલ્લવી માટે મહત્વની ફિલ્મ બની શકે છે, જેની ફિલ્મની સફર પર ઘણા લોકોની નજર છે. આ ફિલ્મની લીડ જોડીથી પણ મહત્વની વાત એ છે કે, દિકરા જુનૈદની આ ફિલ્મ માટે ૧૭ વર્ષે આમિર ખાન અને મનસૂર ખાન એક સાથે કામ કરી રહ્યાં છે, આ બંને કઝીન ભાઈઓએ છેલ્લે 'જાને તું યા જાને ના'માં સાથે કામ કર્યું હતું. મનસૂર ખાન આમિરનો એ કઝીન ડિરેક્ટર છે, જેણે આમિરની 'કયામત સે કયામત તક' અને 'જ જિતા વૌહી સિકંદર' ફિલ્મ પણ બનાવી હતી. તેઓ બંને સાથે આવવાની વાતથી જ ઈન્ડસ્ટ્રીમાં આ ફિલ્મ અંગે ઘણી અપેક્ષાઓ છે.સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, 'સિતારેં ઝમીન પર'ની સફળતા પછી આમિરની ઈચ્છા ઊંડાણપૂર્વકની વાર્તાઓ ધરાવતી ફિલ્મ બનાવવાની જ છે, 'એક દિન'ની વાર્તા પણ આવી જ હશે. જોકે, કોઈ તહેવાર કે રજાઓ પર આ ફિલ્મ રિલીઝ થતી નથી, તે દર્શાવે છે કે ફિલ્મની ટીમને ફિલ્મના કન્ટેન્ટમાં વિશ્વાસ છે અને વર્ડ ઓફ માઉથથી જ આ ફિલ્મ ચાલશે.

વરુણ ધવને અમુક સમય પહેલા 'બોર્ડર ૨' થી તેનો લૂક શેર કર્યો હતો, જેમા તે ક્લીન શેવ લુકમાં ખૂબ હેન્ડસમ દેખાઈ રહ્યો હતો

# દિલજીત બાદ વરૂણ ધવને 'બોર્ડર ૨'ના સેટથી શેર કર્યો નવો વીડિયો

બોલિવૂડના અભિનેતા વરુણ ધવન તેની આવનારી ફિલ્મ 'બોર્ડર ૨'ને લઈને હાલમાં ચર્ચામાં છે. સની દેઓલ, અહાન શેટ્ટી અને દિલજીત દોસાંજ સ્ટારર 'બોર્ડર ૨' ને લઈને ચાહકો ઘણા ઉત્સાહિત છે. સાથે આ ફિલ્મ વિશે દરેક અપડેટ પણ જાણવા ઈચ્છે છે. એ વચ્ચે વરુણે સેટ પરથી બે રમુજી વીડિયો પોસ્ટ કર્યા હતા. વીડિયોમાં તેની સાથે અહાન પણ નજર આવી રહ્યો છે. વરુણે જણાવ્યું કે પૂણેમાં તેને પોતાનું એનડીએ શેડયૂલ કરી દીધું છે. વરુણ ધવને તેના ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરી લખ્યું 'બોર્ડર ૨' અને બિસ્કિટ, એનડીએમાં મારી યાત્રા પૂરી થઈ છે અને અમે આ બિસ્કિટની સાથે ઉજવણી કરી છે. વીડિયોમાં વરુણ અને અહાન બન્ને સાથે દેખાઈ રહ્યા છે અને વરસાદ આવી રહ્યો છે. આ વીડિયોની પોસ્ટ પર સુનિલ શેટ્ટીએ પણ કોમેન્ટ કરી હતી. એક યૂઝરે લખ્યું હતું કે, 'ભાઈ જલદી ફિલ્મ રિલીઝ કરાવી દો'. તો બીજા એક યુઝરે લખ્યું હતું કે, તમારા બન્નેની જોડી કમાલની દેખાઈ રહી છે. એક યુઝરે લખ્યું કે, પૂરી ટીમને ઓલ ધી બેસ્ટ. એક યુઝરે લખ્યું, સની દેઓલને પણ બોલાવી દો સાથે. વરુણ ધવને અમુક સમય પહેલા 'બોર્ડર ૨' થી તેનો લૂક શેર કર્યો હતો, જેમા તે ક્લીન શેવ લુકમાં ખૂબ હેન્ડસમ દેખાઈ રહ્યો હતો. જોકે તેની પહેલા જ્યારે તેનો લૂક સામે આવ્યો હતો, ત્યારે તે મૂછોવાળા લૂકમાં જોવા મળ્યો હતો. વરુણે ગયા વર્ષે 'બોર્ડર ૨' ફિલ્મનો ભાગ રહેવા અને સની દેઓલની સાથે કામ



કરવાની ખુશી વ્યક્ત કરી હતી. આ ફિલ્મ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં જોવા મળશે. આ ફિલ્મને ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જેપી દત્તા સાથે એક દમદાર પ્રોડક્શન ટીમ બનાવી રહ્યા છે.

# અજયની 'આક્રોશ' હોલીવુડની ઓસ્કાર વિજેતા ફિલ્મની બેઠી નકલ હતી

## આ ફિલ્મ ૧૯૮૮ની હોલીવુડ ફિલ્મ મિસિસિપી બર્નિંગની ફ્રેમ ટુ ફ્રેમ કોપી કરવામાં આવી છે

અજય દેવગનની એક્શન ક્રાઈમ ડ્રામા ફિલ્મ આક્રોશ ૨૦૧૦માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ડિઝાસ્ટર સાબિત થઈ હતી. અજય દેવગનની આ ફિલ્મ હોલીવુડની ઓસ્કાર વિજેતા ફિલ્મની નકલ હતી. બોલીવુડની ઘણી ફિલ્મો પર હોલીવુડની સામગ્રી ચોરી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ઘણી ફિલ્મો એવી છે જે હોલીવુડની ફિલ્મોની ફ્રેમ ટુ ફ્રેમ નકલ કરવામાં આવે છે. જો કે, ઘણીવાર એવું બને છે કે આ વાર્તાઓ હોલીવુડની ફિલ્મોમાં સુપરહિટ અને બોલિવૂડમાં બોક્સ ઓફિસ પર ડિઝાસ્ટર સાબિત થાય છે. અજય દેવગનની આ ફિલ્મ ૨૦૧૦ માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં અજય દેવગન સાથે બિપાશા બાસુ, અક્ષય ખન્ના અને પરેશ રાવલ જેવા સ્ટાર્સ જોવા મળ્યા હતા.અજય દેવગનની આ ફિલ્મ એક એક્શન ક્રાઈમ થ્રિલર ડ્રામા હતી. આ ફિલ્મ ૧૯૮૮ ની હોલીવુડ ફિલ્મ મિસિસિપી બર્નિંગની ફ્રેમ ટુ ફ્રેમ કોપી કરવામાં આવી છે. મિસિસિપી બર્નિંગ એક શાનદાર ફિલ્મ હતી. આ ફિલ્મે કુલ ૧૭ એવોર્ડ જીત્યા હતા, જેમાંથી એક ઓસ્કાર એવોર્ડ હતો. ફિલ્મને શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી માટે ઓસ્કાર એવોર્ડ




મળ્યો હતો. હોલીવુડ ફિલ્મ મિસિસિપી બર્નિંગનું આઈએમડીબી રેટિંગ ૭.૮ છે. તમે આ ફિલ્મ પ્રાઈમ વિડીયો પર જોઈ શકો છો.અજય દેવગનની આક્રોશ વિશે વાત કરીએ તો, આ ફિલ્મ પ્રિયદર્શન દ્વારા દિગ્દર્શિત કરવામાં આવી હતી. આ ફિલ્મનું આઈએમડીબી રેટિંગ ૭ છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર આપત્તિજનક સાબિત થઈ.

# દસક્રોઈ તાલુકાના સિંગરવા ગામે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો સમાપન સમારોહ યોજાયો

### ખેડૂતોને ડ્રોન દ્વારા દવા અને ખાતરનો છંટકાવ કેવી રીતે કરી શકાય તે બાબતે માહિતી આપવામાં આવી



। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।
દસક્રોઈ તાલુકાના સિંગરવા ગામે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો સમાપન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને કૃષિને લગતી વિવિધ યોજનાઓ, તેના લાભો, યોજના અંતર્ગત સહાય મેળવવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સમાપન સમારોહમાં દસ્ક્રોઈ અને આસપાસના તાલુકાના ૩૮૦ જેટલા ખેડૂતો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ખેડૂતોને ડ્રોન દ્વારા દવા અને ખાતરનો છંટકાવ કેવી રીતે કરી શકાય તે બાબતની માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ સમાપન સમારોહમાં અભિયાનના નોડલ ઓફિસર ડો. એન. કે. રાઠોડ, બાગાયત વિભાગના અધિકારીશ્રી વત્સલ રાવલ, કૃષિ યુનિવર્સિટી-ના ડો. એન. આર. પટેલ, ડો. ધવલ પઢેરીયા, અક્ષય રામશ્રી તથા ક્રિષ્ણા ચૌધરી સહિત સ્થાનિક આગેવાનો શ્રી અંકિતસિંહ ચૌહાણ, સરપંચશ્રી તેમજ દૂધ સહકારી મંડળીના પ્રમુખ શ્રી રમણલાલ ખોડીદાસ ભોઈ ઉપસ્થિત રહ્યા હતા.

# સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ બારડોલીના સ્વરાજ આશ્રમની મૂલાકાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષ ઉજવણી ઉપલક્ષમાં બારડોલીમાં આયોજિત ખેડૂત સંમેલન પૂર્વે સરદાર સાહેબની ભાવવંદના કરતા મુખ્યમંત્રીશ્રી



। (માહિતી) અમદાવાદ, તા.૧૨ ।
મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ વર્ષ ની ઉજવણીના ઉપલક્ષમાં બારડોલીમાં આયોજિત ખેડૂત સંમેલન પૂર્વે સરદાર સાહેબની કર્મભૂમિ સ્વરાજ આશ્રમ, બારડોલીની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સ્વરાજ આશ્રમ, બારડોલીની તેમની મુલાકાત દરમિયાન સરદાર પટેલ અને મહાત્મા ગાંધીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવીને ભાવાંજલિ આપી હતી. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ સરદાર નિવાસની મુલાકાત લઈ આશ્રમના ટ્રસ્ટીગણ પાસેથી સરદાર સાહેબે ખેડૂતો માટે કરેલા સંઘર્ષ અંગે વિગતે જાણકારી મેળવી હતી. બારડોલી સત્યાગ્રહ દ્વારા વલ્લભભાઈ પટેલ સરદાર તરીકે ઓળખાયા તેની જાણકારી પણ તેમણે મેળવી હતી.

સરદાર સાહેબ સ્વરાજ આશ્રમમાં તેમના નિવાસ દરમિયાન જે ખંડમાં વિવિધ રાષ્ટ્રહિત પ્રવૃત્તિઓ કરતા હતા તે ખંડ અને સ્મૃતિ ચિન્હોનું નિરીક્ષણ મુખ્યમંત્રીશ્રીએ કર્યુ હતુ અને સરદાર સાહેબની ભાવવંદના કરી હતી.

આશ્રમના સંચાલકોએ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ઉજવણી ના આ વર્ષમાં મુખ્યમંત્રીશ્રી સ્વરાજ આશ્રમની મુલાકાતે આવ્યા એ માટે ખુશી વ્યક્ત કરી હતી. સરકાર દ્વારા આશ્રમને કરવામાં આવતી મદદ અંગે ટ્રસ્ટીગણે મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આશ્રમના પ્રમુખ ભીખાભાઈ પટેલ, ઉપપ્રમુખ કિરીટભાઈ પટેલ અને મંત્રી નિરંજનાબેને મુખ્યમંત્રીશ્રીનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન સુરતના સાંસદ મુકેશભાઈ, ધારાસભ્ય સવશ્રી ગણપતસિંહ વસાવા, ઈશ્વરભાઈ પરમાર, સંદીપભાઈ દેસાઈ, મોહનભાઈ, કલેકટર ડૉ. સૌરભ પારધી, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી. શિવાની ગોયલ, પોલીસ અધિક્ષક હિતેશ જોયસર, ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડ, પૂર્વ જિલ્લા પ્રમુખ ભાવિનભાઈ પટેલ તેમજ સંબંધકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

# ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લાના વિવિધ ગામોમાં ગ્રામ સભા યોજાઈ

। (માહિતી) દાહોદ, તા.૧૨ ।
ભારત સરકાર દેશના આદિજાતિ સમુદાયોના સર્વાંગી વિકાસ તેમજ સશકિત કરણ માટે ભારત સરકારના આદિજાતિ મંત્રાલય ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન લોન્ચ કરવામાં આવેલ છે. આ અભિયાન હેઠળ ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ ગાઈડ લાઈન મુજબ રાજ્ય સરકારના વિવિધ ૧૩ વિભાગો સાથે સંકલન સાધીને ગુજરાત રાજયના ૨૧ જિલ્લાઓના ૧૦૨ તાલુકાઓના ૪૨૬૫ ગામોના ૬૬, ૦૫, ૯૧૨ આદિજાતિ લોકોને લાભાન્વિત કરવામાં આવશે. જે પૈકી દાહોદ જિલ્લાના ૯ તાલુકાના ૫૧૨ ગામોના ૧૪,૪૩,૯૦૦ આદિજાતિ લોકોને લાભાન્વિત કરવાના ઉદ્દેશથી દાહોદ જિલ્લાના વિવિધ ગામોમાં ગ્રામ સભા યોજવામાં આવી હતી. જેમાં ગ્રામ જનોને આ અભિયાન વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ અભિયાનને સફળ બનાવવા માટે ૧૫ જુન ૨૦૨૫ થી ૩૦ જુન ૨૦૨૫ દરમ્યાન સુધી વિવિધ કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવશે.

# દાહોદ સબ જેલ, ડોકી ખાતે સર્વે રોગ નિદાન કેમ્પ યોજાયો

### જેલ સ્ટાફના ૧૫ કર્મચારીઓ અને તેમના ફેમિલી સભ્યો સહિત આશરે ૨૦૦ જેટલા કેદીઓએ કેમ્પમાં ભાગ લીધો



। (માહિતી) દાહોદ, તા.૧૨ ।
દાહોદ સબ જેલ ડોકી ખાતે પોલીસ મહાનિર્દેશક જેલ અને સુધારાત્મક વહીવટની કચેરીના વડાશ્રી ડૉ.કે.એલ.રાવ, અશ્વિન ચૌહાણ તથા અધિક્ષકશ્રી એમ. એલ.ગમારાનાઓના માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.ઉદયકુમાર ટીલાવત, સી.ડી.એમ.ઓ.શ્રી ડૉ.ગુલાબ રામચંદાની, ડી.ટી.એચ.ઓ.શ્રી ડૉ.આર.ડી.પહાડીયા અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.ભગીરથ બામણીયાના સહયોગ થકી ડોકી સબ જેલ ખાતે જેલ સ્ટાફ અને બંદીવાનોને C.P.R. ની ટ્રેનીંગ આપવામાં આવી હતી.

તે દરમ્યાન સી.પી.આર. માં જયારે કોઈ મેડીકલ સ્ટાફ કે ડૉકટર હાજર ન હોય તે સમયે કોઈ પણ વ્યકતિ બેભાન થઈ જાય ત્યારે બેભાન થનાર વ્યક્તિના હૃદયની બાજુમા આશરે ૧૦૦ થી ૧૨૦ વાર સી.પી.આર. આપવુ અને આ ક્રિયા વખતે બેભાન થનાર વ્યક્તિનુ નામ કે અન્ય નામથી બોલાવવુ અને ૧૦૮ ને ફોન કરી જાણ કરવા સહિતની જાણકારી આપવામાં આવી હતી.

આઈ.સી.યુ. દ્વારા ૧૦૮ મંગાવવી અને વધારે જરુર પડે તો બેભાન થનાર વ્યક્તિના મોઢામા કઈ પણ હોય તે બહાર કાઢી મોઢા પર રૂમાલ રાખી કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવ જેવી અતિ મહત્વની માહિતી આપ વામાં આવેલ હતી. સર્વે રોગોના ડૉકટરશ્રીઓ તથા જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના સર્વે સ્ટાફ દ્વારા જેલમાં રહેલ કેદી ભાઈ-બહેનોને સારવાર અને અને H.I.V., એચ.બી.એસ.એ.જી., T.B., લેપ્રસી, સિકલસેલ, ડાયાબિટીસ, સીફીલીશ જેવા ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આવેલ તમામનું બ્લડ પ્રેશર માપ વામાં આવ્યું હતું. જેમાં જેલ સ્ટાફના ૧૫ કર્મચારીઓ અને તેમના ફેમેલી સભ્યો અને આશરે ૨૦૦ જેટલા કેદીઓએ કેમ્પમાં ભાગ લીધેલ હતો. આ કેમ્પમાં આરોગ્ય શાખાનો મેડિકલ સ્ટાફ હાજર રહ્યો હતો.

# દાહોદ તાલુકાના લીમડાબરા ગામના પ્રગતિશીલ ખેડૂતશ્રી વસના પસાયાએ અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની જાણકારી માટેની તાલીમ આપી



। (માહિતી) દાહોદ, તા.૧૨ ।
દાહોદમાં લીમડાબરા ગામના પ્રગતિશીલ ખેડૂતશ્રી વસના પસાયા દ્વારા અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાથી થતા ફાયદા અંગેની વિસ્તાર પૂર્વક સમજ આપવા માટે તાલીમ યોજવામાં આવી હતી.

પ્રાકૃતિક ખેતીમાં શાકભાજી તેમજ અનાજની સાથો-સાથ ફળાઉ પાક પણ કરી શકાય છે, જેમાં કોઈપણ પ્રકારના બાહ્ય રાસાયણિક ખાતરનો ઉપયોગ કર્યા વગર પણ પાકનું સારુ ઉત્પાદન મેળવી શકાય છે. તેમણે પ્રેક્ટિકલ દ્વારા પણ કુદરતી ખાતર કઈ રીતે બનાવી શકાય એ વિશે વિગતે સમજ આપી હતી. ખેડૂતની પોતાની અથાગ મહેનત સિવાય વધારાનો કોઈ ખર્ચ રહેતો નથી. જેમકે, દવા,ખાતર, બિયારણ તેમજ દવા-ખાતર તેમજ બિયારણ લાવવા – લઈ જવાનો ભાડા ખર્ચ પણ મટી જાય છે. પ્રાકૃતિક પદ્ધતિ થકી જમીન પોચી બનતા સારુ ઉત્પાદન તેમજ આવક પણ ઘણી સારી મળે છે. વસના પસાયાએ કહ્યું હતું કે, ખેડૂતોએ પૈસા નહી પરંતુ પોતાનો સમય પોતાના ખેતર, પાક, જમીન અને કુદરતી ખાતર બનાવવા પાછળ ખર્ચ કરવો પડે છે, શરૂઆતી વર્ષમાં નહી પરંતુ ૧-૨ વર્ષ પછી જ તેની સારી અસર જોવા મળશે એમ તેમણે જણાવ્યું હતું.

# ઝાલોદ તાલુકાના અનવરપુરા રોડ પર વીજ કરંટ લાગતાં ટ્રક ચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।
બાંસવાડા થી એક ટ્રક MP-11-H- 1082 નંબરની ગાડી અલ્ટ્રાટ્રેક સિમેન્ટ ભરી લુણાવાડા ખાતે જઈ રહેલ હતી ત્યારે ૧૧-૦૬-૨૦૨૫ બુધવારના રોજ રાત્રીના ટ્રકના ચાલક મીઠાલાલ ગલીયા રાવત (ઉંમર ૫૫, રહે.ચીરોલાબડા, બાગીદોરા, રાજસ્થાન) અનવરપુરા રોડ પર આવેલ અલ્ટ્રાટેકની ઓફિસ પર અંદાજીત રાત્રીના ૯:૨૦ વાગે લુણાવાડા સિમેન્ટ ઉતારવાનું હોઈ ગુજરાતનુ ઈનવોઈસ બિલ લેવા ઊભું હતું. ઈનવોઈસ બિલ લીધા બાદ ટ્રક ચાલક પોતાની ટ્રક ડ્રાઈવર વહેલી સવારે ૪ વાગે નીકળવાનો હતો તેવું ઈનવોઈસ બિલ આપનાર દુકાનદારનુ કહેવુ છે.

વહેલી સવારે અંદાજીત ૭:૩૦ વાગે રાત્રી દરમિયાન ઈનવોઈસ બિલ કાઢેલ ટ્રક ઉભેલી જોતા અહીંના દુકાનદાર દ્વારા ટ્રક પર જઈ તપાસ કરાતા ડ્રાઈવર ટ્રકમા ન હતો. ટ્રકની ઉપર તપાસ કરાતા ડ્રાઈવરને કરંટ લાગેલું હોવાનું માલુમ પડેલ હતું. ત્યારબાદ સ્થાનિક દુકાનદાર દ્વારા ટ્રક માલિક તેમજ સ્થાનિક પોલીસને જાણકારી આપી હતી. સ્થાનિક પીએસઆઈ સી.કે.સીસોદીયા સ્થળ પર આવી તપાસ કરાતા સ્થાનિક વાતો દ્વારા એવું તારણ કાઢવામાં આવેલ છે કે રાત્રી દરમ્યાન ડ્રાઈવર સુવા જતાં કે સૂઈ ને ઉઠવા જતાં અચાનક ટ્રકની ઉપર જતા હેવી લાઈનના વાયરને અડી જતાં ડ્રાઈવર નું ઘટના સ્થળે મૃત્યુ થયેલ હોવાનું માલુમ પડેલ છે. સ્થાનિક વિસ્તારમાં આવી ઘટનાં બનતા અહીંના લોકોનું માનવું છે કે અહીંયા અવારનવાર ટ્રકો ઉભેલ રહે છે તો ફરી આવાં અકસ્માતો ના સર્જાય તે માટે

એમ.જી.વી.સી.એલના અધિકારીઓ દ્વારા હેવી લાઈનના વાયરો પર કેબલ વાયર નાખવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# યોગ અને પ્રાણાયામ થકી મેદસ્વિતા મુક્ત બનવા તરફ આગળ વધી રહ્યું છે ગુજરાત

### સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષ ઉજવણી ઉપલક્ષમાં બારડોલીમાં આયોજિત ખેડૂત સંમેલન પૂર્વે સરદાર સાહેબની ભાવવંદના કરતા મુખ્યમંત્રીશ્રી



। (માહિતી) મોરબી, તા.૧૨ ।
યોગ અને પ્રાણાયમ એ દરેક શારિરીક કે માનસિક સમસ્યાઓનું સમાધાન છે, આજના સમયે ચરબી અને મેદસ્વિતાનું પ્રમાણ ચિંતા ઉપજાવે તે રીતે વધી રહ્યુ છે ત્યારે તેના નિવારણ માટે યોગ આશાનું કિરણ સાબિત થઈ રહ્યું છે. આધુનિક યુગમાં શુષ્ક અને નિષ્ક્રિય જીવનશૈલી મેદસ્વિતાનું કારણ બની રહી છે. લોકોની જીવનશૈલીમાં આવેલ ઝડપી પરિવર્તન સરળતાથી ઉપલબ્ધ ઉચ્ચ કેલેરી વાળો ખોરાક, ઝંકફૂડ, ફાસ્ટ ફૂડ, શારિરિક શ્રમ અને વ્યાયામનો અભાવ, બાળકોમાં રમતગમતનો અભાવ ટીવી મોબાઈલ કોમ્પ્યુટર વગેરેના વધુ પડતા ઉપયોગના કારણે તો કેટલીક દવાઓના વધુ પડતા ઉપયોગના કારણે મેદસ્વિતાનું પ્રમાણ હાલ વધી રહ્યું છે. આ બાબતે ગુજરાત સરકારે ચિંતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશા દર્શન હેઠળ સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન થકી લોકો સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી અપનાવી મેદસ્વિતા અને મેદસ્વિતાથી થનાર અનેક બીમારીઓ થી બચી શકે તે માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે મેદસ્વિતાને નિયંત્રણમાં લેવા અને તેને નિવારવા માટેનું રામબાણ ઈલાજ એટલે યોગ અને પ્રાણાયામ. જે અન્વયે સરકારના ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ અને પ્રાણાયામ થકી મેદસિતાનું કેવી રીતે નિવારણ લાવી શકાય તે માટે કોમન યોગ પ્રોટોકોલ પણ બનાવવામાં આવ્યો છે. ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનમાં યોગ અને પ્રાણાયામની ભૂમિકા વિશે વાત કરતા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ હેઠળ મોરબીમાં યોગ ક્લાસ ઈન્સ્પેક્શનની જવાબદારી સંભાળતા શ્રી વાલજીભાઈ ડાભીએ જણાવ્યું હતુ કે, આજે ગુજરાતમાં જોઈએ તો મેદસ્વિતાનું પ્રમાણ દિવસે અને દિવસે વધી રહ્યું છે. એમાંય ખાસ કરીને બાળકોમાં અનિયમિત ખાન પાન, ફાસ્ટ ફૂડ સહિતના કારણોથી બાળકોમાં ચરબીનું પ્રમાણ વધી જતું હોય છે અને તે અન્ય બીમારીઓને પણ નોતરે છે. ચરબી વધવાને કારણે લીવર અને કીડની પર પ્રેશર વધતું હોય છે. ઉપરાંત ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને કેન્સર જેવી ગંભીર બીમારીઓ માટે પણ ઘણીવાર મેદસ્વિતા કારણભૂત બને છે.

# "પ્લાસ્ટિકમુક્ત ભારત"ના નિર્માણમાં જસદણ નગરપાલિકાની નવતર પહેલ



। (માહિતી) દાહોદ, તા.૧૨ ।
હાલમાં સમગ્ર ભારતમાં પ્લાસ્ટિક પ્રદૂષણ સતત વધી રહ્યું છે ત્યારે પ્રધાનમંત્રીશ્રીની 'પ્લાસ્ટિક મુક્ત ભારત'ની નેમને સાર્થક કરવા જસદણ નગર પાલિકા દ્વારા નવતર પહેલ હાથ ધરવામાં આવી છે.

જસદણ નગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક નાબૂદી ઝુંબેશ અન્વયે તા. ૧૨ અને ૧૩ જૂન દરમિયાન રામેશ્વર નગર ચિતલીયા રોંડ જસદણ ખાતે "MY THELI" ઈવેન્ટ યોજવામાં આવશે. જયાં સવારના ૧૦:૦૦ થી ૦૨:૦૦ અને બપોરે ૦૩:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાનમાં નગર પાલિકા સાથે જોડાયેલા સ્વ સહાય જુથો (સખી મંડળ)ના બહેનો દ્વારા જે નગરજનો પોતાના ઘરના જુના કાપડ લઈને આવશે તેઓને જુના કપડાંની થેલી વિનામૂલ્યે સ્થળ પર બનાવી આપવામાં આવશે.

જસદણ નગરપાલિકાને પ્લાસ્ટિકમુક્ત કરવા સહભાગી બનવા અને કાપડની થેલીનો જ ઉપયોગ કરવા તથા વધુ માહિતી માટે જસદણ નગરપાલિકા મો.નં. ૯૭૨૬૬૧૩૦૮૯ નો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**કર્ક (ડ,હ) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરમાં કોઈક વિધી કરાવશો. સહકાર આપવાનો તમારો અભિગમ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યની નોંધ લેવાશે. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો.

**સિંહ (મ,ટ) :**
આજે તમારે તબિયત પર થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે સ્વાસ્થ્યની દષ્ટિએ તમારા માટે સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**તુલા (ર,ત) :**
આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપ ાત્ર માટે નદી સમાન છો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**મકર (ખ,જ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે કશુંક રસપ્રદ વિચારીને માનસિક વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારૂં કોઈ એક સૌથી પ્રિય સપનું સાકાર થવાની શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## ૧૨ કિલ્લા યુનેસ્કોની વિશ્વ ધરોહરની યાદીમાં સામેલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

છત્રપતિ શિવાજી મહારાજના ૧૨ કિલ્લાને યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે (૧૧ જુલાઈ) કહ્યું કે, મરાઠી શાસકોની કિલ્લાબંધી પ્રણાલીનું પ્રતિનિધિત્વ કરનારા મરાઠી મિલિટ્રી લેંડસ્કેપ્સને સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષિક, વૈજ્ઞાનિક તેમજ સાંસ્કૃતિક સંગઠન (યુનેસ્કો)ની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરનારા રાજ્ય માટે ગૌરવશાળી ક્ષણ છે. આ નિર્ણય પેરિસમાં આયોજિત વિશ્વ ધરોહર સમિતિ (ડબ્લ્યુએચસી)ના ૪૭ના સત્ર દરમિયાન લેવામાં આવ્યો. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું કે, મહારાષ્ટ્ર સરકાર આપણા પ્રિય છત્રપતિ શિવાજી મહારાજને નમન કરે છે! મહારાષ્ટ્રના તમામ નાગરિકો અને શિવભક્તોને હાર્દિક શુભકામના. મરાઠા સૈન્ય પરિદ્રશ્યમાં મહારાષ્ટ્રના સાલ્હેર, શિવનેરી, લોહગઢ, ખંડેરી, રાયગઢ, રાજગઢ, પ્રતાપગઢ, સુવર્ણદુર્ગ, પન્હાલા, વિજય દુર્ગ અને સિંધુદુર્ગ કિલ્લા અને તમિલનાડુનો જિંજિ જિલ્લો સામેલ છે. ફડણવીસે આગળ કહ્યું કે, શિવાજી મહારાજે આ કિલ્લાનું નિર્માણ સ્વરાજ્ય માટે કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, તેમને યુનેસ્કોની યાદીમાં સામેલ કરાવવાના પ્રયાસોમાં અનેક લોકોનું યોગદાન છે. અમિત શાહે એક્સ પર લખ્યું કે, આ તમામ દેશવાસીઓ માટે ખૂબ જ ગૌરવની પળ છે, જ્યારે યુનેસ્કોએ મહારાજાધિરાજ છત્રપતિ શિવાજી મહારાજના જીવન સાથે જોડાયેલા ૧૨ કિલ્લાને યુનેસ્કોની ધરોહરમાં સામેલ કર્યા છે.

## ઘરમાં જ પત્નીની હત્યા કરી લાશને ૮ કિમી દૂર નાળામાં ફેંકી

। (એજન્સી) ભરૂચ, તા.૧૨ ।

વાલિયા તાલુકામાંથી ઘર કંકાસને કારણે એક પતિએ મેટ્રિમોનિયલ સાઈટ પરથી મળેલી પત્નીની હત્યા કર્યાનો હચમચાવતો કિસ્સો સામે આવ્યો છે. આટલું જ નહીં આ પતિએ હત્યા બાદ અંતરિયાળ વિસ્તારમાં જઈ એક નાળામાં તેના મૃતદેહને ફેંકી દીધો હતો. જે મામલે સ્થાનિકોએ પોલીસને જાણ કરતાં તપાસ હાથ ધરાઈ હતી અને સમગ્ર ઘટનાનો ઘટસ્ફોટ થયો છે. ઘટનાની વિગતો અનુસાર, ગુરુવારે સાંજના સમયે વાલિયા તાલુકાના કોંઢ ગામ નજીક દોડવાડા-કોંઢ રોડ પર એક નાળામાં એક અજાણી મહિલાનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ પર ધારદાર હથિયારથી ગળા પર હુમલો કરાયો હોવાના નિશાન જોવા મળ્યા હતા. જે ઘટનાની જાણ થતાં વાલિયા પોલીસ અને ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી હતી.

### હવે રાહુલ દ્રવિડની સિદ્ધિ ટારગેટ

# ગિલે વિરાટનો રેકોર્ડ તોડ્યો, બન્યો પ્રથમ ભારતીય કેપ્ટન

### ગિલે ઈંગ્લેન્ડમાં રમાયેલી ટેસ્ટ સીરિઝમાં ભારતીય કેપ્ટન દ્વારા સૌથી વધુ રન બનાવવાનો કોહલીનો રેકોર્ડ તોડ્યો

। (એજન્સી) લોર્ડ્સ, તા.૧૨ ।

શુભમન ગિલ હાલમાં શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. ભારતીય ટેસ્ટ ટીમની કમાન સંભાળ્યા બાદથી પંજાબના આ જમણા હાથના બેટ્સમેને ખૂબ રન બનાવ્યા છે. શરૂઆતની બે મેચોની ચાર ઈનિંગમાં કુલ ૫૮૫ રન બનાવ્યા બાદ ગિલે શુક્રવારે લોર્ડ્સ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં ૧૬ રન બનાવીને ઈતિહાસ રચી દીધો છે. ગિલે ઈંગ્લેન્ડમાં રમાયેલી ટેસ્ટ સીરિઝમાં ભારતીય કેપ્ટન દ્વારા સૌથી વધુ રન બનાવવાનો વિરાટ કોહલીનો રેકોર્ડ તોડી નાખ્યો છે. વર્ષ ૨૦૧૮માં ભારતના ઈંગ્લેન્ડ પ્રવાસ પર કોહલીએ ભારત માટે તમામ પાંચ મેચ રમી હતી અને કુલ ૫૯૩ રન બનાવ્યા હતા. જોકે, શુભમન ગિલે લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં ૯ રનનો આંકડો પાર કરીને કોહલીનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. તે હવે ઈંગ્લેન્ડમાં ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ રન બનાવનાર પ્રથમ ભારતીય કેપ્ટન બની ગયો છે. એટલું જ નહીં, હવે ગિલના ટાર્ગેટ પર રાહુલ દ્રવિડનો પણ રેકોર્ડ છે. ઈંગ્લેન્ડમાં કોઈ ભારતીય કેપ્ટન દ્વારા એક ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ રન

૬૦૧- શુભમન ગિલ (૨૦૨૫)
૫૯૩- વિરાટ કોહલી (૨૦૧૮)
૪૨૬- મોહમ્મદ અઝહરુદ્દીન (૧૯૯૦)
૩૫૧- સૌરવ ગાંગુલી (૨૦૦૨)
૩૪૯- એમએસ ધોની (૨૦૧૪)

વાસ્તવમાં ઈંગ્લેન્ડમાં ભારત માટે એક ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ રાહુલ દ્રવિડના નામે છે. ૨૦૦૨માં ભારતના ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન દ્રવિડે સૌરવ ગાંગુલીની આગેવાની હેઠળની ટીમ માટે ચાર મેચમાં ૬૦૨ રન બનાવ્યા હતા.

### આ ટુર્નામેન્ટમાં હજુ પાંચ ટીમ ખૂટે છે

# T20 વર્લ્ડકપ ૨૦૨૬ માટે ૧૫ ટીમ ક્વોલિફાઈ

### ઇટાલિયન ટીમ પહેલીવાર આ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાઈ

। (એજન્સી) દુબઈ, તા.૧૨ ।

ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬ આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં ભારત અને શ્રીલંકામાં યોજાવાનો છે. આ ટુર્નામેન્ટમાં કુલ ૨૦ ટીમ ભાગ લેશે. ભારત અને શ્રીલંકા પહેલાથી જ યજમાન તરીકે ક્વૉલિફાઈ થઈ ચૂક્યા છે. તેમજ ઈટાલી અને નેધરલેન્ડ્સ પણ T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ક્વૉલિફાઈ થઈ ગયા છે. ઈટાલિયન ટીમે પહેલીવાર આ ટુર્નામેન્ટ માટે ક્વૉલિફાઈ કર્યું છે. નેધરલેન્ડ્સ અને ઈટાલી બંને ટીમોએ ICC મેન્સ T20 વર્લ્ડ કપ યુરોપ ક્વૉલિફાઈર ૨૦૨૫ના પોઈન્ટ ટેબલમાં ટોપ-૨ માં રહીને T20 વર્લ્ડ કપની ટિકિટ મેળવી છે. નેધરલેન્ડ્સ ૬ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને રહ્યું. તેણે કુલ ચાર મેચ રમી, જેમાંથી તેણે ત્રણ જીતી અને એક મેચ હારી. ઈટાલીની ટીમ ૫ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને રહી. ટીમે ચારમાંથી ૨ મેચ જીતી જ્યારે એક મેચ હારી અને એક મેચનું કોઈ પરિણામ આવ્યું નહીં. નેધરલેન્ડ્સ અને ઈટાલીના ક્વૉલિફિકેશન સાથે T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માટે અત્યાર સુધીમાં ૧૫ ટીમ નક્કી થઈ છે. હવે ફક્ત ૫ ટીમનો નિર્ણય બાકી છે. આ ટીમનો નિર્ણય આફ્રિકા ક્વૉલિફાઈર અને એશિયા-પૂર્વ એશિયા-પેસિફિક ક્વૉલિફાઈર દ્વારા કરવામાં આવશે. ઓમાન આ વર્ષે ઑક્ટોબરમાં સંયુક્ત રીતે ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬ એશિયા અને પૂર્વ એશિયા-પેસિફિક ક્વૉલિફાઈરનું આયોજન કરવામાં આવશે, જેમાં ૯ ટીમ ભાગ લેશે. આમાંથી ટોચની ત્રણ ટીમોને ટુર્નામેન્ટ રમવાની તક મળશે. ૨ ટીમ આફ્રિકા ક્વૉલિફાઈરમાંથી નક્કી કરવામાં આવશે.તેમજ આફ્રિકા ક્વૉલિફાઈર ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઑક્ટોબર દરમિયાન ઝિમ્બાબ્વેમાં યોજાશે. આમાં, ૮ ટીમ T20 વર્લ્ડ કપની ટિકિટ મેળવવા માટે સ્પર્ધા કરશે.



સ્વિટ્ઝર્લેન્ડના સેન્ટ ગેલેનમાં એરેના સેન્ટ ગેલેન ખાતે ઇંગ્લેન્ડ અને વેલ્સ વચ્ચે મહિલા યુરો ૨૦૨૫, ગ્રુપ ડી, ફૂટબોલ મેચ દરમિયાન પોતાની ટીમનો પાંચમો ગોલ કર્યા બાદ ઇંગ્લેન્ડની બેથ મીડ, જમણી બાજુએ, ઉજવણી કરે છે.

## એક અંતરિયાળ પર્વતીય ક્ષેત્રને પ્રથમવાર વીજળી કનેક્શન મળ્યું

। ચંદીગઢ, તા.૧૨ ।

રાજસ્થાનના બારાં જિલ્લાના એક અંતરિયાળ પર્વતીય ક્ષેત્રને સ્વતંત્રતાના ૭૮ વર્ષ પછી પ્રથમ વખત વીજળી કનેકશન મળ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સંવારા ગામથી ૩૦૦ કિમી દૂર અને જિલ્લા મુખ્યાલયથી ૧૭૫ કિમી દૂર ૪૦ ઘરોમાં રહેતા સહરિયા જનજાતિના લગભગ ૨૦૦ લોકોની વીજળી માટેની લાંબી રાહ અંતે ૩૦ જૂને પૂર્ણ થઈ હતી. જિલ્લા કલેક્ટર રોહિતાશ્વ સિંહ તોમરે ગુરૂવારે જણાવ્યું હતું કે હવે બારાં જિલ્લામાં ૧૦૦ ટકા વીજળી કનેકશન ઉપલબ્ધ થઈ ગયું છે. તેમણે જણાવ્યું હતું કે ગયા મહિને રાત્રિ ચૌપાલ દરમિયાન લોકો પાસેથી ફરિયાદ મળ્યાના ૨૦-૨૫ દિવસની અંદર આ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું. કલેક્ટરે જણાવ્યું હતું કે આ જન સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાનો એક ઉલ્લેખનીય ઉદાહરણ છે. બદ્રી સહરિયાના પૌત્ર અરૂણ સહરિયાએ જણાવ્યું હતું કે સમગ્ર ગામના લોકો હવે ખુશ અને ઉત્સાહિત છે કારણકે તેમની રાત્રિઓ પ્રકાશિત થઇ ગઇ છે. દાયકાઓ પછી ગામમાં અંતે વીજળી પહોંચી છે.

### અમે આ તપાસને નકારી કાઢીએ છીએ

# રિપોર્ટમાં દોષનો ટોપલો પાયલટ પર ઢોળવાનો પ્રયાસ, પ્લેન ક્રેશ મામલે પાયલટ એસોસિએશનના ગંભીર આરોપ

### આ દુર્ઘટનાની તપાસ નિષ્પક્ષ અને તથ્ય આધારિત થવી જોઈએ

। નવી દિલ્હી, તા.૧૨ ।

અમદાવાદ એરપોર્ટ પર બનેલી પ્લેન ક્રેશની ઘટનાએ સૌને હચમચાવી દીધા છે. એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB)ના પ્રાથમિક રિપોર્ટ અનુસાર, આ દુર્ઘટના પાછળ વિમાનની ફ્યુલ સ્વિચનું કટઓફ હોવાનું કારણભૂત માનવામાં આવી રહ્યું છે. આ દરમિયાન આ રિપોર્ટમાં પાયલટ પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો એરલાઈન પાયલટ એસોસિયેશન ઓફ ઈન્ડિયાએ દાવો કર્યો છે. તેમણે જણાવ્યું કે, આ રિપોર્ટમાં તપાસની દિશા અને વલણથી એવું લાગી રહ્યું છે કે પાયલટની ભૂલ હોવાનું સૂચવવામાં આવી રહ્યું છે. અમે આ તપાસને નકારી કાઢીએ છીએ. આ દુર્ઘટનાની તપાસ નિષ્પક્ષ અને તથ્ય આધારિત થવી જોઈએ.

AAIBનો પ્રાથમિક રિપોર્ટ મીડિયામાં લીક થયાનો આરોપ લગાવતા એરલાઈન પાયલટ એસોસિયેશન ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, AAIBનો પ્રારંભિક રિપોર્ટ કોઈપણ જવાબદાર અધિકારીની સહી અથવા માહિતી વિના મીડિયા સાથે શેર કરવામાં આવ્યો હતો. તપાસમાં પારદર્શિતાના અભાવ અંગે એરલાઈન પાયલટ એસોસિયેશન ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, તપાસ સંપૂર્ણપણે ગુપ્ત રહી હતી. આનાથી વિશ્વસનીયતા પર અસર પડી હતી અને જનતા પણ આ રિપોર્ટથી સંપૂર્ણપણે સહમત નથી. આ ઉપરાંત યોગ્ય, અનુભવી કર્મચારીઓ, ખાસ કરીને લાઈન પાયલટ, હજુ પણ તપાસ ટીમમાં સામેલ નથી થઈ રહ્યા. એરલાઈન પાયલટ એસોસિયેશન ઓફ ઈન્ડિયાએ દાવો કર્યો કે, ૧૦મી જુલાઈના રોજ એક લેખમાં ફ્યુલ કંટ્રોલ સ્વિચમાં ખામીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે આટલી સંવેદનશીલ તપાસની માહિતી આંતરરાષ્ટ્રીય મીડિયામાં કેવી રીતે લીક થઈ. AAIB રિપોર્ટમાં મહત્ત્વના ઘટસ્ફોટ થયા, AAIBના રિપોર્ટ અનુસાર, પાયલટે મેડે (MAYDAY) કોલ આપ્યો હતો. જો કે, થોડી જ સેકન્ડો પહેલા જ વિમાનને બચાવવા માટે છેલ્લો પ્રયાસ કર્યો હતો. મેડે કોલના માત્ર ૧૩ સેકન્ડ પહેલા પાયલટે એન્જિન ફ્યુલ કંટ્રોલ સ્વિચને કટઑફથી રનમાં પરત ફેરવ્યું, જેનો અર્થ થાય છે કે, એન્જિન ફરીથી સ્ટાર્ટ કરવાની પ્રક્રિયા શરુ કરાઈ હતી. ● ૧૨મી જૂને બપોરે ૧ વાગ્યાને ૩૮ મિનિટ અને ૫૨ સેકન્ડ પર ફ્યુઅલ સ્વિચ રન પર લાવવામાં આવી.

### ૧૫૦૦થી વધુ હિન્દુ યુવતીઓનું ધર્માંતરણ કરાવ્યાનો

# છાંગુર બાબાને વિદેશથી ૫૦૦ કરોડનું ફંડ મળેલું

। (એજન્સી) લખનૌ, તા.૧૨ ।

ધર્માન્તરણનો ધંધો કરનારો છાંગુર ઉર્ફે જલાલુદ્દીન આજકાલ સમાચારોની હેડલાઈન બનેલો છે. તેની ભૂરી દાઢી અને ફકીર જેવો ડગલો અને જાડા ચશ્મા અને તેની ધ્રુજતી ચાલ. ઉંમર ભલે ૭૮ વર્ષની હોય, પરંતુ તેની ઉમર જોઈને તેની દયા ખાવા જેવી નથી. કારણ કે તે જેવો દેખાય છે એવો વાસ્તવમાં છે નહીં. તેના પર લાગેલા આરોપો ઘણા ગંભીર છે. તે હિંદુ યુવતીઓને લલચાવીને તેમને ધર્મપરિવર્તન કરાવી મુસ્લિમ બનાવવાના એક મોટા ધાર્મિક રેકેટનો માસ્ટરમાઈન્ડ છે. તેની જ પાછળ નસરીન નામની યુવતી પણ છે, જે ક્યારેક સિંધી હિંદુ હતી. તે પણ આ રેકેટનો એક ભાગ હતી.

છાંગુરે સૌથી પહેલા નસરીન અને તેના પતિને જ આ ધર્માન્તરની જાળમાં ફસાવ્યા હતા અને તેને નીતુમાંથી નસરીન બનાવી હતી. ત્યારબાદ ધર્માન્તરણની આ રમતમાં નસરીન જ તેનો સૌથી મોટો મોહરો હતી. જે હિંદુ યુવતીઓને ફસાવીને છાંગુર પાસે લાવતી અને પછી તેમને પણ ધર્માન્તર કરાવતો. હવે ધર્માન્તર માટે ચાંગુર બાબાની રેટ લિસ્ટ પણ સામે આવી છે.

એટલુ જ નહીં છાંગુરે હિંદુ યુવતીઓમાં પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, OBC- SC-ST ના હિસાબથી ટાર્ગેટ સેટ કરી તેમના ધર્માન્તરની લિસ્ટ બનાવેલી હતી. હોટેલોમાં રેટ કાર્ડની જેમ ધર્માન્તરની રેટ લિસ્ટ આપે પહેલા ક્યાંય સાંભળ્યુ નહીં હો. જલાલુદ્દીન ઉર્ફે છાંગુરના નેટવર્કે તેમા બ્રાહ્મણ યુવતીને ઈસ્લામ કબૂલ કરાવવાના ૧૫ થી ૨૦ લાખ રૂપિયા રેટ ફિક્સ કર્યો હતો. ધર્માન્તરનો આ જ ૧૫ થી ૧૬ લાખ રૂપિયાનો રેટ તેમને ક્ષત્રિય રાજપૂત યુવતીઓને મુસલમાન બનાવવા માટે નક્કી કરેલો હતો.

જ્યારે અન્ય OBC વર્ગની ૫ છાત જાતિઓની હિંદુ યુવતીઓનુ ધર્માન્તર કરાવવા માટે ૧૦ થી ૧૨ લાખ રૂપિયાનો રેટ ફિક્સ હતો. અન્ય હિંદુ જાતિઓ એટલે કે SC-ST વર્ગની યુવતીઓનું ધર્માન્તર કરવા માટે ૮ થી ૧૦ લાખ રૂપિયા રેટ ફિક્સ હતો. એ ખરેખર ચોંકાવનારુ હતુ કે ધર્માન્તરનું પણ રેટ કાર્ડ બનાવવામાં આવ્યુ હતુ. આ રેટ લિસ્ટ એ પણ સવાલ ઉઠાવે છે કે હિંદુઓના ધર્માન્તર માટે છાંગુરને આવુ કેટલુ વિદેશી ફન્ડીંગ મળી રહ્યુ હતુ. શું આ જ ફન્ડીંગને કારણે તેમણે દરગાહ પાસે જ હિંદુ ધર્માન્તરનુ કરોડોનું ગેરકાયદે હેડક્વાર્ટર ઉભુ કરી દીધુ હતુ.

સૂત્રો અનુસાર છાંગુરની ધર્માન્તર ગેંગએ ૩ થી ૪ હજાર હિંદુઓનુ લિસ્ટ બનાવ્યુ હતુ જે સોફ્ટ ટાર્ગેટ પર હતુ. દાવો કરાઈ રહ્યો છે કે ૪૦ હિંદુઓનુ ધર્માન્તર તો કરાવી પણ ચુક્યો છે. છાંગુર અને નસરીનના રિમાન્ડને લઈને યુપી ATS એ ધર્માન્તર રેકેટ ના તમામ ઈરાદાઓ શોધવા પડશે. હિંદુ ધર્માન્તરના આ સનસનાટીભર્યા કેસમાં ૯ આરોપી છે. પરંતુ ધરપકડ માત્ર ૪ લોકોની જ થઈ છે. છાંગુર પર યુપી ATS એ નવેમ્બર ૨૦૨૪ માં FIR કરી હતી પરંતુ ધરપકડ ૫ જુલાઈએ થઈ. જ્યારે છાંગુર અને નસરીન લખનઉના સ્માર્ટ રૂમ હોટેલમાં બાપ-દીકરીની ઓળખ આપી સંતાયા હતા. મુંબઈની હાજી અલી દરગાહ પર વીંટીઓ વેચવાવાળો જલાલુદ્દીન ઉર્ફે કરીમુલ્લા શાહ ઉર્ફે છાંગુરે ક્યારે હિંદુ ધર્માન્તરની સાજિશ શરૂ કરી, કેવી રીતે કરોડોનો આસામી બની ગયો એ રહસ્ય ED ઉકેલી રહી છે. છાંગુર પર વિદેશી ફન્ડીંગ લેવાનો અને રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મુકવાનો આરોપ છે. EDની તપાસમાં ખૂલાસો થયો છે કે છાંગુર પાસે ૧૦૬ કરોડ રૂપિયા મિડલ ઈસ્ટથી આવ્યા હતા. આ ૧૦૬ કરોડ અલગ અલગ ૪૦ બેંક ખાતામાં જમા થયા હતા. FIR મા ઉલ્લેખ છે કે છાંગુરે કેટલાક વર્ષોમાં ૧૦૦ કરોડથી વધુની સંપતિ બનાવી છે. આ પૈસા છેતરપિંડી અને ધર્માન્તરના બદલામાં કમાયા છે. આ પૈસાથી ઘરો, દુકાનો, શાળાઓ અને ઘણી ધાર્મિક સંસ્થાઓ બનાવવામાં આવી છે. ED અને UP ATS પાસેથી છાંગુર સામેના આરોપોની સંપૂર્ણ યાદી લીધી છે.

### યાત્રાના માર્ગ પર ૮,૫૦૦થી વધુ જવાનો તૈનાત

# અમરનાથ યાત્રાની સુરક્ષા માટે લશ્કરે 'ઓપરેશન શિવા' શરૂ કર્યુ

### ભારતીય લશ્કરે પહેલગામ હુમલાને લીધે આ વખતે સંવેદનશીલ ગણાતી અમરનાથ યાત્રામાં સલામતિ અને સુરક્ષા માટે લોખંડી બંદોબસ્ત ગોઠવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારતીય લશ્કરે પહેલગામ હુમલાને લીધે આ વખતે સંવેદનશીલ ગણાતી અમરનાથ યાત્રામાં સલામતિ અને સુરક્ષા માટે લોખંડી બંદોબસ્ત ગોઠવ્યો છે. ઈન્ડિયન આર્મીએ આ માટે 'ઓપરેશન શિવા ૨૦૨૫' શરૂ કર્યું છે. આ ઓપરેશનનો ઉદ્દેશ અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ભારતે પહેલગામ હુમલા બાદ પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરતા ઓપરેશન સિંદૂર હાથ ધર્યુ હતું.પાક. સમર્થિત આતંકી સંગઠનો દ્વારા વળતો હુમલો કરવાની ધમકીઓ વચ્ચે આ વર્ષે અમરનાથ યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય તે ઓપરેશન શિવાનો ધ્યેય છે. સ્થાનિક તંત્ર અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (સીએપીએફ)એ સંયુક્ત સમન્વય સાથે આ મિશન હાથ ધર્યુ છે. અમરનાથ યાત્રાના બંને મુખ્ય રસ્તા બાલતાલ તથા પહેલગામ માર્ગ પર મજબૂત સુરક્ષા માળખું સ્થપવામાં આવ્યું છે. આ વર્ષે સઘન સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે યાત્રાના માર્ગ પર ૮,૫૦૦થી વધુ જવાનો તૈનાત છે. આ સૈનિકોને તકનિકી સાધનો અને કાર્યકારી ક્ષમતાઓથી સુસજ્જ કરાયા છે. ઓપરેશન અંતર્ગત લશ્કરના જવાનો સ્થાનિક તંત્રને ડિઝાસ્ટર રિસ્પોન્સ અને કટોકટી રાહત કાર્યોમાં પણ સહકાર પૂરો પાડી રહ્યા છે. લશ્કરના જણાવ્યા મુજબ અમરનાથ યાત્રા રૂટ પર મુખ્ય સુરક્ષા વ્યવસ્થામાં હવાઈ નિરીક્ષણ ગ્રીડ સામેલ છે જે ૫૦ ઝેંછજીથી સજ્જ છે અને ડ્રોન સહિતના સંભવિત હુમલાને તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે.આ ઉપરાંત ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ પણ સક્રિય છે. યાત્રાના બંને રૂટ પર પણ લાઈવ મોનિટરિંગ, હવાઈ નિરીક્ષણ સાથે ચાંપતી નજર રાખવામાં આવી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. માર્ગ પર ૧૫૦ ડોક્ટર્સની ટીમ પણ ખડેપગે છે સાથે મેડિકલ ટીમ, બે અદ્યતન ડ્રેસિંગ સ્ટેશનો, નવ મેડિકલ સેવા પોસ્ટ તથા ૧૦૦ બેડની હોસ્પિટલની સુવિધા પણ છે. આ સાથે ૨૬ ઓક્સિજન બૂથ ઊભા કરાયા છે જેમાં બે લાખ લિટર ઓક્સિજનનો પુરવઠો ઉપલબ્ધ છે. ઈમર્જન્સીની સ્થિતિને પહોંચી વળવા લશ્કરના હેલિકોપ્ટર્સ પણ સ્ટેન્ડ બાય રખાયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આ સાથે ૨૬ ઓક્સિજન બૂથ ઊભા કરાયા છે જેમાં બે લાખ લિટર ઓક્સિજનનો પુરવઠો ઉપલબ્ધ છે. ઈમર્જન્સીની સ્થિતિને પહોંચી વળવા લશ્કરના હેલિકોપ્ટર્સ પણ સ્ટેન્ડ બાય રખાયા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

## કરજણમાં કરોડો રુપિયાના કૌભાંડનો થયેલો પર્દાફાશ

। (એજન્સી) કરજણ, તા.૧૨ ।

છેલ્લા કેટલાક સમયથી મનરેગા યોજના ચર્ચાનો વિષય બની ગઈ છે. મનરેગા યોજનામાં અલગ અલગ જગ્યાએથી કૌભાંડનો ખુલાસો થયો છે. ત્યારે વડોદરાના કરજણમાં વર્ષ ૨૦૨૧-૨૨માં આચરેલું કૌભાંડ ખુલ્યું છે. મનરેગા યોજનામાં કૌભાંડને લઈને ૮ લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. તાલુકામાં ૨.૭૨ કરોડનું કૌભાંડ થયું હોવાની ફરિયાદ નોંધાઈ છે. જ્યારે તત્કાલીન TDO અને ટેક્નિકલ આસિસ્ટન્ટ સહિતના લોકો સામેલ હોવાનું ખુલ્યું છે. કરજણના TDOએ આ સમગ્ર ઘટનામાં પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. કરજણ તાલુકા પંચાયતના હાલના TDO જયમિની પટેલે વડોદરા DDOના માર્ગદર્શન હેઠળ આ ફરિયાદ કરી છે.

## મેન્સ સિંગલ્સની ફાઇનલમાં હવે યાનિક સિનર અને કાર્લોસ અલ્કારાઝ ટકરાશે

। (એજન્સી) લંડન, તા.૧૨ ।

વિમ્બલ્ડન ટેનિસ ગ્રાન્ડ સ્લેમ ૨૦૨૫ ની મેન્સ સિંગલ્સની ફાઈનલમાં હવે યાનિક સિનર અને ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ રવિવારે સેન્ટર કોર્ટ પર ટાઈટલ ટક્કર માટે ટકરાશે. બંને ખેલાડીઓએ સેમિ ફાઈનલ મેચમાં પોતાના વિરોધીઓને હરાવીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. રવિવાર, ૧૩ જુલાઈના રોજ આ ફાઈનલ ટેનિસના સૌથી રોમાંચક યુગની શરૂઆત કરશે, જ્યાં જોકોવિક, નડાલ અને ફેડરરના યુગ પછી, અલ્કારાઝ અને સિનર જેવા સ્ટાર્સ હવે ટેનિસ પર પ્રભુત્વ મેળવશે. ઈટાલીના ૨૩ વર્ષીય જેનિક સિનરે સેમિ ફાઈનલમાં મહાન ખેલાડીઓમાંના એક નોવાક જોકોવિકને ૬-૩, ૬-૩, ૬-૪ થી સીધા સેટમાં હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. અત્યાર સુધી ૨૪ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતનાર જોકોવિક સેન્ટર કોર્ટ પર પ્રમાણમાં સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો અને સિનરની આક્રમક અને સચોટ રમત સામે લાચાર દેખાતો હતો. વિમ્બલ્ડન ફાઈનલમાં આ સિનરનો પહેલો પ્રવેશ છે અને આ સાથે તે આ સિદ્ધિ હાંસલ કરનાર પ્રથમ ઈટાલિયન પુરુષ ખેલાડી બન્યો છે.

બીજા સેમિ ફાઈનલમાં, સ્પેનના કાર્લોસ અલ્કારાઝે અમેરિકાના ટેલર ફ્રિટ્ઝને ૬-૪, ૫-૭, ૬-૩, ૭-૬(૬) થી હરાવીને સતત ત્રીજી વખત વિમ્બલ્ડન ફાઈનલમાં પ્રવેશ કર્યો. ૨૨ વર્ષીય અલ્કારાઝ હવે તેના કારકિર્દીના છઠ્ઠા ગ્રાન્ડ સ્લેમ અને સતત ત્રીજા વિમ્બલ્ડન ટાઈટલ જીતવાથી માત્ર એક જીત દૂર છે. અલ્કારાઝ હાલમાં જબરદસ્ત ફોર્મમાં છે અને આ તેની સતત ૨૪મી જીત છે. તેણે ૨૦૨૩ અને ૨૦૨૪ વિમ્બલ્ડન ફાઈનલમાં નોવાક જોકોવિકને હરાવ્યો હતો અને હવે તે તેના અનુભવ અને સેન્ટર કોર્ટના આત્મવિશ્વાસના આધારે ટાઈટલ માટે મજબૂત દાવેદાર છે.

## ન્યૂઝ બ્રિફ

### જોખમી ગણાતા ૯૪ બ્રિજની ફેર તપાસ માટે સૂચના અપાઈ

। (એજન્સી) વડોદરા,તા.૧૨ ।

ગુજરાતમાં વડોદરાના પાદરામાં ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ રાજ્ય સરકાર સફાળી જાગી છે. આ દુર્ઘટના બાદ ચાર અધિકારીઓને ફરજ મોકૂફ કર્યા છે. રાજ્ય સરકારે જિલ્લા કલેક્ટરોને માર્ગ અને મકાન વિભાગ સાથે સંકલન કરીને બ્રિજની ચકાસણી કરવા માટે સૂચના આપી છે. સરકારે રાજ્યના ૯૪ બ્રિજની ફેર તપાસ માટે ડિઝાઈનર અને કન્સલ્ટન્ટને પણ સૂચનાઓ આપી છે. રાજ્યમાં સલામતિના ભાગરૂપે ૩૬ જોખમી બ્રિજ બંધ કરાયા છે. રાજ્ય સરકાર ગંભીરા બ્રિજની દુર્ઘટના બાદ એક્શનમાં આવી છે. જિલ્લા કલેક્ટરોને હયાત બ્રીજની ચકાસણી કરવા સૂચના આપી છે. જિલ્લા કક્ષાએ માર્ગ અને મકાન વિભાગ સાથે સંકલન કરી ચકાસણી કરવા આદેશ કર્યો છે. માર્ગ અને મકાન વિભાગે રાજ્યના ૯૪ બ્રીજની ફેર તપાસ માટે ડિઝાઈનર અને કન્સલ્ટન્ટને સૂચના આપી છે.

### ચાંદખેડામાં હુંડાઇ ક્રેટા કારમાંથી દારૂનો જથ્થો ઝડપાયો, ૯.૮૫ લાખનો મુદ્દામાલ કબજે

। (એજન્સી) અમદાવાદ,તા.૧૨ ।

ચાંદખેડા પોલીસે માહિતીને આધારે ક્રેટા કારમાંથી ૩.૮૫ લાખના દારૂના જથ્થા સાથે ૯.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે આ કેસમાં ફરાર આરોપીઓની શોધ હાથ ધરી છે.ચાંદખેડા પોલીસને માહિતી મળી હતી કે એક સફેદ કલરની હુંડાઈ ક્રેટા કારમાં ગેરકાયદે વિદેશી દારૂનો જથ્થો છે અને કાર ચાંદખેડા વિસ્તારમાંથી પસાર થવાની છે. દરમિયાન ચાંદખેડાના તપોવન સર્કલથી વિસત સર્કલ તરફ જતા ખોડિયાર ટી સ્ટેલની બાજુમાં ટાટા મોટર સર્વિસ સેન્ટરની સામેથી આ ક્રેટા કાર મળી આપી હતી. પોલીસે કારમાં તપાસ કરતા અંદરથી રૂ.૩,૮૫,૧૬૫ની કિંમતનો બિયર અને દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો અને કાર મળીને કુલ રૂ. ૯,૮૫,૧૬૫ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### રવાપર ગામે મહિલાઓએ થાળી વગાડી ચક્કાજામ કર્યો

। (એજન્સી) મોરબી,તા.૧૨ ।

મોરબીના રવાપર ગામે મહિલાઓએ વિરોધ કર્યો છે, મહિલાઓએ થાળી વગાડી કર્યો ચક્કાજામ કેમકે, પ્રાથમિક સુવિધાના અભાવને લઈ વિરોધ કરી ધારાસભ્યને આપી ચીમકી આપી છે, સ્થાનિકોનું કહેવું છે કે, સમસ્યા હલ કરો તો જ રોડ છોડીશું નહીતર આંદોલન કરીશું તેવી ચીમકી પણ ઉચ્ચારી છે,જડેશ્વરથી વાંકાનેર જતા રોડ પર કર્યો ચક્કાજામ.

મોરબીના રવાપર ગામે મહિલાઓએ થાળી વગાડી રોડ ચક્કાજામ કર્યો છે, રોડ અને પ્રાથમિક સુવિધાને લઈ રોડ ચક્કાજામ કરવામાં આવ્યો છે, રવાપર ગામની રામ સેતુ સોસાયટીમાં પ્રાથમિક સુવિધાનો અભાવ હોવાથી રોડ ચક્કાજામ કર્યો છે, મહિલાઓનું કહેવું છે કે, ધારાસભ્ય દુર્લભજી દેથરિયા સ્થળ પર આવી પ્રશ્ન હલ કરે તો રોડ ખાલી કરવામાં આવશે.

### નવસારી રેલવે સ્ટેશન પર ટ્રેન અડફેટે બે યુવાનોના કરૂણ મોત

। (એજન્સી) નવસારી,તા.૧૨ ।

નવસારી રેલવે સ્ટેશન વિસ્તારમાં બે યુવાનોના ટ્રેનની અડફેટે આવી જતા બે યુવકોના મૃત્યુ નીપજ્યાં હતા.

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના સેરા ગામમાં કલ્યાણ ભાઈ અને ઉત્તમ ઠોકર બંને રોજગારી અર્થે નવસારી ખાતે આવ્યા હતા. ટ્રેનમાંથી નીચે ઉતર્યા બાદ રેલવે લાઈન ક્રોસ કરતા દુર્ઘટના બની હતી.

અમદાવાદ તરફ જતી લોકશક્તિ એક્સપ્રેસના લોકો પાયલટે મૃતદેહ જોતા નવસારી રેલવે સ્ટેશનને જાણ કરી હતી. ઘટનાની જાણ રેલવે પોલીસ અને સ્થાનિક પોલીસને થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. નવસારી સિવિલ હોસ્પિટલ પર મોટી સંખ્યામાં બનાસકાંઠા ખાતે રહેતા સમાજના અગ્રણીઓ ભેગા થયા હતા.

---

અત્યાધુનિક હાજરી સિસ્ટમનો અમલ શરૂ

# સફાઈ કામદારો સહિત તમામ કર્મચારીઓ માટે AI બેઝ્ડ હાજરીનો અમલ કરશે

## કર્મચારીઓ હાજરી પુરાવીને ઓફિસે હાજર ન હોય અને પોતાના અન્ય અંગત કામમાં વ્યસ્ત હોય

। વડોદરા,તા.૧૨ ।

વડોદરા કોર્પોરેશનમાં કર્મચારીઓની હાજરી અંગે વિવાદ વચ્ચે હવે અત્યાધુનિક હાજરી સિસ્ટમનો અમલ શરૂ કરવાની દિશામાં તૈયારીઓ હાથ ધરી છે. જે અંતર્ગત છૈં (જીઓ ફેન્સીંગ) બેઝ્ડ એટેન્ડન્સ (હાજરી) સિસ્ટમ શરૂ કરવા તરફ પગલું ભરવામાં આવ્યું છે. આ માટે ટેન્ડર મંગાવવામાં આવ્યા છે અને તારીખ ૧૪ જુલાઈ સુધી ટેન્ડર ભરી શકાશે.પાલિકામાં કર્મચારીઓની હાજરી અંગે વારંવાર વિવાદ થાય છે. અનેક વખત એવી બાબતો સપાટી પર આવી છે કે, કર્મચારીઓ હાજરી પુરાવીને ઓફિસે હાજર ન હોય અને પોતાના અન્ય અંગત કામમાં વ્યસ્ત હોય. જેને કારણે નાગરિકોના પ્રશ્નો અને ઓફિસ કામને તેની ખૂબ ગંભીર અસર થતી હોય છે. ત્યારે હવે અલગ-અલગ તબક્કામાં વિવિધ હાજરી અંગેના અખતરાઓ કર્યા બાદ હવે કોર્પોરેશન એઆઈ (જીઓ ફેન્સીંગ) બેઝ્ડ એટેન્ડન્સ (હાજરી) સિસ્ટમ શરૂ કરવાની દિશામાં કાર્યવાહી કરી રહ્યું છે. આ માટે પાલિકાએ ઓનલાઈન ટેન્ડર રજૂ કરી તે માટે ઓફર મંગાવી છે. જેનું બીડ ભરવાની અંતિમ તારીખ ૧૪ જુલાઈ છે. હજુ કોઈ પણ ઈજારદારે આમાં હજુ રસ દાખવ્યો નથી પરંતુ છેલ્લા દિવસે કેટલા ઈજારા આવે છે? તેના પર આ અંગેનો આગામી નિર્ણય લેવાઈ શકે છે. છૈં બેઝ્ડ હાજરી અંગે જાણવા મળ્યા પ્રમાણે, હવે જે કર્મચારીનું નોકરીનું જે સ્થળ હશે ત્યાં તે પોતાનો મોબાઈલ લઈને જશે તો જ તેની હાજરી પૂરાશે. એટલે કે, પાલિકાએ પોતાની વિવિધ કચેરીઓની ચોક્કસ જગ્યા મર્યાદામાં આ અંગે લોકેશનના આધારે કર્મચારીની હાજરી ગણાશે. પાલીકાએ આ અંગે આંતરિક તપાસ પણ કરી લીધી છે કે, મોટાભાગના ક્લાસ વનથી થ્રી (ત્રણ) કક્ષાના તમામ અધિકારીઓ, કર્મચારીઓ પાસે પોતાના મોબાઈલ છે. જેથી તેઓ મોબાઈલ ફોનના માધ્યમથી, જે એપ ડેવલપ કરવામાં આવશે તેમાં, તે પોતાના નોકરીના સ્થળે આવીને પોતાની હાજરી પુરાવી લેશે. પોતાના નોકરીના લોકેશનના ચોક્કસ પેરાફેરી માટે આવવાની સાથે જ મોબાઈલ ફોનની એપની મદદથી પોતાની એટેન્ડન્સ નિશ્ચિત કરી શકશે. જે કર્મચારીઓ પાસે મોબાઈલ નથી જેમાં ખાસ કરીને વર્ગ ૪ના કર્મચારીઓ પાસે મોબાઈલ ન હોય તેમાં જે તે વિભાગના સુપરવાઈઝર ગ્રુપ ફોટોના માધ્યમથી કર્મચારીઓની હાજરી પુરશે.

આ અંગે પાલિકા સૂત્રો જણાવી રહ્યા છે કે, જો કોઈ અધિકારી કે કર્મચારીનો મોબાઈલ ફોન બગડ્યો હશે તો અધિકારીને વિશેષ સત્તાના આધારે તે જે તે કર્મચારીની હાજરી પૂરી શકશે. આ ઉપરાંત જે કર્મચારી ઘરે ફોન ભૂલી ગયો હશે તો તે પણ કેવી રીતે ઓફિસમાં પોતાની હાજરી સુનિશ્ચિત કરી શકે? તે માટેના પગલાં વિચારાઈ રહ્યા છે. એક કર્મચારી અન્ય કર્મચારીને પોતાનો મોબાઈલ ફોન આપી હાજરી પુરાવે તે બાબત હાલ અસ્થાને છે તેમ જણાવી સૂત્રો ઉમેરી રહ્યા છે કે, હાલ પ્રાઈવસીના જમાનામાં કોઈ વ્યક્તિ પોતાનો ફોન બીજી વ્યક્તિને આપે તેવું મોટેભાગે જોવા મળતું નથી. હાલ દેશના બેંગ્લોર, હૈદરાબાદ, પુના, પિંપળી ચિંચવડ પાલિકા દ્વારા આ પ્રકારની હાજરી સિસ્ટમનો અમલ હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

---

હોસ્પિટલમાં દાખલ કરાયા

# બાવળા ભાજપના કાર્યકર્તા જીગ્નેશ પંડ્યા પર થયો જીવલેણ હુમલો

। (એજન્સી) અમદાવાદ,તા.૧૨ ।

તાજેતરમાં ભાજપના એક નેતા પર જીવલેણ હુમલો થયો છે. વાત જાણે એમ છે કે અમદાવાદ જિલ્લા ભાજપ યુવા મોરચાના કોઓર્ડીનેટર જીગ્નેશ પંડ્યા પર જીવલેણ હુમલો થયો છે. બાવળાના જીગ્નેશ પંડ્યા જ્યારે અમદાવાદ તરફથી બાવળા બાજુ આવતા સમયે બુકાની ધારી ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો. આ બનાવ સમગ્ર બાવળા તાલુકાના રજોડા ગામના પાટિયા પાસે બન્યો હતો. રજોડા ગામના પાટિયા પાસે અજાણ્યા શખ્સોએ જીગ્નેશ પંડ્યા પર હુમલો કર્યો હતો. આ અજાણ્યા શખ્સોએ જીગ્નેશ પંડ્યા પર છરી અને પાઈપો વડે હુમલો કર્યો હતો. જેમાં જીગ્નેશ પંડ્યા ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત ભાજપના કોઓર્ડીનેટર જીગ્નેશભાઈ પંડ્યાને સારવાર અર્થે બાવળા આરોગ્ય કેન્દ્ર માટે ખસેડવામાં આવ્યા હતા.

જો કે સમગ્ર ઘટનાની જાણ થતાં બાવળા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

તાજેતરમાં જ અમદાવાદ જિલ્લા યુવા મોરચાના જીગ્નેશભાઈ પંડ્યા સમગ્ર ઘટના અંગે પોલીસને જાણવાજોગ ફરિયાદ પણ કરી હોવાનું સામે આવ્યું છે. મહત્વનું છે કે થોડા દિવસો પૂર્વે જીગ્નેશ પંડ્યાના લેટરે ચર્ચા જગાવી હતી. કેમ કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સંસદીય મતવિસ્તારમાં આવતી સાણંદ વિધાનસભા બેઠકનો ભાગ બનેલી બાવળા નગરપાલિકા ફરી વિવાદમાં આવી છે.

સ્થાનિક ભાજપના યુવા નેતા જીગ્નેશ પંડ્યાએ પોતાના જ ધારાસભ્ય કનુ પટેલ વિરુદ્ધ ચાર પાનાનો ખખડતો પત્ર લખી રોષ વ્યક્ત કર્યો છે. પત્રમાં તેમણે બાવળાની હાલની પરિસ્થિતિને નરકપાલિકા તરીકે સંબોધી છે અને કનુ પટેલ ઉપર સાણંદ કેન્દ્રિત વિકાસ તથા ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા છે. જેથી આ સમગ્ર મુદ્દો હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યો તેમજ બાવળામાં છેલ્લા દસ વર્ષથી વિકાસના કામો ન થયા હોવાનો લેટર લખ્યો હતો. હવે જીગ્નેશ પંડ્યા પર થયેલા હુમલા બાદ સમગ્ર મામલે બાવળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

### કોંગ્રેસનો પાટા-પીંડી વિરોધ, મહીસાગર બ્રિજ દુર્ઘટનાના મુદ્દે ભાજપ સરકારને ઘેરી

। (એજન્સી) જામનગર,તા.૧૨ ।

વડોદરા નજીક મહીસાગર નદી પર બ્રિજ તૂટી પડવાની દુર્ઘટનાના પડઘા હવે જામનગર સુધી પહોંચ્યા છે. આજે જામનગર શહેર કોંગ્રેસ દ્વારા લાલ બંગલા સર્કલ ખાતે અનોખી રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ભાજપ સરકાર પર વ્યાપક ભ્રષ્ટાચારનો આરોપ લગાવતા કોંગી કાર્યકરો પાટા-પીંડી બાંધીને રસ્તા પર ઉતરી આવ્યા હતા. પોલીસે પ્રદર્શનકારીઓ પૈકી ૧૫ કાર્યકરોની અટકાયત કરી હતી, જોકે બાદમાં તમામને મુક્ત કરવામાં આવ્યા હતા. કોંગ્રેસના કાર્યકરોએ જણાવ્યું કે ગુજરાતમાં ભાજપ સરકારના શાસનકાળમાં વ્યાપક ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે, જેના કારણે નિર્દોષ પ્રજાને ટેક્સ અને જીવ બંને ગુમાવવા પડે છે. મહીસાગર બ્રિજ દુર્ઘટનાને આ ભ્રષ્ટાચારના સીધા પરિણામ તરીકે દર્શાવવામાં આવી હતી. પ્રદર્શન દરમિયાન, કાર્યકરોએ પોસ્ટર પ્રદર્શિત કર્યા હતા અને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા અને વિરોધ પક્ષના નેતા ધવલ નંદાની આગેવાની હેઠળ કોંગી કોર્પોરેટરો અને કાર્યકરો લાલ બંગલા સર્કલ ખાતે એકઠા થયા હતા. વિરોધને વધુ અસરકારક બનાવવા માટે, કેટલાક કાર્યકરોએ પોતાના શરીરે પાટા-પીંડી બાંધીને માર્ગ પર ઉતરીને અનોખો વિરોધ દર્શાવ્યો હતો.

---

કૌભાંડનું કદ કરોડો રૂપિયામાં હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલાસો

# દ્વારકા SOGએ બનાવટી દસ્તાવેજો પર થતા કૌભાંડ પર્દાફાશ કર્યો

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા,તા.૧૨ ।

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (SOG) એ માછીમારી બોટોના બનાવટી રજીસ્ટ્રેશન અને લાયસન્સ સંબંધિત એક મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ કૌભાંડમાં બોગસ બિલો અને નકલી દસ્તાવેજોના આધારે જૂની માછીમારી બોટોનું રજીસ્ટ્રેશન કરીને કરોડો રૂપિયાનું નાણાકીય નુકસાન કરવામાં આવ્યું હતું. આ કેસમાં દ્વારકા અને ભાવનગર જિલ્લામાંથી અનેક આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં ભાવનગરના નિવૃત્ત GMB (ગુજરાત મેરીટાઈમ બોર્ડ) સુપરિન્ટેન્ડેન્ટ તરુણ રાજપુરા સહિત કુલ ૧૪૫ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. દ્વારકા જિલ્લા પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે SOGએ આ કૌભાંડની તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આરોપીઓએ બનાવટી દસ્તાવેજો અને બોગસ બિલોનો ઉપયોગ કરીને જૂની અને નોન-ઓપરેશનલ માછીમારી બોટોનું રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આ રજીસ્ટ્રેશન દ્વારા સરકારી નિયમોનું ઉલ્લંઘન કરીને નાણાકીય લાભ મેળવવામાં આવ્યો હતો. આ કૌભાંડનું કદ કરોડો રૂપિયામાં હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે. SOGએ દ્વારકા અને ભાવનગર જિલ્લામાં એક સાથે ઝડપી કાર્યવાહી કરીને આ કૌભાંડમાં સંડોવાયેલા અનેક આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહીમાં ભાવનગરની બે પેઢીઓના માલિકો, ચાર એજન્ટો અને ૫૦ માછીમારોની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત, નિવૃત્ત GMB સુપરિન્ટેન્ડેન્ટ તરુણ રાજપુરા વિરુદ્ધ પણ ફરિયાદ નોંધવામાં આવી છે, જેઓ આ કૌભાંડમાં મુખ્ય ભૂમિકા ભજવતા હોવાનું મનાય છે. પોલીસે કુલ ૧૪૫ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે, જેમાં બનાવટી દસ્તાવેજો બનાવવા, તેનો ઉપયોગ કરવો અને સરકારી તંત્રને નુકસાન પહોંચાડવાના આરોપોનો સમાવેશ થાય છે. આ કેસમાં વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે, જેમાં અન્ય સંભવિત આરોપીઓની ઓળખ અને તેમની ધરપકડની શક્યતા પણ નકારી શકાતી નથી.

---

લોન અપાવવાના બહાને આ ઠગાઈ આચરવામાં આવી છે આ ઠગાઈ પાછી લાખો રૂપિયામાં કરવામાં આવી છે

# અવાણીયા ગામના યુવાન સહિત ત્રણ સાથે ઠગાઈ થઈ, ભાવનગરમાં લોનના બહાને લાખો રૂપિયાની ઠગાઈ

। (એજન્સી) ભાવનગર,તા.૧૨ ।

ભાવનગરમાં લાખો રૂપિયાની ઠગાઈથી ચકચાર મચી છે. અવાણીયા ગામના યુવાન સહિત ત્રણ સાથે ઠગાઈ થઈ છે. લોન અપાવવાના બહાને આ ઠગાઈ આચરવામાં આવી છે. આ ઠગાઈ પાછી લાખો રૂપિયામાં કરવામાં આવી છે.

અજાણ્યા શખ્સ દ્વારા આ ઠગાઈ આચરવામાં આવી છે. અલગ-અલગ ખાતામાંથી રૂપિયા નંખાવીને ૮૦ લાખ રૂપિયાથી વધુ રકમની ઠગાઈ કરવામાં આવી છે. ભોગ બનનારની જાણ બહાર તેના ખાતામાંથી રૂપિયા માઈનસ થયા છે. આના પગલે ઠગાઈનો ભોગ બનનાર યુવકે ઘોઘા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

યુવકે નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસે અજાણ્યા શખ્સો સામે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ભાવનગર જેવા નાના શહેરમાં આટલી મોટી રકમની ઠગાઈથી પોલીસ પણ ચોંકી ગઈ છે. પોલીસને પણ થયું કે આવા તે કયા કૌભાંડીઓ આવી ગયા છે કે આવડી મોટી રકમની ઠગાઈ છે.

પોલીસ હવે અહીં તે એન્ગલથી તપાસ કરી રહી છે કે ભાવનગરમાં ક્યાંક લોનનું રેકેટ તો ચાલતું નથીને. આ લોનના રેકેટના નામે તો કોઈ કૌભાંડ આચરવામાં આવતું નથીને તેને ધ્યાનમાં રાખીને તપાસ કરી રહી છે. આ સિવાય કોઈ પોન્ઝી સ્કીમ શહેરમાં ચાલી રહી નથી તેના અંગે પણ તપાસ કરી રહી છે. પોલીસે આ અંગે ઠગાઈનો ભોગ બનેલા યુવકની પણ પૂછપરછ કરી છે. તે આ ઠગોના સંપર્કમાં કઈ રીતે આવ્યો. આ ઠગોએ તેનો વિશ્વાસ કઈ રીતે કેળવ્યો અને પછી કયા આધારે તેમણે ખાતામાં આટલી રકમ ટ્રાન્સફર કરવાનું કહ્યુ. આ ઉપરાંત તેની જાણ બહાર તેના ખાતામાંથી રૂપિયા કઈ રીતે ઉપડી ગયા. તેણે કોઈ ઓટીપી નંબર આપ્યો હતો.

જો આવું ન હોય તો તેણે કોઈ અજાણી લિંક પર ક્લિક કર્યુ હતુ તેમ પણ પૂછ્યું હતું. આમાંનું કશું જ કર્યુ ન હોય તો આ રીતે બેક્રમાંથી રૂપિયા કઈ રીતે ઉસેટી જાય તે વાત પોલીસ માટે પણ આશ્ચર્યજનક છે. આ માટે પોલીસ હવે બેક્રના ટેકનિકલ સ્ટાફની મદદ લેવાની છે. આગામી દિવસોમાં પોલીસ આ કેસમાં કોઈ રહસ્યોદઘાટન કરે તો આશ્ચર્ય ન પામતા.

---

# ચાંદખેડામાં અપહરણ વીથ મર્ડરનો ગુનો ઉકેલાયો

। અમદાવાદ, તા.૧૨ ।

ચાંદખેડામાં રિક્ષા લઈને જઈ રહેલા યુવકનું અપહરણ કરીને તેની હત્યા કરનારા ત્રણ શખ્સોની ચાંદખેડા પોલીસે ધરપકડ કરી છે.આ બનાવની વિગત મુજબ ચાંદખેડામાં હુડકો વાસ, વિસત માતાના છાપરા પાસે રહેતો અજય ચેપાજી છાકોર(૨૦) ૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ રાત્રે પોણા બાર વાગ્યે તેના મિત્ર દર્શીલ ઉર્ફે ભટ્ટી જી.સામઢીયા સાથે રિક્ષા લઈને ચાંદખેડામાં શિવશક્તિબસ સ્ટેન્ડ પાસેથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન અગાઉના ઝઘડાની અદાવત રાખીને બળદેવ ઉર્ફે તાવડી ઠાકોર, નિકુલ મનુજી ઠાકોર, કાવ્ય ચૌહાણ અને પાર્થ બારોટ તથા અન્ય અજાણ્યા શખ્સોએ અર્ટીગાકારમાં ત્યાં આવ્યા હતા. તેમણે અજયની રિક્ષાને ઓવરટેક કરીને અજયને ગંધી ગાળો બોલીને અજયને રિક્ષામાંથી ઉતારીને કારમાં અપહરણ કરીને લઈ ગયા હતા.

બાદમાંતેમણે પાઈપ અને ધોકા વડે અજયના ડાબા પગ તથા જમણા પગમાં ફ્રેક્ચર કરીને છાતીમાં પાસળીઓના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. બાદમાં આ શખ્સો ભાગી ગયા હતા.સારવાર અર્થે અજય ઠાકોરને સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો.

જ્યાં ડોકેટરે તેને મૃત ઘોષિત કર્યો હતો.આ અંગે અજયની માતા મીરાબેન ચેપાજી ઠાકોરે ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.આ અંગે સેક્ટર ૧ જોઈન્ટ પોલીસ કમિશનર એલ ડિવીઝનના એસીપીના માર્ગદર્શન હેઠળ ચાંદખેડા પોલીસ સ્ટેશનના સ્ટાફે અલગ અલગ ટીમો બનાવીને તપાસ હાથ ધરી હતી. જેમાં આરોપીઓ મહેસાણામાં પાંચોટ ચાર રસ્તા પાસે હોવાની માહિતી પોલીસને મળી હતી. જેને આધારે પોલીસે હુડકાના મકાન, વિસત માતાનો વાસમાં રહેતા બળદેવજી ઉર્ફે તાવડી આર.ઠાકોર(૫૪), ચાંદખેડા રેલવે સ્ટેશન પાસે આશ્રય રેસીડેન્સીમાં રહેતા પાર્થ કે.રાવ (બારોટ)(૪૧) અને વાસતમાતાના વાસ, ચાંદખેડામાં રહેતા નિકુલ એમ. ઠાકોરની ધરપકડ કરી હતી.

---

# અસારવા વિધાનસભાના ધારાસભ્ય દર્શનાબેન વાઘેલાને સ્થાનિકોએ ઘેર્યા

## સ્થાનિકો દ્વારા કરવામાં આવેલી ફરિયાદો બાદ ત્વરિત નિરાકરણ માટે પ્રયાસ પણ કર્યો હતો

। (એજન્સી) અમદાવાદ,તા.૧૨ ।

હવે સ્થાનિક લોકો પોતાના પ્રશ્નોના નિરાકરણ અંગે ધારાસભ્ય સામે ગુસ્સો ઠાલવી રહ્યા છે. આવું જ આજે અસારવા વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા સાથે થયું છે. વાત જાણે એમ છે કે અસારવા બેઠકના ધારાસભ્ય આજે એમના નિયત રાઉન્ડ મુજબ તેમના વિસ્તારના લોકો તેમજ શાળાના બાળકો માટે ચોપડા વિતરણ માટે નીકળ્યા હતા. ત્યારે સ્થાનિક લોકોએ અમદાવાદના અસારવાના ધારાસભ્યને સ્થાનિકોએ ઘેરી વળ્યા હતા. વિકાસકાર્યોને લઈ ધારાસભ્ય દર્શનાબેન વાઘેલાને ઘેરી વળ્યા અને રોષ પણ દાખવ્યો હતો. જેમાં સિવિલ હોસ્પિટલની આસપાસના લોકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. આ તમામ રોષ જહાંગીરપુરામાં ધારાસભ્યએ લોકોના રોષનો સામનો કરવાની નોબત આવી હતી.અસારવા વિસ્તારમાં વિકાસના કાર્યો ન થતા લોકો રોષે ભરાયા છે. જેમાં પાણીની લાઈન અને ગટરની સમસ્યાને લઈ લોકોમાં ભારે રોષ ધારાસભ્ય સમક્ષ વ્યક્ત કર્યો હતો. જો કે સમગ્ર મામલે અસારવા વિધાનસભા બેઠકના ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા સ્થાનિકોના વિરોધ બાદ જાગ્યા અને સમગ્ર ઘટના અંગે વાત કરતા જણાવ્યું હતું કે, આજે જહાંગીરપુરામાં કોર્પોરેશન શાળામાં ચોપડા વિતરણ કાર્યક્રમ હતો. ત્યારે ચાલીની બહેનો મળી હતી. તેમની સાથે ચાલીમાં ગઈ તેમણે સ્થાનિક ગટરના પાણીની સમસ્યા અંગે વાત કરી હતી. તેમના જણાવ્યા મુજબ વાસ્તવમાં પરિસ્થિતિની જાણકારી મેળવી હતી. તેમાં કોર્પોરેશન અધિકારીઓ સમગ્ર મામલે જાણકારી આપી હતી. જે સ્થળે ગયા ત્યાં અહીં ડ્રેનેજના મોટા ર કામ ચાલી રહ્યા છે. હાલ વરસાદ હોવાના કારણે ડ્રેનેજનું નાળું બંધ કરવામાં આવ્યું હતું. મને રજૂઆત કરી એટલે તરત જ અધિકારીને સ્થળ પર બોલાવ્યા હતા, અને અધિકારીઓને સૂચના આપી છે કે ત્વરિત કામગીરી કરવામાં આવે.

આ ઉપરાંત દર્શનાબેન સામે ફોટો પડાવવા માટેનો આક્ષેપ લાગ્યો હતો. જે અંગે ખુલાસો કરતા કહ્યું કે, મારા વિધાનસભામાં રોજ કામ કરું છું. હું ફોટા માટેની રાજનીતિ કરતી જ નથી. પરંતુ પક્ષની કામગીરી અંગે સજાગ હોઉં છું. પરંતુ પ્રજાના સેવક તરીકે કામ કરીએ અને કામ માટેના સ્થાનિક લોકો રોષ હોય તેમના પ્રશ્નોનું નિરાકરણ આવે ત્યારે આ જ મતદારોનો પ્રેમ મળતો હોય છે. આ ઉપરાંત દર્શનાબેન સામે ફોટો પડાવવા માટેનો આક્ષેપ લાગ્યો હતો. જે અંગે ખુલાસો કરતા કહ્યું કે, મારા વિધાનસભામાં રોજ કામ કરું છું. હું ફોટા માટેની રાજનીતિ કરતી જ નથી. પરંતુ પક્ષની કામગીરી અંગે સજાગ હોઉં છું. પરંતુ પ્રજાના સેવક તરીકે કામ કરીએ અને કામ માટેના સ્થાનિક લોકો રોષ હોય તેમના પ્રશ્નોનું નિરાકરણ આવે ત્યારે આ જ મતદારોનો પ્રેમ મળતો હોય છે.

---

કિશોર સાતમાં ધોરણમાં અભ્યાસ કરતો હતો

# સુરતના ટુંડી ગામની સીમમાં પસાર થતી મોહન નદીમાં કિશોર ડૂબ્યો

। (એજન્સી) સુરત,તા.૧૨ ।

સુરતના ઉમરપાડાના મોહન નદીમાં કિશોર ડૂબતા ચકચાર મચી ગઈ છે. સુરત જિલ્લામાં ટુંડી ગામની સીમમાં પસાર થતી મોહન નદીમાં કિશોર ડૂબ્યો હતો. ૧૨ વર્ષનો વૃત્તિક ચૌધરી નામનો કિશોર ડૂબ્યો હતો. આ કિશોર નદીમાં નહાવા જતાં ડૂબ્યો ન હતો, પરંતુ નદીના કિનારે તે ઊભો હતો ત્યારે તેનો પગ લપસી જતાં તે ડૂબ્યો હતો. આ બનાવના પગલે તરત જ ફાયરબ્રિગેડને બોલાવવામાં આવી હતી. ફાયરબ્રિગેડે બાળકને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ કોઈ કારી ફાવી ન હતી. સ્થાનિક તરવૈયાઓની પણ મદદ લેવામાં આવી હતી. છેવટે બાળકનો મૃતદેહ જ મળ્યો હતો અને તે પણ સ્થાનિક તરવૈયાઓની અથાક મહેનતના કારણે મળ્યો હતો. કિશોર ડૂબી જવાના પગલે તરત જ નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને મોતને ભેટ્યો હતો. કિશોર સાતમાં ધોરણમાં અભ્યાસ કરતો હતો. સગીર પુત્રના મોતથી કુટુંબ શોકમાં ગરકાવ થઈ ગયું છે. માના આંસુ સૂકાતા નથી, પિતા ભાંગી પડ્યા છે. આખા કુટુંબમાં રોક્કળ ચાલી રહ્યા છે. ગામવાસીઓ પણ આ નાના બાળકના મૃત્યુથી સ્તબ્ધ છે. ફક્ત કુટુંબ નહીં આખા ગામમાં શોકનું વાતાવરણ છે.